પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ

તંત્રી
ધીરુ પરીખ



દક્ષિણ ભારતની બે પિત્તળ-પ્રતિમા



વર્ષ તોંતેરમું · માર્ચ બે હજાર

સળંગ અંક

૮૬૭



પુષ્પો અને પંખીઓ

ચીની ચિત્રકલાની આ એક સુંદર કૃતિમાં ઉપરના ડાબા ખૂણે ખડક દર્શાવી કઠોરતાની વચ્ચે પાંગરેલી કોમળ પ્રકૃતિનો સંકેત આપતી ઉપર જમણા ખૂણા પરની અને નીચે ડાબા ખૂણા પરની પુષ્પલચિત ડાળો અને તેના ઉપર ઝૂલતાં પંખીઓ વસન્તાગમનનો ઉત્સવ પ્રકટ કરે છે. ભલે આનો ચિત્રકાર અજ્ઞાત હોય, પરંતુ રંગરૂપે અને શૈલીસ્વરૂપે તે મિંગ વંશ દરમિયાન થઈ ગયેલા ચિત્રકાર લૂ ચીના સમર્થ અનુયાયી ચિત્રકારની જણાય છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૩મું | અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૯૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

અંક ૮૬૩-૬૪હાથમાં લેતાં જ આદત પ્રમાણે પાછળથી થોડાંક પાન માધુકરી સુધી પહેલાં જોયાં અને બર્નાર્ડ શૉના સુવાક્યથી જે આનંદ મળ્યો - મન પ્રફુલ્લિત થયું કે સમગ્ર અંક એકસાથે જ વાંચ્યો અને ક્યાંય એવું ન થયું કે આ ગમતું નથી - રહેવા દઉં. બસ, ત્યારથી જ મનમાં હતું કે કુમાર કાર્યાલયમાં તક મળે તો અંક-૧ પોષ સુદ પુનમ સંવત ૧૯૮૦ જોવો જ અને તેના વાચનના જ અનુસંધાનમાં હૃદયની સાચી લાગણીઓને પ્રકટ કરવી.

'કુમાર' હંમેશ ગમતું રહ્યું છે એટલે જ ગમતાનો ગુલાલ ઉડાડવો ગમે છે. પણ અંક-૧ વખતે તો જન્મ જ નહિ. જ્યારે એ અંક જોવાનું નક્કી કર્યું અને વાંચ્યા પછી એવું પ્રતીત થયું કે ખરેખર વંદનીય રવિશંકર રાવળે જે સંકલ્પ રજૂ કર્યો હતો કે ઊગતી પ્રજાનું માસિક અને તેના અનુસંધાનમાં પ્રથમ ચિત્ર જ અરુણનું હતું તે કાર્ય-સંકલ્પ આજે પણ સાર્થક થયો છે તેવું અહર્નિશ અનુભવાય છે. હવે તો 'કુમાર' એ સાચા અર્થમાં પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સામયિક સિદ્ધ થઈ ચૂક્યું છે.

જે અંક વિષે પ્રતિભાવ આપેલો છે તે પહેલા અંક-૧ વિષે કાંઈક કહું તો અહીં અસ્થાને નહિ લાગે. કારણ કે ૭૫ વર્ષ ઉપરનાને ભાગ્યે જ તે સ્મૃતિમાં હશે અને અન્યોએ તે અંક જોયો ના હોય તેમ પણ બને; જો કે કેટલાંક વાચક જિજ્ઞાસુ અને સંશોધનની ચીવટવાળાં હોય છે છતાં 'માણ્યું તેનું સ્મરણ કરવું' તે ન્યાયે અંકના પ્રારંભમાં જ વાંચનારને સુભાગી આત્મા તરીકે સંબોધીને જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી આ નવીન પ્રવૃત્તિ છે એમ કહ્યું છે.

પ્રથમ પ્રાર્થના, પછી મિજલસમાં મિત્રોનું સંબોધન અને મૂંઝવણ-માર્ગદર્શન માટે નિમંત્રણ, કાલ-આજ-આવતીકાલની વાત. કરસનદાસ મૂળજી વિષેનો ચરિત્ર-લેખ - જેમાં આ વાક્ય તો અમર ગણાય કે 'મોટાની મોટાઈ સમજવાને હૃદય પણ મોટાં હોય, સાંકડાં મનનાં લોકો જ પોતાના મહાપુરુષોને ભૂલ્યાં છે.

કાવ્ય છે ત્રિભુવન વ્યાસનું અને નાનકડી કથાઓ છે જુગતરામ દવેની. કાકા કાલેલકરની, ભવિષ્ય પુરાણ, જેસલ તોરલનું ભજન અને વિવેચન, ફિલિપ અને સિકંદર, બુઢ્ઢો દાદખાં-મશક અને પખાલનો પ્રસંગ, પ્રેરણાદાયક પ્રસંગો, ખબરદારનું કાવ્ય 'હાથ જોડી ના બેસો', કવિ દલપતરામની કવિતા - નમેલી ડોશી ઈતિહાસદર્શનના પ્રસંગો - ધૂમકેતુ દ્વારા લાભશંકર અંબાશંકર ભટ્ટનો લેખ, રસાયણ વિદ્યાના ચમત્કાર, ચંદ્રમાં કોણ રહે છે - હિન્દુ મતે હરણ અને અંગ્રેજ મતે કાંતનારી ડોશીની વાત. માધુકરી તો ખરી જ. જેમાં ઊગતી પ્રજાને મટુભાઈ કાંટાવાળાના ભાષણનો ભાગ કે નિરાશાથી કર્તવ્ય ચુકાય છે. કર્તવ્ય ચૂકવાથી જીવન નિષ્ફળ જાય છે. કામ એ જ પૂજા. સપ્ત કામમાં પણ પ્રવૃત્તિના દાખલા નાનાલાલ-ગાંધીજી-ખબરદાર વગેરેના. સુખડ ઘસાય તો જ મહેક આવે, કષ્ટસાધ્ય હોય તે જ કળા, તે જ સાહિત્ય, તે જ નીતિ, રમણભાઈના લેખો.

અભ્યાસક્રમમાં કાંઈ આખી દુનિયા સમાતી નથી. થોડો વખત કાઢી બહારનાં વાંચન, મનન અને સ્વપ્નાં પાછળ સમય કાઢવો. પરિશ્રમ અને ત્યાગના દાખલાઓ બાલ્ડવિન, નેહરુ મોતીલાલ, દેશબંધુ જમનાલાજીની આ દશા? ઈરાનની વાત, કુદરત અને માનવી બંને તેની દુર્દશા માટે જવાબદાર. મૌલાના શૌકતઅલીનો જેલનો પ્રસંગ તો અદ્ભુત છે. માવો ભંગી ગાંધીજીની વાત ઉપર હસતાં હસતાં ફાંસીએ ચઢ્યો તે પ્રસંગ.

અંક પૂરો થવામાં હતો ને મિ. એરૂંડેલ અને ઊગતી પ્રજાનું પ્રવચન થયું તેનું કુમારો માટેનું વર્ણન. તંત્રીની પણ બાંહેધરી કે હવે તેઓ કુમારોનું કામ કરતાં લોકોનો પરિચય આપશે. 'પૂછો તંત્રીને' નામનો વિભાગ શરૂ કરવાની જાહેરાત અને તેનું આયોજન. વાચકોની પણ સામેલગીરી. છેલ્લે પાને ચિત્રો વિષે અભિપ્રાય આપવાનું સૂચન. જાહેરાત હાજીમહમદ સ્મારકગ્રંથની, છપાયું નવજીવન મુદ્રણાલયમાં.

સમગ્ર અંકમાં ફોટો પ્લેટ તો ખરી જ. લેખોમાં પણ ચિત્રો તો હોય જ. પણ વિશેષ તો 'કુમાર'ના સાચા પહેલા તંત્રીઓ કોણ તેમ કહી સરસ ઋણ સ્વીકાર. માત્ર ૧૪થી ૧૪॥ વરસની વયના ભાવનગરના અનંત અને ઉપેન્દ્રે હાથે લખીને ચીતરીને 'કુમાર' શરૂ કર્યું હતું. અનંત ચિત્રકાર, ઉપેન્દ્ર પંડિત અને તેઓ પોતાના દાદા-નાના પાસેથી પ્રેરણા મેળવતા; પછી દિવાળી અંક માટે મિત્રોને ચિત્રો અને લેખો માટે નિમંત્રણ અને એ અંક તેમાંથી પ્રેરણા લઈને કુમારો માટેના છાપેલા માસિકનો વિચાર આવ્યો તેના ઋણસ્વીકારનો આનંદ તંત્રીશ્રીએ સરસ રીતે રજૂ કર્યો છે કે તેઓ 'કુમાર'ના પહેલા તંત્રીઓ છે.

તે સમયે કુમાર દર મહિનાની પૂનમે પ્રકટ થતું અને લવાજમ વરસના છ અને છ મહિનાના ત્રણ રૂપિયા હતું.

કદાચ કુમારના વાચકો અને મારા જેવા ચાહકોને લાગશે કે આ લંબાણ થયું પણ આજથી પંચોતેર વરસ પહેલાં જે ભાવના, આદર્શ અને હેતુને ધ્યાનમાં રાખીને આ માસિક શરૂ કરવામાં આવ્યું તે ભાવના અને આદર્શ સંવર્ધક થયાં છે તેની પ્રતીતિ અત્યારે પણ થયા કરે છે. ભલે યુગ બદલાયો, વિસ્મયકારી પરિવર્તનો આવ્યાં આ પૂરી થવા આવેલી સદીના ઉત્તરાર્ધમાં તો જાણે સમગ્રતયા મૂલ્યો અને નીતિ અવનતિ તરફ ધસી રહ્યાં હોય તેવું લાગ્યા કરે છે. છતાં આવા ઘરદીવડાઓ તો પોતાના આદર્શો દ્વારા નીતિ અને મૂલ્યોને સાચવવા માટેનો ભગીરથ પુરુષાર્થ, આજે પણ આટલા બધા ઝંઝાવાત અને આક્રમણ સામે પોતાના યત્કિંચિત પ્રકાશ દ્વારા ફેલાવી

(અનુસંધાન પૃ.૧૫૯)

રાત્રિ : એક સંવેદન / જયન્ત પાઠક

(હરિણી - સૉનેટ)

દિવસભરની દોડે થાક્યો, ફૂંકે દીપ હોલવી
પડું તિમિરને ઓઢી ખાટે જરા કરું હાશ, ત્યાં
જીરણ ભીંતને ટેકે ઊભા પડું પડું વાસમાં
શરૂ થઈ જતા ચારે કોરે નિશાચરના ધ્વનિ.
દરે ભીતરમાં ઠામે ઠામે મચ્યા મૂષકો કરે
સતત ખણી-ખોદીને ખાડા, સુણું ધૂળ-કાંકરી
ઊડતી, વળી ચૂં ચૂંની વાણી ઝીણી રહું સાંભળી
અરવપદ અંધારું જાણે અહીંતહીં સંચરે!
ઘડીક મહીં તો ખોદાઈને ભીંતો બધી આખરે
ઊતરી જ ગઈ, આખેઆખું અરે ઘર, ભોંયરે.
બચ્યું ન કશુંયે-નિશાની યે રહી ઘરની નહીં.
ભયભીત હું કંપું - આ કોઈ મને કરમાં ગ્રહી
નિશિત દશને અંગેઅંગો રહ્યું કરકોલતું
કરડતું ફૂંકી ફૂંકી; ઊંડા દરે ઘસડી જતું...

શિશિરાન્તે / મનહર જાની

(ગઝલ)

ધૂળભર્યાં પગરવની ભેળી
સરી જતી શમણે વનકેડી.
પાળ ઉપરથી ઊતરી હેઠી
તલાવડી તરભેટે બેઠી.
ખર્યાં પાંદની ખખડે બેડી
ઝરઠ ઝાંખરે ફરે લલેડી.
ઢગલો થઈને ઢળી પડી આ
ટેકરીઓ સૌ મેલી-ઘેલી.
અળવીતરા તડકાનું ટોળું
ચડે વાયરે, જળ ઝંઝેડી.
એકલ-દોકલ ટહુકો ઝૂરે
માળામાં સૂનમૂનતા ઘેરી.

પ્રેમની સગાઈ / ચંદ્રહાસ શાહ

(મુક્તક)

માગ્યા વિના જ્યાં મળતી મીઠાઈ
ત્યાં માગવો શે બટકું ય રોટલો?
એવી સદા પ્રેમની છે સગાઈ
જ્યાં અંતરે અંતર ના કદાપિ.

જારના ડૂંડાના સમ / ભાનુપ્રસાદ ત્રિવેદી

(ગાન)

અલી દીધા તેં જારના ડૂંડાના સમ
ને હું પાછો વળ્યો.
આણ દીધી તેં મ્હોરની એવી લ્હેલૂમ
હું તો કાચો કળ્યો!

પાધર રણકાવતા ને ઝાંઝર છણકાવતા
એ વાજણ વંટોળિયા ઊલ્યા,
ઘૂઘર ઘમકાવતા ને ઢોલા ઢમકાવતા
એ ઘમ્મર વડલાય છાંય ભૂલ્યા,
શીદ નમતા બપોરના 'લી ભાગ્યા ભરમ?
હું તો રૂહે રૂહે છળ્યો! - અલી.

ચૈતરની હાર હાર, તેતરને તાર તાર
ગંઠાણા બાર બાર ગાંઠા,
કોતરની ધાર ધાર, જોતરની આરપાર
વંકાણા વાર વાર કાંઠા,
બોલ વેર્યા રતુંબડા, ન તોયે કૈં ગમ,
હું તો અમથો ગળ્યો! - અલી.

ચાવળ કે નાગળના નાતાની લાજ શી?
ભાગળની ફાળ-ઝાળ ઠેલી,
આવળ કે બાવળ કે બોરડીની દાઝ શી?
હાવળની આળપાળ મેલી,
અલી ફૂંક્યો તેં કાનમાં એવો મરમ
હું તો રગરગ ફળ્યો! - અલી.

મનના મૌન કિનારા / નિર્મિશ ઠાકર

(ગાન)

વેરણછેરણ થઈ ખૂટ્યા જ્યાં શબ્દોના સથવારા
મલકાયા-છલકાયા ઝિલમિલ મનના મૌન કિનારા.

શૂન્ય કહ્યું તે આમ અચાનક આભ મહીં ના માતું,
ખ્વાબ ઉઘાડે વાન, મેઘના સાત રંગ લઈ ન્હાતું,
નજરુંનાં તોરણમાં ઝૂલે તારા તારા તારા,
મલકાયા-છલકાયા ઝિલમિલ મનના મૌન કિનારા.'

રવ તો જાણે દૂર દૂર થઈ સાવ ભૂંસાતી ધરતી,
એકલતાને આભ ચડીને પાંખ દૃશ્યની તરતી,
બુંદ એ જ છલકાતું લાગે ધારા ધારા ધારા,
મલકાયા-છલકાયા ઝિલમિલ મનના મૌન કિનારા.

રાત્રિ : એક સંવેદન કોઈ જૂનાપુરાણા આવાસમાં કાવ્યનાયકને રાત્રિ ગાળવાનું બને છે ત્યારે ત્યાં પડું પડું વાસમાં નિશાચરોનો ધ્વનિ, મૂષકોની દોડાદોડી અને ખણખોતર - આ બધું સાંભળતાં તે નાયકને એમ લાગે છે કે જાણે તે જીર્ણ આવાસની ભીંતો ભોંયરામાં ના ઊતરી જતી હોય! આ દુઃસ્વપ્ન-શી અનુભૂતિનો અંગેઅંગે કંપ જાગે છે. ગૂઢ ભયની અનુભૂતિ કરાવતું વાતાવરણ આ સૉનેટમાં અનુભવી શકાશે. જારના ડૂંડાના સમ : કોઈ સખીએ જારના ડૂંડાના સમથી આપેલા કોલનું આ ગ્રામપરિસરયુક્ત પ્રણયગીત એના ભાવસંવેદન જેટલું જ વાતાવરણથી પણ ભર્યુંભર્યું છે. ચાવળ = બીજ ઓરવાનું સાધન, નાગળ = હળને ધૂંસરી બાંધવાની રાશ, હાવળ = જામેલી રાતના ભજનનો એક પ્રકાર. શિશિરાન્તે : સવૈયાના લયમાં ઢાળેલી આ ગઝલમાં શિશિરના પ્રાકૃતિક વાતાવરણને જુદી જુદી કલ્પનાવલીથી ચિત્રિત કરાયું છે. પાંચમા શેરમાં અળવીતરો તડકો વાયરા પર સવારી કરે છે અને જળને ઝંઝેડી નાખે છે તેમાં દૃશ્યશ્રાવ્યકલ્પનનો આનંદ માણી શકાશે. મનના મૌન કિનારા : આમ તો શબ્દો અભિવ્યક્તિ માટે સમર્થ ગણાય છે. પણ અહીં કાવ્યનાયકનો અનુભવ મૌનનો છે. જ્યારે શબ્દોનો સાથ છૂટી જાય છે ત્યારે મન કેવું મૌનના કિનારે મલકાય છે! આ શબ્દ-શૂન્યતામાં જ મેઘધનુ રચાય છે અને કેવળ દૃષ્ટિનાં તોરણોમાં બધું ઝૂલીઝૂમી રહે છે. મૌનનું આ ક્ષણબિન્દુ જ જાણે અવિરત ધારાનો અનુભવ કરાવી જાય છે તેને 'ધારા' શબ્દની ત્રિરુક્તિ દ્વારા માણી શકાશે. પ્રેમની સગાઈ : પ્રેમમાં કશું માગવાનું હોતું નથી; કારણ કે બે અંતર વચ્ચે અંતર જ ક્યાં હોય છે? - ધી.પ.

સૂત્રસાર

પીડા પ્રત્યે જ સમભાવ ના હોય ત્યારે?

રાધેશ્યામ શર્મા

> દુ:ખ સિવાય હું હરેક વસ્તુ
> તરફ સમભાવ રાખી શકું છું.
> ઑસ્કર વાઈલ્ડ

કેટલાક વિચારકોની વાણી અવળ વાણી તરીકે જ પૂરબહારમાં ખીલી શકે. એમની અવળ વાણીમાં મૌલિકતા, વક્રતા કે કથનગત તિર્યકતાનું અજીબોગરીબ મિશ્રણ સધાયું હોય છે.

વ્યંજના સાથે વ્યંગ્યની સામગ્રી પણ અલ્પ નથી હોતી, તેથી સાદી અને સીધી વાણી કરતાં ઊલટ બાનીની ધાર તીવ્ર અને તીક્ષ્ણ પ્રતીત થયા વગર રહેતી નથી.

બર્નાર્ડ શૉ, બર્ટ્રાન્ડ રસેલની હરોળમાં ઑસ્કર વાઇલ્ડની પણ નામના છે.

પોતાને પમાયેલા સત્યની રજૂઆત વાઈલ્ડ તદ્દન તીરછી રીતે કરી શકવામાં સમર્થ રહ્યો છે.

ઘણી વાર તો કહેવાનું હકારમાં હોય એને નકારરૂપે અને નકારમાં રજૂ કરવાનું હકારરૂપે પ્રસ્તુત કરવાની પ્રવિધિ પણ અજમાવતાં તે અચકાતો નથી. ક્યારેક તો આવા લોક પક્ષમાં, તરફેણમાં છે કે વિરોધમાં છે એની ખબર નથી પડતી. સંદર્ભ ઉપરથી જ એની ખાતરી મળે.

અહીં વાઇલ્ડ, એક પ્રકારનું 'વાઇલ્ડ' વિધાન જ કરી બેઠો છે. હરેક વસ્તુ તરફ મારી સહાનુભૂતિ છે, માત્ર દુઃખપીડા પ્રત્યે નહિ!

આપણને થાય કે વેદના-યાતના પ્રત્યે જ સમભાવના હોય એવી સહાનુભૂતિનો શો અર્થ? પણ વાઇલ્ડ કઠોર અને નઠોર થઈને કહે છે કે, માનો યા ના માનો મને દુ:ખ, સંકટ સિવાય જગતની તમામ વસ્તુસ્થિતિ પ્રતિ સમભાવ છે.

આપણને ગમે કે ના ગમે, એની સ્પૃહા રાખ્યા સિવાય પોતાની પ્રતીતિને આવી બૌદ્ધિક પ્રામાણિકતાપૂર્વક સચોટ ભાષાના માળખામાં રજૂ કરવાની હિમ્મત ઑસ્કર વાઇલ્ડને ધ્યાનાર્હ બનાવે છે. આવા વિવાદાસ્પદ વિચારકોમાં ઓશો રજનીશ અને નીરદ ચૌધરી પણ આવે!

સૂત્રનો મર્મ બેધારો છે. હરેક વસ્તુ તરફ સમભાવ રાખી શકવાની કબૂલાત પછી પૂછવાનું મન થાય કે હરેક વસ્તુમાં શું દુ:ખનો સમાવેશ ના થઈ જાય?

બીજો મુદ્દો એ કે સૂત્રમાં કોના દુ:ખની જિકર કરી છે? પોતાના દુ:ખની કે પારકાના દુ:ખની? સહાનુભૂતિ કે સમભાવ પોતાના દુ:ખ પ્રત્યે નથી રાખી શકાતો કે અન્યના દુ:ખ પરત્વે?

વિધાયક, રચનાત્મક અર્થ એવો પણ લઈ શકાય કે દુ:ખ-માત્ર તરફ એને સહાનુભૂતિ નથી, મતલબ કે દુઃખને હું સહન કરી શકતો નથી, ચાહે તો દુ:ખ પોતાનું હોય કે પરાયું! પણ આમ તો આપણી ન્યાયબુદ્ધિ જ મનાવે, બાકી વાઇલ્ડનાં નાટ્યપાત્રો પણ એની વિચિત્ર વાણીનું પ્રતિનિધિત્વ કર્યા વગર જંપતાં નથી, જંપે નહીં.

કેમ કે અન્યત્ર આને મળતું જ એક વાઇલ્ડવિધાન છે : 'હું પ્રલોભન સિવાય હરેક વસ્તુનો પ્રતિકાર કરી શકું છું.' હવે જેને ખાળવાનું છે એ પ્રલોભનનો જ પ્રતિકાર ના કરે તો પછી પ્રતિકારનો શો મતલબ? પ્રતિકાર ના કર્યા બરાબરનો જ ગણાય. હરેક વસ્તુમાં પ્રલોભન-લોભ-લાલચનો સમાવેશ ના કર્યો, અને એને અપવાદમાં તાણી ગયા એવી અવળમતિની કા ગતિ?

એ દૃષ્ટિએ દુઃખ તરફ ખાસ કરીને પારકાની પીડા પરત્વે તમે સમભાવથી કે સહાનુભૂતિપૂર્વક ના પ્રવર્તી શકો તો એ સમાનુભુતિને સહભાવ યા સમભાવ પણ કહેવાય ખરો?

રામકૃષ્ણ પરમહંસ માટે તો ઠીક પણ મૂર્ધન્ય વાર્તાકાર ચેખોવ માટે પણ કથા પ્રચલિત છે કે કોઈ ખલાસી વહાણ પરના ગુલામ જેવા મજૂર માણસને ચાબૂક ફટકારતો હતો અને સોળ જાણે ચેખોવના બરડે ઊઠતા હોય એમ ચીખી ઊઠ્યો હતો!

વૈષ્ણવજનની મહાત્મા ગાંધીપ્રિય વ્યાખ્યામાં 'પીડ પરાઈ જાણે રે' પંક્તિ મહત્ત્વની છે. પોતાની પીડની પરડ મૂકી દઈ પારકાની પીડાને પોતાની માની પ્રવર્તે ત્યાં સમભાવ, મમભાવ સુધી પહોંચી શકે., ભલે ને મનોવિશ્લેષકો પછી એને સબકૉન્શસ સેલ્ફપિટી (જાતદયા)માં ખપાવે! □

૧૦૦ ગ્રાહકોને અર્ધા લવાજમે 'કુમાર'

'કુમાર'ના ચાહક સંસ્કાર પરિવારના શ્રી વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા મળેલા અનુદાનમાંથી **૧૦૦ નવા ગ્રાહકોને** અર્ધા લવાજમે એટલે કે માત્ર **રૂ.૭૫**માં એક વર્ષ માટે 'કુમાર' મળી શકશે. વહેલો તે પહેલો એ ધોરણે ૧૦૦ ગ્રાહકો પૂરાં થતાં આ યોજના બંધ થશે. આપનું લવાજમ માત્ર **રૂ.૭૫ 'કુમાર કાર્યાલય લિ.'**, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ એ સરનામે મનિ ઑર્ડરથી અથવા **'કુમાર કાર્યાલય લિ.'**ના નામના ડ્રાફ્ટથી મોકલી આપો.



પ્રાણસુખ એડિપોલો

— દિનકર ભોજક —

ગુજરાતી રંગભૂમિ પર નાટકમાં નાયક-નાયિકાની સાથે ખલનાયક પણ રહેતો. ખલનાયકનું કામ કપરું છે; કારણ કે એણે ખરાબ માણસ બની પ્રેક્ષકોની નફરત જીતવાની હોય છે. આ કામ અભિનય સંદર્ભે મહેનત અને દૃષ્ટિ માગી લે છે. આજથી આશરે વીસમી સદીના પહેલા દાયકામાં પોતાની લાક્ષણિક અને મૌલિક અભિનયશૈલીના કારણે જાણીતા થયેલા પ્રથમ શ્રેણીના કલાકારોમાં એડિપોલો ગુજરાતી રંગભૂમિ ઉપર પોતાની ભૂમિકાથી પ્રવેશ પામે, એ પહેલાં યાંત્રિક કરામતો, જાદુઈ ફાનસ, ઊડતો મહેલ, ઊડતો પલંગ આ બધું તો પારસીઓ મુંબઈના ગ્રાન્ટરોડ થીએટર અને બીજાં થીએટરોમાં લાવી ચૂક્યા હતા. કુંવરજી નાઝરે પણ સને ૧૮૬૧-૬૨ની આસપાસ રંગમંચ પર હેરતભરેલી દુનિયા ઊભી કરેલી. નાટ્યકાર મણિલાલ પાગલના નાટક 'રાજા શંભાજી' (૧૯૨૪)માં ઉમતાના અભિનેતા મૂળજી ખુશાલ જીવંત ઘોડા પર સવાર થઈ પ્રવેશતા. દિલધડક દૃશ્યોનો એ જમાનો હતો. હૃદયને હચમચાવી મૂકે એવો ખલનાયકનો અભિનય મોહન લાલાએ મૂળશંકર મૂલાણીના 'સૌભાગ્ય સુંદરી' (૧૯૦૧) નાટકમાં માધવ બની અને પછી પ્રભુલાલ દ્વિવેદીના 'એક અબળા' (૧૯૨૭) નાટકમાં બિહારી બની કરેલો. ચકચૂર હાલતમાં તેઓ રંગમંચ પર પ્રવેશતા. જુલ્મી પતિ એટલે મોહન લાલાજી. ખલનાયકની શ્રેણીમાં લાલજી નંદા, મોતીરામ નંદવાણા, રતનશા સિનોર, ચૂનીલાલ નાયક (વડીલોના વાંકે), ચંપક લાલા જેવા ઘણા નટો હતા.

ચિત્રપટ સૃષ્ટિનો વિચાર કરીએ તો સને ૧૯૧૩માં દાદાસાહેબ ફાળકેએ હરિશ્ચંદ્રથી મૂંગી ફિલ્મોનો પ્રારંભ કર્યો. સને ૧૯૩૧માં અરદેશ ઈરાનીએ 'આલમઆરા' નામનું પ્રથમ બોલપટ મુંબઈમાં રજૂ કર્યું. સમાંતરે ચાર્લી ચેપ્લીન અને અન્ય અંગ્રેજી મૂકચિત્રો પણ રજૂ થતાં. એટલે મુંબઈમાં સને ૧૮૫૩માં જન્મેલી ગુજરાતી રંગભૂમિએ ઓગણીસમી સદીના મધ્યાહ્નેથી તે વીસમી સદીના પ્રારંભનાં થોડાંક વર્ષોમાં રંગમંચ અને ચલચિત્રનો સારો એવો અનુભવ અભિનય સંદર્ભે મેળવ્યો.

ખલનાયકનો વિચાર કરીએ તો ફિલ્મ 'અમૃતમંથન' (૧૯૩૪)માં ચંદ્રમોહનની માત્ર બે આંખ પડદા પર આવતી અને જે પ્રભાવ ઊભો કરતી એનું સ્મરણ ઘણાને હશે. બૉમ્બે ટૉકિઝમાં કામ કરતો શાહનવાઝ અભિનેતા તરીક પ્રભાવશાળી અને લાક્ષણિક ખલનાયક હતો. જીવન, સાયાણી, તીવારી, જયંત, કનૈયાલાલ, મદનપુરી, પ્રેમ ચોપ્રા, સારા ખલનાયકો હતા. તાજેતરમાં જ જેમનું ૯૧ વર્ષની વયે નિધન થયું તે કે.એન.સિંગની આંખો ઊંચી કરી ભવાં ચડાવવાની રીત, પ્રાણની સિગારેટ પીવાની અને ધુમાડાનાં ગોળગોળ ચક્કર કાઢવાની રીત ઘણાંને યાદ હશે. આ જ શ્રેણીના ગુજરાતી રંગભૂમિના એક કલાકાર એટલે હાલ વિસનગર તાલુકામાં આવેલા ઉમતા ગામના પ્રાણસુખ એડિપોલો.

આજે પણ ઉમતાના વજીફિયાના માઢમાં એમનું ઘર નિર્જીવ-નિશ્ચેતન હાલતમાં ઊભું છે. આજે નથી એડિપોલો કે તેમનો પરિવાર. આમ તો કલાકારનું જીવન દર્દભરી કહાની છે. કુંદનલાલ સાયગલથી માંડી સંગીતકાર મદનમોહન, મોહન લાલાથી માંડી પ્રાણસુખ એડિપોલો - આ બધા જાણે-અજાણે કશુંક ન સમજાય એવું, સહન ન થાય એવું, તીવ્ર સંવેદન અનુભવતા. એમાંથી છૂટવા એમણે શરાબનો આશ્રય લીધેલો. શરાબે એમને હંગામી આશ્વાસન આપ્યું હશે! આખરે તો શરાબ જ આ બધાને પી ગયો. આ લેખમાં ગુજરાતી રંગભૂમિ પર પોતાના બેનમૂન અભિનયથી લાખો પ્રેક્ષકોને ડોલાવી ગયેલા પ્રાણસુખ હરિચંદ નાયક ઉર્ફે પ્રાણસુખ એડિપોલો વિશે થોડુંક કહેવું છે.

ગુજરાતી રંગભૂમિ પર કેટલાક કલાકારો પોતાની ભૂમિકાથી સુખ્યાત થયા છે. અને એ ભૂમિકાને કારણે જીવનભર તેઓ પોતે ભજવેલી યશસ્વી ભૂમિકાના હુલામણા નામે ઓળખાયા છે. પણ પ્રાણસુખભાઈએ એક પણ નાટકમાં 'એડિપોલો'ની ભૂમિકા ભજવી નથી. એમના જમાનામાં તેઓ મૂકચિત્રો જોતા. તેમાં અંગ્રેજી અભિનેતા એડિપોલોનું કામ એમને બહુ



'જાલીમ ટુલિયા' નાટકમાં એડિપોલો (ઈ.૧૯૧૨)

ગમતું. આ અભિનેતાની ચાલ, એની પદગતિ (ફૂટવર્ક), એની વિવિધ ગતિસ્થિતિમાં ઊભા રહી અદા બતાવવાની છટા, બોલવાની લઢણ અને ઠસ્સો આ બધું એમણે ગુજરાતી રંગભૂમિ પર પોતાની રીતે અવતાર્યું હતું. એક પ્રસંગ નોંધવા જેવો છે. મુંબઈમાં સને ૧૯૧૩માં મોતીરામ નંદવાણાની આર્ય નીતિ દર્શક નાટક સમાજ નામની મંડળી હરિહર દીવાનાનું 'બોલતો કાગળ' નામનું નાટક ભજવતી હતી. આ નાટક લોકોને ખૂબ ગમેલું. નાટકની લોકપ્રિયતા સાંભળી વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા અને હિંદના વાયસરોય નાટક જોવા આવેલા. આ નાટકમાં પ્રાણસુખ રણધીરની ભૂમિકા કરતા. પ્રાણસુખની રંગભૂષા, વેશભૂષા અને વિવિધ અદાથી સિગારેટ પીવાની અદ્ભુત છટાથી નાટક જોવા આવેલા વાઇસરોયે પ્રાણસુખની સરખામણી એડિપોલો નામના મહાન નટ સાથે



'સત્તાના મદ' નાટકમાં એડિપોલો (ઈ.૧૯૨૮)

કરેલી. આખી મંડળીએ આ વાત તાળીઓથી વધાવી લીધેલી. આ પ્રસંગ જોઈ પ્રાણસુખે હળવાશથી વિનંતી કરતાં કહ્યું, 'સાહેબ, એડિપોલો તો બબ્બે રિવૉલ્વર રાખતો' અને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર વાઇસરૉયે પ્રાણસુખને બે રિવૉલ્વર રાખવાની છૂટ આપેલી. આ બંને રિવૉલ્વર ઘણા સમય સુધી એમની પાસે રહી. એ પછી પ્રાણસુખ 'એડિપોલો' તરીકે પ્રખ્યાત થયેલા.

નામ પ્રાણસુખ હરિચંદ નાયક. વતન ઉમતા. જન્મ સંવત ૧૯૪૨ની સાલના મહા સુદમાં પાલનપુર રાજયના તાબાના નાનકડા જિડાસણ ગામમાં અછારામ રાયચંદના ઘેર મોસાળમાં. માતાનું નામ જીવીબા. તેઓ દોઢ વર્ષના થયા ને એમનાં માતા સંવત ૧૯૪૩ના શ્રાવણ માસમાં ગુજરી ગયેલાં. તેઓ મોસાળમાં ઊછરીને મોટા થયેલા. અભ્યાસ વાંચી-લખી શકે એટલો. એમની પત્નીનું નામ લક્ષ્મીબહેન હતું. એમને આઠ દીકરી અને ચાર દીકરા હતા. પણ એમના અંતિમ સમયે એમનાં પત્ની સિવાય કોઈ હયાત નહોતું!

એડિપોલોના હસ્તાક્ષરમાં સોળ પાનાની એમના જીવન વિશેની વાસ્તવિક હકીકત પ્રાપ્ત થઈ છે. એમનું પ્રારંભનું જીવન સંઘર્ષમય હતું. નટ તરીકે સર ઑલિવર લૉરેન્સે ઑથેલો કે ઇયાગો ભજવતાં જે દષ્ટિબિંદુ રજૂ કર્યું છે એ અહીં નથી. અભિનેતાની તૈયારી 'એન ઍક્ટર પ્રીપેર્સ' પાત્રની સમજ કેવી હોય એનો થોડોઘણો અંદાજ જયશંકર સુંદરીએ એમની



સુકીર્તિત નટ મા. મોહન લાલા (૧૯૨૭)



સુપ્રસિદ્ધ ખલનાયક 'સાવાણી'



મગનલાલ શામચંદ નાયક : 'માસ્ટર [illegible]' →

આત્મકથામાં આપ્યો છે.

એડિપોલોની સૌપ્રથમ સર્વમાન્ય અને સુંદર ભૂમિકા તે 'સરસ્વતીચંદ્ર' (૧૯૧૨)ની દુષ્ટરાયની ભૂમિકા. સરસ્વતીચંદ્ર નવલકથાને નાટ્યદેહ આપ્યો છોટાલાલ રુખદેવ શર્માએ. આ નાટકના દિગ્દર્શક પ્રાણસુખ એડિપોલો હતા. આ નાટક પ્રથમ સુરત સ્ટેશન સામેની વાડીમાં અને પછી મુંબઈ કાલબાદેવી રોડ પર આવેલા શ્રી દેશી નાટક સમાજના રંગમંચ પર ભજવાયેલું અને ખૂબ સફળ બનેલું. નાટકની હસ્તપ્રત ક્યાં? આ નાટકમાં શઠરાયની ભૂમિકા મોતીરામ બેચર નંદવાણા ભજવતા. એમનો કરડો અવાજ, ભરાવદાર ભવાં, સામે જોતાં ભય ઉપજાવે એવો દેખાવ, હાથમાં રાખેલા કાગળના બંડલમાં છુપાવી રાખેલી નાની છરી, આની સામે એડિપોલો દુષ્ટરાય તરીકે ધીમે ધીમે પગલાં ભરતા ભરતા આવતા અને સૌને તુચ્છ ગણતા હોય એવું પાત્રનું સ્વભાવદર્શન કરાવતા. આ બંને નટોની વાઘ-વરુ જેવી જોડી જ્યારે ઉત્તેજનાપૂર્ણ સંવાદ રજૂ કરતી અને વિવિધ આંગિક ચેષ્ટાઓથી પ્રેક્ષકાલયને ગજવતી ત્યારે તાળીઓના ગડગડાટ થતા. અભિનયનું આ જબરજસ્ત દ્વંદ્વ હતું. આ બેમાંથી કોઈ એકબીજાને મચક આપતા નહિ. એડિપોલોની કારકિર્દી આ સમયે ટોચ પર હતી. એડિપોલો મહેનતુ હતા અને દશ્ય ગોઠવણી સાથે પાત્રોને તાલીમ પણ આપતા. કંપનીના તે સૂત્રધાર હતા. એમણે સારા નાટક વિશે જે નોંધ કરી છે એ યાદ રાખવા જેવી છે. તેઓ નોંધે છે કે, 'એક આંધળા માણસને અને એક બહેરા માણસને, બંનેને નાટક જોવા બેસાડો. એકને આંખ નથી. એટલે એ ભાષાથી નાટક જુએ છે. એકને કાન નથી એટલે તે ભાવથી નાટક જુએ છે. આ બંને નાટકને સમજે ત્યારે માનવું કે નાટક સારું ભજવાયું છે. સાચા અદાકારની ખૂબી આમાં રહેલી છે - જે ભાષા અને ભાવ બંને સ્પષ્ટ કરી શકે.' આ એમની કોઠાસૂઝ, હૈયાસૂઝ અને અનુભવને આધારે નીપજેલું એમનું દૃષ્ટિબિંદુ છે. કવિઓ ને કલાકારો જન્મે છે. એ મોટે ભાગે બનતા નથી. એનું ઉદાહરણ પ્રાણસુખ એડિપોલો પણ હતા.

એમણે ગુજરાતી રંગમંચ પર એ જમાનાની સુખ્યાત નાયક મંડળીઓમાં વૈવિધ્યસભર નિરનિરાળી ભૂમિકાઓ ભજવી છે. એમને અમે ઈ.સ.૧૯૫૦-૫૧માં જોયેલા. આશરે સાડાપાંચથી છ ફૂટની ઊંચાઈ, પડછંદ અને પ્રભાવશાળી શરીર, આંખો સતત બોલકી, ચહેરો ભાવપૂર્ણ. એ વખતે એમણે ધોળા વાળ પર લાલ મહેંદી મૂકેલી. પ્રથમ દૃષ્ટિએ કોઈ વિશિષ્ટ વ્યક્તિની સમીપ આપણે ઊભા છીએ એવું સતત લાગ્યા કરે. અવાજ ઘેઘૂર, ચહેરો જાણે મોટો, રંગભૂમિની દુનિયાના એક યશસ્વી કલાકારનું આ દર્શન આજે પણ અમને ભીંજવે છે. એમનું વ્યક્તિત્વ જોતાં એમણે કરેલી ભૂમિકાઓ કેવી યથાયોગ્ય હતી એનું થોડુંઘણું માપ નીકળે છે. 'ઉમાદેવડી' (૧૮૯૯)માં બહેવરખાન, 'દાનવ મોહિની' (૧૯૧૬)માં ઘટોત્કચ, 'જાલીમ ટુલિયા' (૧૯૧૨)માં કોલેટાઈન, 'બોલતો કાગળ'માં રણધીર, 'પરશુરામ'માં પરશુરામ, 'સૌરાષ્ટ્ર વીર' (૧૯૨૬)માં ભાથી લૂંટારો, 'સતી દ્રૌપદી' (૧૯૧૮)માં દુઃશાસન, 'વીર કેસરી'માં સિકંદર, 'સત્તાનો મદ' (૧૯૨૮)માં બૃહદ્રથ બની રંગભૂમિને સતત ગજાવતા અને પ્રેક્ષકોની બેહદ પ્રશંસા પ્રાપ્ત કરતા.



બૉમ્બે ટૉકિઝના સૌપ્રથમ ખલનાયક શાહનવાઝ

એમની દરેક ભૂમિકાનું સ્થાન નિરાળું છે. બધી ભૂમિકાઓ ઘણીબધી રીતે જુદી છે. એ ભૂમિકા ભજવતા ત્યારે ભૂમિકાનું નાટકમાં સ્થાન, વ્યક્તિત્વ, સ્વભાવદર્શનનો વિચાર કરતા એટલું જ નહીં, પરંતુ દરેક ભૂમિકા ભજવતી વખતે પાત્રના સ્વભાવ અને દરજ્જા પ્રમાણે ચાલ બદલતા,

આંગિક અભિનય બદલતા, ગતિસ્થિતિ બદલતા. વેશભૂષા પાત્રને બરોબર અનુરૂપ કરતા. એમની બે કે ત્રણ તસવીરો જોતાં અને એમના વિશે રંગભૂમિ-રસિયાઓએ જે કંઈ કહ્યું છે એ વિચારતાં એમ લાગે છે કે આ અભિનેતાએ એમના જમાનામાં સ્ટેનિસસ્લાવસ્કી, બર્ટોલ્ત બ્રેખ્ત કે ભરત મુનિ નહિ વાંચ્યા હોવા છતાં આત્મસૂઝ, અવલોકનથી રંગમંચ પર જે કંઈ રજૂ કર્યું એ ખરેખર પ્રશંસાપાત્ર હતું. જેને આપણે રંગમંચ પર ફૂટવર્ક કહીએ છીએ એની સહજ સૂઝ, રંગભૂષા કે વેશભૂષા સજવાની આગવી શૈલી આ અભિનેતામાં ઘણી ઊંડી હતી. એ રંગભૂમિ પર 'ટાઈપ' થયા નથી. માટે એ સ્પેશ્યલ રહ્યા છે.

શ્રી દેશી નાટક સમાજના 'સત્તાનો મદ' (૧૯૨૮) નાટકમાં એમણે કરેલી બૃહદ્રથની ભૂમિકા વિશે નાટકના લેખક પ્રભુલાલ દ્વિવેદી આ પ્રમાણે નોંધે છે :

'શ્રી પ્રાણસુખ એડિપોલો ગુજરાતી રંગભૂમિ પર એક નિપુણ અને સૂઝવાળા કલાકાર હતા. 'સત્તાનો મદ'માં ઝેર પીવાનો પ્રસંગ આવે છે. એ પ્રસંગ વખતે પ્રાણસુખની અદાકારી સોળે કળાએ ખીલતી. એમની વેશભૂષા, ઊભા રહેવાની રીત અને પ્રભાવશાળી વ્યક્તિત્વ, આંખ અને ભવાંનો અભિનય તથા પાત્રને અનુરૂપ ચાલ બદલવાની રીત વ્યવસાયી નાટકની દુનિયાનું મોંઘેરું સ્મરણ છે. 'વીર કેસરી' નાટકમાં તેઓ સિકંદર બનીને આવતા. તા.૧૫-૨-૧૯૩૮ની રાત્રિએ મુંબઈ ગુજરાતી નાટક મંડળીએ એમના લાભાર્થે 'નેપોલિયન' નાટક ભજવ્યું હતું અમદાવાદ ભારતભુવન થીએટરમાં. નાટકમાં ઘણા અસંબધ્ધ પ્રસંગો હતા, પરંતુ એડિપોલો નેપોલિયન બનીને પ્રવેશતા ત્યારે જગત જીતવા નીકળેલા આ સમ્રાટનો ઉત્સાહ, વિજય હાસ્ય પ્રેક્ષાલયમાં સન્નાટો ઊભો કરતું.

ભરતમુનિએ રંગભૂષા, વેશભૂષા, નાટ્ય-ઉપકરણો તથા રંગસજ્જા જેવી નેપથ્યવિધિઓને આહાર્ય અભિનય ગણ્યો છે. નાટ્યધર્મી પ્રેક્ષકો સુધી નાટક પહોંચાડવા માટે આ બધું ક્યાંક ને ક્યાંક જરૂરી છે. આમ તો આહાર્ય અભિનય બાહ્ય પ્રવૃત્તિ છે. પરંતુ નટનું મન, વાણી તથા અંગ એ આંતરિક સામગ્રી છે; કારણ કે તે દેહધારી નટનો પ્રાણવાન ભાગ છે. આહાર્ય અભિનયથી નટની ચેતનાને કશોક અર્થ પ્રાપ્ત થાય છે. વાચિક અને આંગિક અભિનયને પણ નટની સમજ અનુસાર બળ મળે છે.

વ્યવસાયી રંગભૂમિ પર નાટકનું જે ચિત્ર ઊભું થાય છે એ ચોક્કસ પ્રકાર અને પદ્ધતિનું છે. લગભગ એકાંગી પણ છે. નાટકની રચનાશૈલી અને રજૂઆતમાં વિષયવસ્તુને બાદ કરતાં ખાસ ફરક ન હતો. નાટ્યગૃહો મોટે ભાગે શહેરોમાં બાંધેલાં હતાં .નટમંડળી સંપૂર્ણપણે વ્યવસાયી હતી. પ્રેક્ષકો સાનુકૂળ પ્રતિભાવવાળાં હતાં. નાટક મંડળીની ભજવણીનું ધ્યેય એ તમામને સંતોષી ઉપદેશ આપવા તરફનું રહેતું. આમ કરતાં જે કંઈ સિદ્ધ થાય એ હાંસલ કરવાનું હતું. પ્રારંભનું પારસી ગુજરાતી થીએટર - થીએટર ઓવ્ ઈમેજિનેશન કલ્પનાનિષ્ઠ અને પછી કન્વેન્શન એટલે રૂઢિબદ્ધ હતું. નાટ્યધર્મી અને લોકધર્મી પ્રણાલિનું મિશ્રણ હતું. રંગમંચ પર શસ્ત્રપ્રયોગ અને શસ્ત્ર ધારણ કરેલાં પાત્રો પણ પ્રવેશતાં. જાણીતા કથાનકોને કારણે ભાવાભિનયનો રસાસ્વાદ પ્રેક્ષકોને મળતો. સંકેત કે પ્રતીક કરતાં રંગબેરંગી દશ્યો, વેશભૂષાનું આકર્ષણ સમાજના એક વર્ગને હતું. આમાં ઘણાની અલગ ઓળખ હતી. આવી અલગ ઓળખના નાયક, ઉપનાયક, ચરિત્ર કે ખલનાયક તે પ્રાણસુખ એડિપોલો. એમણે ઊભી કરેલી અભિનયશૈલી પાછળથી અન્ય ખલનાયકો માટે અનુકરણીય રહી; બીબાંઢાળ પણ બની. ગુજરાતી રંગભૂમિના એક્શન પ્લે નાટકોને વિશેષ લોકપ્રિયતા બક્ષવામાં એડિપોલોની અભિનયશૈલીએ પણ મહત્ત્વનો ભાગ ભજવેલો. રંગભૂમિ પર દીર્ઘકાલીન યશસ્વી કારકિર્દી પ્રાપ્ત કરનાર આ કલાકારનું ટૂંકી માંદગી બાદ સને ૧૯૫૫માં અડસઠ વર્ષની વયે દેહાવસાન થયેલું. ફ્લેશબૅક થાય છે... અને એક જમાનાના સફળ નાયક, ખલનાયકનો આખો યુગ, આખો સમય જાણે ઝપાટાબંધ ભુલાઈ જાય છે. પાછળ રહી જાય છે એક છાપ. થોડી તાળીઓનો ગડગડાટ અને એમનો સદાબહાર સ્વભાવ અને અભિનય. □

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ (ત્યારે ઇન-ચાર્જ) શ્રી (વ્યંકટ રમણ) વેકંટરામન દ્વારકાધીશ મંદિરમાં દર્શન કરવા આવ્યા. સમય જતો હતો. થોડા મોડા પડ્યા. સાથે રહેલ પ્રધાનશ્રી અરવિંદભાઈ સંઘવીએ (મારા મિત્ર) મારો વિશેષ પરિચય આપ્યો, તો કહે 'માફ કરજો હું મોડો થયો છું. - મંદિરમાં દર્શને આવતાં પહેલાં અહીં આવી બીજી વાર નાહ્યો એટલે મોડું થયું.' દેશનો મોટામાં મોટો માણસ કેટલો નમ્ર હતો! તેમણે ઝભ્ભા નીચે લુંગી પહેરી હતી. જે મંદિરના ફોટા પાડતા હતા, તે રીતે તેમનો ફોટો મારા ફોટોગ્રાફરે ઝડપ્યો. એટલે તેમના અંગતમંત્રી રાજગોપાલે (ગાંધીજીના પૌત્ર) કેમેરો ઝૂંટવી લીધો. હું રામનસાહેબ સામે પ્રશ્નાર્થ નજરે જોઈ રહ્યો; તો તેઓ રાજગોપાલને કહે, 'તેમને કેમેરો પાછો આપો. હું ફોટો લઉં છું તેવો ફોટો શ્રી ગોકાણી હું નિવૃત્ત થાઉં પછી જ વર્તમાનપત્રને આપશે, તમે નચિંત રહો.' પછી મેં તેમને અમારા આકાશવાણી રાજકોટના પ્રતિનિધિ માટે 'સંદેશો' આપવા વિનંતી કરી તો કહે, 'વિશ્વમાં પ્રથમ લોકશાહી શરૂ કરનાર ભગવાન કૃષ્ણને એક હિંદુ તરીકે જ નહિ પણ વિશ્વની મોટામાં મોટી લોકશાહીના અધિપતિ તરીકે મારી આદરભાવના પ્રાર્થના સ્વરૂપે આપવા હું દ્વારકા આવ્યો છું. આ હિંદુનું જ તીર્થ નથી. વિશ્વમાં જે કોઈ લોકશાહીમાં - ગણતંત્રમાં - પ્રજાસત્તાક રાજ્ય પ્રત્યે સન્માન ધરાવે છે તે સૌ દેશી-વિદેશીઓ માટે આ એકમાત્ર લોકતીર્થ છે.'

હા, અહીં વિદેશીઓ દર્શન માટે ખૂબ આવે છે. હું આપણા રાષ્ટ્રપતિની લોકનિષ્ઠાને વંદી રહ્યો. □

વારસો

મેધા ગોપાલભાઈ ત્રિવેદી

વલ્લભરામે ઘરમાં આવી જોડા કાઢ્યા, ધૂળ ખંખેરી કમાડની પાછળ ગોઠવ્યા. પાઘડી ખીંટી પર લટકાવી, બહાર ઓસરીમાં આવી, કાથીના ખાટલામાં પછેડીથી મોઢું લૂછતાં લૂછતાં બેસી પડ્યા. અંગરખું ઉતારી બાજુએ મૂક્યું. હાથ ઊંચા કરી પછેડીથી બગલનો પરસેવો સાફ કર્યો. એક હાથથી જનોઈ પકડી બરડા પર ઘસવા લાગ્યા. જ્યારે જ્યારે વલ્લભરામના મનમાં અશાંતિ થતી ત્યારે ત્યારે આમ જ બરડા પર જનોઈ ઘસવા લાગતા. મનની અશાંતિ સાથે જાત પર પણ ચીડ ચડતી. વહુએ અને બિપિને ના પાડવા છતાં તેમની ઉપરવટ જઈ મુખીને ત્યાં ગયા હતા, અને બધું જ હારીને પાછા આવ્યા. આટલાં વર્ષોનો થાક એકસામટો જાણે આજે જ વર્તાવા લાગ્યો. ત્યાં તો બિપિનની વહુ રસોડામાંથી બહાર આવી લાગલી જ પૂછવા લાગી : 'જઈ આવ્યા? શું થયું?'

તેમણે કાંઈ જવાબ ના આપ્યો. વહુની જીભ ચાલવા માંડી, 'પહેલેથી જ તમને ના કહી હતી. શું જોઈને ગયા હશો? હવે ક્યાં કોઈને આવાં આખ્યાનોમાં રસ પડે છે? સુશીલાએ તો કહ્યું જ હતું કે આ વખતે મુખીનો છોકરો શહેરમાંથી કેસેટ બતાવવાનો છે. ગામનાં છોકરાં તો ક્યારનાં કૂદાકૂદ કરે છે, ત્યારે શાનમાં સમજી જવું જોઈએ ને! મોટા ઉપાડે નાક કપાવા ના ગયા હોઈએ તો?'

ત્યાં તો બિપિન સાઇકલ સાથે ઝાંપામાં દાખલ થયો. બાપાને નીચે મોઢે ખાટલામાં બેઠેલા જોઈ પૂછ્યું, 'શું થયું?' ત્યાં તેની વહુએ જ આગળ ચલાવ્યું, 'થવાનું શું હોય? ના કહી હતી તોય મુખીને ત્યાં આખ્યાન માટે પૂછવા ગયા ને આવ્યા ધોયેલા મૂળાની જેમ પાછા. આટલું સમજાવ્યા તોય એના એ જ.' બબડતી વહુ રસોડામાં ગઈ. વલ્લભરામ બોલવા ગયા, 'મને એમ કે...' ત્યાં તો બિપિને અધવચ્ચે જ રોક્યા અને એકસાથે બોલી ગયો, 'બાપા, હવે જમાનો બદલાઈ ગયો. હવે તો બધે ટી.વી. થઈ ગયા. ટી.વી. પર જાતજાતનું લોકોને જોવા મળે છે, ત્યારે આ તમારી માણ પરનાં આખ્યાનો કોણ સાંભળે? હવે તમે સમજો તો સારું આજેય પેલા મ્યૂઝીઅમવાળા નવીનભાઈ મળ્યા હતા. કહેતા હતા કે આ માણ ને વીંટીઓ મ્યૂઝીઅમને આપશો તો સચવાઈને રહેશે. અહીં ઘરમાં બધો સરંજામ પડ્યો પડ્યો ધૂળ ખાશે. વળી, ૨૦૦૦ રૂપિયા આપવા એ તૈયાર છે. ટ્રસ્ટી સાથે વાત કરી જોઈએ તો કદાચ ત્રણ હજારેય મળે. ઘરમાં પૈસા આવશે તો કામ લાગશે. કેટલી મોંઘવારી વધી ગઈ છે? તેમાં આ રમેશનેય બી.એ. કર્યો છે, પણ ક્યાંય નોકરીનો પત્તો નથી પડતો. નોકરીની અરજીમાં જ કેટલા પૈસા જાય છે? પૈસા આવશે તો તેની અરજીમાં તો કામ આવશે? પછી હવે તમારે જીદ પકડી જ રાખવી હોય તો તમે જાણો.'

વલ્લભરામની છાતીએ ડૂમો ભરાઈ આવ્યો. તે ધીમેથી બોલ્યા, 'સારું ભાઈ, જેમ ઠીક લાગે તેમ કર. નવીનભાઈને કહી દેજે કે આવીને લઈ જાય.' 'કાલે શહેરમાં જવાનો છું તો કહેતો આવીશ.' કહીને બિપિન ઘરમાં ગયો. વલ્લભરામથી મોટો નિઃસાસો નંખાઈ ગયો. તેમને તેમના પોતાના બાપાનું મુખ નજર સામે તરવરવા લાગ્યું. રાત્રે જ્યારે ઓશરીમાં ખુલ્લા આકાશ નીચે ખાટલો ઢાળી સૂતા ત્યારે તો બાપાનો ચહેરો જાણે આકાશમાંથી ઠપકાભરી નજરે તેમને જ નિહાળી રહ્યો હતો. બાપા કહેતા ના હોય, 'અલ્યા વલ્લભ, પેઢીઓથી ચાલી આવતી આ કલાનો વારસો તું સાચવી ના શક્યો? જેણે ખાવા અન્ન આપ્યું, માનમોભો આપ્યાં તેને જ આમ છડેચોક વેચવાની!' વલ્લભરામની આંખ સામે સિનેમાનાં દૃશ્યની જેમ તેમનાં બાળપણનાં દૃશ્યો એક પછી એક દેખાવા લાગ્યાં. આહાહા, શું બાપાનું માન! દૂરદૂરના ગામડેથી આખ્યાન ગાવાનું નાળિયેર આવતું. બાપા ઘણાયને આનાકાની કરતા પણ લોકો એકના બે ના થતાં, બાપા પાસે હા પડાવીને જ જંપતાં.

બાપા જ્યારે આખ્યાન કરવા જતા ત્યારે ગામના ચોકમાં હકડેઠઠ મેદની જામી હોય, તસુભરનીયે બેસવાની જગ્યા ના હોય. બાપાના ગળામાં ફૂલોનો હાર પહેરાવાતો, લોકો પહેલાં ભગવાનની છબીને અને પછી બાપાને પગે લાગતા. માણને પણ ફૂલોના હારથી શણગારવામાં આવતી. બાપા ગણપતિની સ્તુતિ કરી 'નળાખ્યાન' કરતા. તેમની આંગળીઓ જાણે માણ પર નર્તન કરતી. ક્યાંય કોઈ થાપ ખોટી નહિ. તેમના ગળાની મીઠાશ જ કંઈ ઓર હતી. બાપા તેને પણ સાથ આપવાનું કહેતા, અને તે પણ સૂર પુરાવતો, લોકો વાહ, વાહ પોકારી ઊઠતાં. લોકો બોલી ઊઠતાં 'આ વલ્લભના ગળામાંથી યે અમી વરસે છે.' ત્યારે બાપાની છાતી કેવી ગજ ગજ ફૂલતી! બાપા જ્યારે રાજા હરિશ્ચંદ્રની વાત માંડતા ત્યારે તો લોકોની આંખમાંથી ચોધાર આંસુ વહી જતાં. ડબ્બો આખો ચાંદીના રોકડા રૂપિયાથી ભરાઈ જતો. લોકો આપવામાં કોઈ કચાશ ના રાખતાં. ઘરમાં અનાજની તો ક્યાં મણા જ હતી! બાજરી તો બાપા ગાયને જ નીરી દેતા. દૂધ-ઘી તો ખાવ તેટલાં ઓછાં. 'બધું ય ગયું હવે તો' આ બિપિન કહે છે તે વાત સાવ સાચી. આખો જમાનો બદલાઈ ગયો. આ ગયા વર્ષે મુખીએ બે આંખની શરમે તેમને આખ્યાન કરવા બોલાવ્યા તો ખરા, પણ લગભગ અપમાન જ થયું ને! આખ્યાન કરવા બેઠા ત્યારે જ હાજરી તો પાંખી હતી, ને 'સીતાહરણ' વખતે તો માંડ ચારપાંચ જણા હતા. તેમાંય વળી છેલ્લા પદે તો

મુખીના છોકરાએ ફિલમની રેકોર્ડ શરૂ કરી દીધી, એટલે પરાણે તેમણે બધું સમેટી લેવું પડ્યું. વલ્લભરામ પાછા જાતને કોસવા લાગ્યા. ત્યારે જ સમજી લેવું જોઈતું હતું : હવે દિવસો પૂરા થયા. તો મુખીએ સીધી જ મોઢે ના ભણી દીધી તે અપમાન તો ના થાતને! આમેય બાપા ગયા ને સાથે બધીયે જાહોજલાલી લેતા ગયા. તેમની આંખ સામે જ વળતાં પાણી શરૂ થયાં. સામે ચાલીને યજમાનોને યાદ દેવડાવું પડતું, લોકોનાં મન પણ નાનાં થતાં ગયાં, પછી તો ધીમે ધીમે બધાંય ઘર બંધ થવાં માંડ્યાં. આ આજે છેલ્લા ઘરથીયે પરવારી ગયાં. લોકોની વાત ક્યાં માંડવી, પોતાના જ ઘરમાં બિપિનને માણ શીખવવા ઓછાં વાનાં કર્યાં હતાં, પણ શીખ્યો જ નહિને. મેટ્રિક થઈ મુખીની લાગવગથી તલાટીની ઓફિસમાં કારકુન થઈ ગયો. એક રીતે સારું જ થયું, નહિ તો અત્યારે ભૂખે જ મરવાનો વારો આવ્યો હોત ને! તેના છોકરા રમેશને રસ પડતો, તેનું ગળું પણ સાફ છે. ઘણીયે વાર પોતે માણ વગાડતા ત્યારે તેમની પાસે શીખવા બેસતો. હથોટી આવીયે ગયેલી પણ વહુના ડરે પછી બંધ કરી દીધું.

આખી રાત વલ્લભરામે વિચારોમાં પસાર કરી નાખી. બીજે દિવસે બિપિને શહેરથી આવી સમાચાર આપ્યા : 'નવીનભાઈ બે-ચાર દિવસમાં ખબર આપશે.' કેમેય કરીને વલ્લભરામનું મન માનતું ન હતું. બધુંય સમજતા હતા પણ માણ આપવાની વાત આવતાં બાપા આંખ સામે તગતગવા લાગતા. તેમણે બિપિનને મનની વાત કહેવા છેલ્લો પ્રયત્ન કર્યો, પણ બિપિને રીતસરનો ઉધડો જ લીધો, 'જુઓ, પાછા ઢીલા થયા? હવે આની કાંઈ કિંમત નથી. બધું ધૂળ અને ઢેફાં છે. જે કાંઈ આવે તે લઈ લો. નહિ તો તે પણ જશે.' વલ્લભરામ નિરાશ થઈ ગયા. ત્યાં તો ત્રીજે દિવસે ટપાલ આવી. સોમવારે ૪ વાગે મ્યૂઝીઅમવાળા તેમને ત્યાં આવશે. વલ્લભરામનો જીવ અધ્ધર થઈ ગયો. સોમવારને આડે બે જ દિવસ બાકી હતા. ઘરમાં ક્યાંય તેમને ચેન પડતું નહિ. મેડીએ ચડી, વારે વારે ખૂણામાં પડેલી માણ જોઈ લેતા. માણની પાસે જાણે બાપાય ગોઠવાઈ ગયા હોય તેવો ભાસ તેમને થતો. સોમવારના આગલા દિવસની રાત આખીયે અજંપામાં વીતી ગઈ. સવારે વહેલા ઊઠી અંગરખું ને પાઘડી ચઢાવી વલ્લભરામ ઘરની બહાર નીકળી ગયા. ઘરમાં તેમની ગેરહાજરીની કોઈએ નોંધ પણ ના લીધી. બિપિન ત્રણ વાગે જ ઓફિસથી ઘરે આવી ગયો. વહુ પાસે માણ મંગાવી તૈયાર રખાવી. લગભગ સાડાચારે ધૂળ ઉડાડતી એક મેટાડોર ગામમાં પ્રવેશી ને સીધી વલ્લભરામના ઘર પાસે આવી ઊભી રહી ગઈ. મેટાડોરનો દરવાજો ખૂલ્યો ને નવીનભાઈ બહાર આવ્યા. બિપિન ઘરની ઓશરીમાં આવી ઊભો ને તદન બાઘો બની ગયો. નવીનભાઈની પાછળ મેટાડોરમાંથી સાત-આઠ ગોરા અંગ્રેજોનું ટોળું ઊતર્યું. તેમની સાથે મ્યૂઝીઅમના ટ્રસ્ટી ને બીજા ચારપાંચ જણા કૅમેરા અને કાંઈક મશીનો લઈ ઊતર્યા. નવીનભાઈએ બિપિનને પૂછ્યું, 'વલ્લભરામ છે ને ઘરમાં?' ત્યારે જ બિપિનને ખ્યાલ આવ્યો કે બાપા તો સવારના ઘરમાં દેખાતા જ નથી. વહુનેય ક્યાં ખબર હતી કે બાપા ક્યાં ગયા છે? વાયુવેગે સમાચાર આખા ગામમાં પ્રસરી ગયા. આખું ગામ આ નવતર જોણું જોવા વલ્લભરામને ત્યાં ઊમટ્યું. કોઈકે બિપિનને જાણ કરી કે વલ્લભરામ શિવજીને મંદિરે બેઠા છે. બિપિન લાગલો જ દોડ્યો. મંદિર પહોંચતાં પહોંચતાં તો હાંફી ગયો. દૂરથી જ તેણે બાપાને બૂમ મારી, 'બાપા, જલદી ચાલો; ઘરે બધાં રાહ જુએ છે.' મંદિરના પૂજારીએ જણાવ્યું, 'આ તારા બાપા સવારના અહીંયાં બેઠા બેઠા માળા ફેરવે છે, અન્ન તો શું જળનું એક ટીપુંય મોઢે નથી માંડ્યું.' બિપિનને કાને કાંઈ જ પડ્યું નહીં. એણે તો બાપાનો હાથ લગભગ ખેંચ્યો, 'જલદી ઘરે ચાલો, ઘરે ગોરાઓ આયા છે.' વલ્લભરામનું મોઢું અચરજથી પહોળું થઈ ગયું. 'હેં! શું કહ્યું?' બિપિને પાછું કહ્યું, 'અરે, મ્યૂઝીઅમવાળા સાથે ગોરા અંગ્રેજોનું ટોળું આયું છે.' વલ્લભરામ બે સેકંડ માની ના શક્યા. વળી પાછા નિરાશ સાદે બોલ્યા, 'તેમાં મારું શું કામ છે? જેને જોઈએ તેને બધું આપી દો.' બિપિનથી હવે રહેવાયું નહિ, 'અરે, માણ લેવા નથી આયા, તમારું આખ્યાન સાંભળવા બધા આયા છે.' વલ્લભરામનું હૃદય જોરથી ધડકવા લાગ્યું, 'હેં, લ્યા, સાચું કહે છે?' 'હા, ત્યારે નહિ? તમે ઘરે તો ચાલો.'

વલ્લભરામ સફાળા ચાલવા લાગ્યા. ઘરનું આંગણું ગામનાં લોકોથી ચિક્કાર ભરેલું હતું. વલ્લભરામને જોતાં જ લોકોએ ખસીને જવાની જગ્યા કરી આપી. બધા ગોરાઓએ ઊભા થઈ તેમનું સ્વાગત કર્યું. ભગવાનનો ફોટો મુકાઈ ગયો હતો. માણ ગોઠવાઈ ગઈ હતી. કોઈકે વળી ભગવાનના ફોટા ઉપર ને માણ ઉપર પણ ફૂલોના હાર ચઢાવી દીધા હતા. વલ્લભરામ માણ પાસે બેસી ગયા. ત્યાં તો આવેલામાંથી એક ભાઈએ અંગ્રેજીમાં બોલવા માંડ્યું. નવીનભાઈએ ટૂંકમાં ગુજરાતીમાં સમજાવ્યું : 'આખા ગુજરાતની આ અનોખી કલા છે. હવે તે નાશ પામવાની અણી પર છે. માણભટ્ટ ફક્ત હવે આ એક વલ્લભરામ જ રહ્યા છે. જેમણે આ કલા સિદ્ધ કરી છે.'

વલ્લભરામે આંગળીઓ પર વીંટીંઓ ચઢાવી દીધી. ગણપતિની સ્તુતિ ગાઈ અને માણ ઉપર આંગળીઓની થાપ આપી. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું આખ્યાન શરૂ કર્યું. વલ્લભરામની આંખો મીંચાઈ ગઈ. કોણ જાણે ક્યાંથી મૃત બાપાના આત્માએ તેમનામાં પ્રવેશ કર્યો ના હોય તેવો અનુભવ તેમને થયો. એક પછી એક પદ તેમણે હલકથી ગાવા માંડ્યાં. વલ્લભરામની હાજરી જાણે ત્યાં હતી જ નહિ. એ તો ફરતા

(અનુસંધાન પૃ.૧૪૯)

સંગીતશાસ્ત્ર - ૩૫

ડૉ. હસુ યાજ્ઞિક

ખયાલ કેવી રીતે ગવાય છે?

ધ્રુપદગાન ભારતીય શાસ્ત્રીય સંગીતનું પ્રાચીનતમ એવું સ્વરૂપ છે, ગાન પ્રકાર કે શૈલી છે અને તેનું પ્રવર્તન ઉત્તરી અને કર્ણાટકી એ બન્ને પદ્ધતિઓમાં છેક સુધી જળવાયું છે. હકીકતે તો ધ્રુપદ અંને ખયાલ બન્ને નિબદ્ધગાનના જ પરસ્પર સંબંધ ધરાવતા પ્રકારો છે. 'ખયાલ' શબ્દનો અર્થ કલ્પના છે, વિચાર છે. ગાનારના મનમાં જે ભાવ બંધાય છે એના ચૈતસિક રૂપને, એના વિચારને, એની કલ્પનાને, કહો કે એના ચિત્તમાં ઊભરાતા ખયાલને, એનો ગાયક કે વાદક સાંગીતિક શિલ્પનો આકાર આપે છે. એના અંગેઅંગનું સ્વરનાં શિલ્પથી સર્જન કરતો જાય છે. એનું રૂપ નિખારતો જાય છે. આ માટે તે કૃતિનો આધાર લે છે. કૃતિ એટલે શબ્દથી બંધાયેલી રચના. આવી રચનામાં કોઈ એક મુખ્ય ભાવની ઇમારત રચેલી હોય છે. શબ્દની ઈંટેઈંટમાં એનો મુખ્ય ભાવ વિવિધ પ્રકારે સાહિત્યકારે, કવિએ કે વાગ્ગેયકારે આલેખ્યો હોય છે. પરંતુ એવા કૃતિકારે તો જે કંઈ કર્યું છે, કહ્યું છે, નિરૂપ્યું છે તે તો શબ્દના માધ્યમે. એ શબ્દને અર્થ હોય છે અને એ અર્થો જ કૃતિના ભાવને ભાવકના મનહૃદય સુધી પહોંચાડે છે. કવિએ તો એક વિશિષ્ટ ભાવાનુભૂતિના રસમહાલયને ચણવાનું પોતાનું કામ પોતાની રીતે પૂર્ણ કરેલું જ છે. પરંતુ એનો આધાર લઈને હવે સંગીતકાર સ્વરના માધ્યમે પોતાની આગવી કલાની ઇમારત્ રચે છે. કોઈ કવિ કે ચિત્રકાર તાજમહેલને પોતાની કલાના માધ્યમમાં આકાર આપે છે, ત્યારે તે મૂળનું નર્યું અનુકરણ હોતું નથી પરંતુ એ કલાકારનું નવું, આગવું અને પોતીકું નવસર્જન હોય છે. તે પ્રકારે, કોઈ ગાયક કે વાદક કોઈ સાહિત્યકૃતિનો આધાર લઈને તેને સાંગીતિક રૂપમાં ઢાળે.છે ત્યારે તે સંગીતકલાની જ નવી, આગવી અને પોતીકી વસ્તુ બને છે. કૃતિ તો માત્ર આધાર હોય છે, અવલંબન હોય છે, સૂત્રરૂપ હોય છે. એમાં જે ઉમેરે છે, નવું રૂપ આપે છે તે તો એની પોતાની કલા આપે છે. મૂળ કૃતિમાં જે ભાવ છે અને વ્યક્ત કરવા માટે સાહિત્યકલાના જે જે ઉપકરણોનો કવિએ લાભ લીધો હોય છે તેનો લાભ સંગીતકારને પણ મળે છે, પરંતુ એમ કરવા છતાં એને આધારે જે અભિવ્યક્ત થાય છે તે તો સંગીતકલાનું પોતાનું જ છે. એક જ ઉદાહરણથી વાત કરીએ તો 'પગ ઘુંઘર બાંધ મીરાં નાચી રે!' મીરાંની અદ્ભુત રચના છે. એ ગીતમાં જ મીરાંની કૃષ્ણભક્તિ છે, એકાત્મતા છે, લગન છે તે તો સર્વાંગસંપૂર્ણ એવા શબ્દરૂપમાં વ્યક્ત થઈ જ છે. કવિતાની કૃતિ તરીકે, શબ્દથી તો જે કંઈ સિદ્ધ થઈ શકે તેવું છે તે બધું જ મીરાંએ સિદ્ધ કર્યું છે, પરંતુ આ જ રચના રાગ માલકૌંસમાં પં.ઓંકારનાથ ઠાકુરના છોટા ખયાલરૂપે સાંભળીએ છીએ ત્યારે ભક્તિની જે મસ્તી છે એનો કોઈ જુદો જ અનુભવ આપણે કરીએ છીએ. ત્યાં મીરાં પોતે ઓગળી જાય છે અને ભાવક પોતે જ મીરાં બની જાય છે. ભક્તિની જે મસ્તી છે, ઈશ્વર માટેની જે આરત છે અને કૃષ્ણનાં દર્શનમાત્રે રોમરોમમાં જે અદ્ભુત લય જાગે છે, રોમાંચ જાગે છે, તેની પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે, પ્રતીતિ થાય છે. સ્વર, તાલ, લય, ભાષા, ભાવ બધું જ એમાં ઓગળી જાય છે. શેષ રહે છે માત્ર વિશિષ્ટ ભાવસ્થિતિનો અનુભવ. અને પછી તેનું પ્રત્યેક આવર્તન આ ભાવને જ વિવિધ પ્રકારે ઘૂંટે છે. લયનો એવો સાગર લહેરાય છે, જેમાં ભાવક આ જગતને, પોતાની જાતને, અરે ખુદ મીરાંને અને કૃષ્ણને પણ ભૂલી જાય છે. કેવળ ભાવ જ રહે છે. વિશિષ્ટ એવી ચૈતસિક પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આમ, કલા દ્વારા અંતે તો જે સિદ્ધ કરવાનું છે તે તો રસનિષ્પત્તિ છે. અને તેનો અનાયાસ સહજસિદ્ધ અનુભવ સાંગીતિક રચના કરે છે.

આમ, ખયાલ પણ કૃતિનો તો આધારમાત્ર જ લે છે. આથી એમાં બહુ જ ઓછા અને આછા એવા શબ્દોની જરૂર પડે છે. બે કે ચાર પંક્તિ દોઢ-બે કલાકના ખયાલ માટે પૂરતી થઈ પડે છે. જો કે એનો અર્થ એ નથી કે કૃતિ નિરર્થક કે આગંતુક વસ્તુ છે. વાડ હોય તો વેલો ચડે. આથી કોઈ નિશ્ચિત એવી ભાવસ્થિતિને સિદ્ધ કરવી હોય તો એ માટે આધાર જોઈએ. એને સંદર્ભ પણ જોઈએ. એથી એવી કૃતિમાં કોઈ પાત્ર પણ હોય અને પરિસ્થિતિ પણ હોય જ. અને એ પાત્ર અને એ પરિસ્થિતિને આધારે જ તો ભાવવિશ્વનો રસમહાલય સર્જી શકાય છે. ભૂમિ હોય તો પગ મૂકી શકાય. ભાવને પણ આવી ભૂમિકા જોઈએ. પં.ઓંકારનાથ ઠાકુરના જ રાગ માલકૌંસના બડાખયાલનો આધાર લઈને કહીએ તો 'પીર ન જાની' એ શબ્દો જ કોઈ વિરહદગ્ધ નાયિકાની ઉક્તિ છે. એ પ્રિયતમને ઝંખે છે. એના વિયોગમાં તડપે છે. કરુણતા તો એની એ છે કે એનો પ્રિયતમ પણ એની આ પીડા જાણતો નથી અને નાયિકા ફરિયાદ કરે છે : બલમાને, પીર ન જાની! રાગ માલકૌંસના ઉત્તરાર્ધના સ્વરોથી જ તાર સ્વરે મુખડો આરંભાય છે. ઊર્મિગીતની જેમ કે કોઈ પણ લઘુદેહી સાહિત્ય

સ્વરૂપની જેમ આરંભ કે ઉઘાડ જ હૈયા સોંસરવો ઊતરે એવો જોઈએ. ટૂંકી વાર્તાના આરંભને અશ્વદોડની સ્પર્ધા સાથે સરખાવીને કહીએ છીએ Its starts, that count! આરંભ જ મહત્ત્વનો ને પ્રાણરૂપ. ઘોડદોડના આરંભે જ જો દોડતો ઘોડો ખચકાયો તો ગયો. સીધો કૂદકો લે તો જિત નિશ્ચિત. એમ ખયાલમાં કે કાંઈ પણ સાંગીતિક રચનામાં આરંભનો મુખડો જ પ્રાણરૂપ હોય છે. કોઈ પણ નાનામાં નાનું એવું લોકગીત હોય, ભજન કે પદ હોય, ઊર્મિગીત હોય, ફિલ્મનું કે બીજું ગીત હોય તો એમાં મુખડો જ એનો પ્રાણ છે તે જણાશે! એનાથી જ એક ઝળહળતા કૌતુકમય વિશ્વમાં સદ્ય પ્રવેશ થઈ શકે છે. હોરી, ઠુમરી, ટપ્પા કે એવો કોઈ ઉપશાસ્ત્રીય સંગીતનો પ્રકાર હોય તેમાં પણ આવો આરંભ જ પ્રાણમય અંશ હોય છે.

બડા ખયાલના બે પંક્તિના આરંભના મુખડામાં જે ખૂબી છે તે સાંગીતિક સ્વરૂપની હોય છે. આરંભની માત્રાના સ્વરોની સુંદર માળા ગૂંથાતી આવે છે અને એમાં અંતભાગે લયની દોડતી લહેર હોય છે, જેનો અંતિમ સ્વર સમમાં એટલે કે પહેલી માત્રામાં મળે છે. આમ, રચનાની દૃષ્ટિએ, સ્વરરચનાની દૃષ્ટિએ જોઈએ તો મુખડાથી જ સ્વરનું અને લયનું વિશિષ્ટ વર્તુળ રચાતું હોય છે. આરંભ હોય કે કશુંક ખૂટતું, અધુરું અધૂરું રહેતું લાગે, પરંતુ જેવો તે ટુકડો સમને મળે ને એ પહેલાં જ જે થડકો આવે એ સાથે જ 'હવે કશુંક અપેક્ષિત હતું તે પૂર્ણ થાય છે' એવો ભાવકને અહેસાસ થાય છે અને સાંભળતા ઝૂમી ઊઠે છે. ખયાલ સાંભળનાર રાગ અને તાલ વિષે જાણતો નથી હોતો તો પણ આનો અનુભવ કરે છે. વ્યાકરણ જાણતો ન હોય તે પણ ભાષા તો સમજતો જ હોય છે, એના જેવી આ વાત છે. હકીકતે તો પ્રત્યેક કલારચના ભાવકના ચિત્તમાં એક અપેક્ષા જગાડે છે અને તે તૃપ્ત કરે છે. કલાની કૃતિની રચના જ એવી હોય છે કે એમાં પ્રવેશતાંની સાથે જ કશુંક અધૂરું હોય એવું લાગે. એ પૂર્ણ થાય એ માટેની અપેક્ષા જાગે. અને જે તબક્કો આવે ત્યારે ભાવકનું મન ડોલી ઊઠે, બોલી ઊઠે, 'હાં... ઝંખતો હતો તે આ! જે અધૂરું લાગતું હતું તે આ રીતે પૂર્ણ થયું' આ તત્ત્વ ખયાલના મુખડામાં જ નહીં, એના અંગેઅંગમાં હોય છે.

મુખડાની સાથે કૃતિની સ્થાયીની એક ઉક્તિ પૂરી થાય છે ત્યારે એક પૂર્વાર્ધ પૂરો થતો હોય છે. અને ત્યારે પણ અપેક્ષિત ઉત્તરાર્ધ હોય છે, જે પછીની પંક્તિમાં પૂરો થાય છે. આમ અપેક્ષા જાગવી અને તૃપ્ત થવી, એવો ક્રમ ચાલે છે અને સ્થાયીનો વિભાગ પૂરો થાય છે. ખયાલ એ આરામથી મંડાતી ચોપાટ કે શતરંજ જેવી રમત છે, જેમાં એકની એક ચાલ ને એમાં પડતી વારંવારની ગૂંચ અને એ ગૂંચનો ઉકેલ જ રમતનો આનંદ આપે છે. એ કંઈ હડિયાપટીની કે ફટકાબાજીની ઝડપથી રમી નાખવાની વસ્તુ નથી. આથી એકના એક ભાવને જુદી જુદી રીતે ઘૂંટવામાં આવે છે. એ ક્યારેક ઉપર ચડે છે, તો ક્યારેક અચાનક નીચે પટકાય છે. એમાં ક્યારેક ધસમસતો લય હોય છે તો ક્યારેક એ લાંબા પટે પહોળો પથરાય છે. ક્યાંક એમાં રાવ છે, ક્યાંક દાદ છે, ફરિયાદ છે, વ્યથા છે, કષ્ટ છે તો ક્યાંક આછાં હાસ્યમજાક છે, મોજમસ્તી છે. મોઝેઇકની જેમ વિવિધ ભાવનું ભરતકામ ચાલે છે. અને આવર્તને-આવર્તને એમાં કોઈ એક ચક્ર રચાતું જાય, પૂર્ણ થતું જાય છે. આમાં હજુ ભાવકને પરાકાષ્ટા સુધી લાવવાનો નથી. એનું શિખર દેખાડીને ફરી તળેટીમાં લાવવામાં આવે છે. આ તબક્કો પૂર્ણ થાય છે અને સ્થાયી દ્વારા નિશ્ચિત અને નક્કર એવી ભૂમિકા પૂરી થાય છે. પછી જે જે નવાં આગવાં અને ખાસ સ્થાનો સિદ્ધ થયાં હોય એનું ફરી દર્શન કરાવી, મૂળ આવર્તનો લઈને સ્થાયીનો ભાગ પૂર્ણ થાય છે.

અંતરો ખયાલનો મધ્ય ભાગ છે. અહીં અંતરાના મુખડાનો સંબંધ અનિવાર્ય રીતે તાર ષડજ સાથે હોય છે. કેમ કે અહીંથી રાગના ઉત્તરાર્ધની યાત્રાનો આરંભ થાય છે. આથી અંતરાનો જ્યારે સમ આવે છે ત્યારે આગળ છોડી દીધેલું શિખર હવે દેખાડવામાં આવે છે. પહેલાં તો ગાયકવાદક તાર ષડજનો ઇષત્ સ્પર્શ કરતો તરત નીચે ઊતરી જતો હતો તે હવે અંતરામાં ઉત્તરાર્ધના સ્વરોનો પ્રયોગ કરીને સમ આવતાં જ તાર ષડજ પર પોતાની બેઠક જમાવે છે અને સ્થાયી વખતે એણે જે થોડું દેખાડીને, પહોંચાડીને છોડી દીધું હતું તેનો અનુભવ કરાવે છે. સ્થાયીના જ બાંધેલા ખયાલનાં આવર્તનો અહીં છે. પરંતુ અહીં હવે અપેક્ષાને પૂર્ણતા મળે છે. અને સ્થાયીની જેમ અહીં અંતરામાં જેમ ભાવનાં વિવિધ રૂપો પ્રકટે છે, તેમ રાગનું પોતાનું પણ મૂળ રૂપ છે, તે પ્રકટ થતું જાય છે. કોઈ દિવ્ય માતાના સ્વરૂપની સાથે એના વત્સલ હાથમાં એનું સંતાન રમતું હોય તેમ રાગના દિવ્ય સ્વરૂપના અંશરૂપ એવી કૃતિને જોઈ-અનુભવી શકીએ છીએ. એક જ ભાવના વિવિધ પાર્શ્વ ધરાવતા રૂપને રાગ પ્રકટ કરે છે, એ સાથે એ રાગનું પણ નવું જ રૂપ પ્રકટ થાય છે. છંદ એક જ હોય છે, પરંતુ કૃતિએ કૃતિએ એનું સક્રિય ગતિશીલ રૂપ જુદું હોય છે. તેવી રીતે દરેક ભારતીય રાગને પણ પોતાનું નિજી સ્વરૂપ છે, એની પોતાની શૃંગાર, ભક્તિ જેવા રસને પ્રકટ કરતી આગવી શક્તિ છે, ધીરગંભીર કે ચંચલ એવી પ્રકૃતિ છે, પરંતુ આ રાગનું ખરું રૂપ તો કૃતિરૂપે રજૂઆત થાય છે ત્યારે પ્રકટે છે. એકનું એક દૃષ્ટાન્ત જ ફરી ધ્યાનમાં લઈને સમજીએ. રાગ માલકૌંસને એનું પોતાનું આગવું રૂપ છે. પરંતુ એનું કૃતિદ્વારા રજૂ થતું જે રૂપ છે, જેને મૂર્ત કે ગતિશીલ પ્રકટ રૂપ કહો, તે કલાકારે કલાકારે અને કૃતિએ-કૃતિએ કેટલું ભિન્ન હોય છે! પં. ઓંમકારનાથ ઠાકુરનો જે માલકૌંસ છે, તે કરતાં અમીરખાં સાહેબનો માલકૌંસ જુદો જ લાગશે.

એક જ મુખ્ય રાગના બે-ચાર શ્રેષ્ઠ ગાયક-વાદકોની રચનાઓનું આસ્વાદન કરતાં જ કલાકારે-કલાકારે તથા કૃતિએ-કૃતિએ રાગનું સ્વરૂપ કેવું નવું રૂપ ધારણ કરે છે, તે પ્રમાણી શકાય છે. અહીં બીજી પણ સ્પષ્ટતઃ કરવી જોઈએ તે એ કે વાદન દ્વારા પણ જે ખયાલ વ્યક્ત થાય છે, તેમાં 'ચીજ' નથી હોતી, પરંતુ ગત હોય છે. શબ્દ નથી હોતા, કેવળ સ્વર હોય છે. આમ છતાં ગત પણ સૂક્ષ્મ રીતે તો સ્વતન્ત્ર એવી 'કૃતિ' જ છે. એના મુખડામાં, સ્થાયીમાં, અંતરામાં ને એ રીતે પ્રત્યેક અંગ-ઉપાંગમાં કૃતિનાં જ લક્ષણો હોય છે. શબ્દોનો આધાર લેતા ખયાલની ચીજને જેમ વિશિષ્ટ ગેયસ્વરૂપ છે, તેવું જ દરેક ઉત્તમ વાદકની ગતને પણ એવું જ સ્વયંસંપૂર્ણ રૂપ હોય છે, અને તે પણ ચીજની જેમ જ ગાઈ શકાય, સ્મૃતિમાં સંઘરી શકાય છે. પં.રવિશંકરના સિતારવાદનની, પં.પન્નાલાલ ઘોષ કે પં. હરિપ્રસાદ ચૌરસિયાની વાંસળીવાદનની, ઉ.અમઝદઅલીખાં કે ઉ.અલીઅકબરખાંની સરોદવાદનની કે પં.શિવરામ શર્માની સંતૂરવાદનની કોઈ પણ ખયાલની ગત જુઓ, એ દરેક પણ સ્વતન્ત્રરૂપની કૃતિઓ છે. એમાં પણ નિશ્ચિત એવો ભાવનો ઉતારચઢાવ છે. સવાલજવાબ છે, ઉત્તરાર્ધપૂર્વાર્ધ છે, એક અપેક્ષાની જાગૃતિ અને આનુષંગિક તૃપ્તિ છે. કેટલીક ગતો પાછળ તો કોઈ પરંપરાગત એવી ચીજ જોઈ શકાશે. વારંવાર સંભળાતા સિતાર પરના રાગ ચન્દ્રનંદનની ગતનો વિચાર કરો, કોઈ પ્રચલિત 'ચીજ'ની જેમ જ એ ગતનું પણ કૃતિરૂપ સ્મૃતિમાં પ્રતિઘોષિત થશે જ.

અંતરાથી ભાવ સઘન બની પરાકાષ્ઠાએ પહોંચે છે અને ગાનનું રૂપ પૂર્ણરૂપે બંધાય છે એ પછી સ્થાયી અને અંતરાને સાથે લઈને તેનું છેલ્લું રૂપ પ્રકટ થાય છે.

આ રીતે વિલંબિત ખયાલ પૂર્ણતાને આરે પહોંચે છે. અને પછી એની લયમાં ક્રમશઃ બઢત લાવીને તાનથી કૃતિને સુપુષ્ટ કરવામાં આવે છે: આગળના જ ભાવનું દૃઢીકરણ લયથી સિદ્ધ થાય છે. તાનના વિવિધ પ્રકારોથી લયની નવી નવી ભાતનું ભરત ભરાતું જાય છે તેમ તેમ રાગના રૂપના નિખારની સાથે જ કૃતિનો ભાવ ઘૂંટાવા લાગે છે. જે કંઈ જુદે જુદે તબક્કે થયેલું હતું તે હવે સાથે ઘૂંટાય છે. અગાઉ જે અંગો જુદાં જુદાં અને સ્વતન્ત્ર હતાં, પૃથક પૃથક એવા અવયવો રૂપે હતા તે કોઈ એક જ દેહ કે આકારના સંલગ્ન ભાગો બને છે અને કોઈ એક અદ્ભુત શિલ્પની આકૃતિનું પૂર્ણરૂપ બંધાય છે. અનેક આવર્તનો એકના એક ભાવને ઘૂંટે છે અને એમ બધું અંતે પૂર્ણતાને આરે પહોંચે છે.

બડા ખયાલ પૂરો થતાં બીજી કૃતિ લઈને છોટા ખયાલ ગાવાવગાડવામાં આવે છે. બડા ખયાલ મોટે ભાગે વિલંબિત એકતાલમાં ગવાય છે. ઝૂમરા જેવા તાલ પણ પ્રયોજાય છે. પરંતુ છોટા ખયાલ તો મોટે ભાગે ત્રિતાલમાં નિબદ્ધ હોય છે. ક્રિયાની રીત, પદ્ધતિ અહીં પણ બડા ખયાલની છે. પરંતુ અહીં લય મધ્યમ અને પછી દ્રુત હોય છે. કૃતિની સાથે જ રાગનું રૂપ પૂર્ણ થાય, ગાયક-વાદક-ભાવકને પરિતૃપ્તિ થાય અને ખયાલ પૂર્ણ થાય છે.

ખયાલનો આરંભ પંદરમી સદીમાં જૌનપુરના સુલતાનહુસૈન શર્કી દ્વારા થયો, એવું માનવામાં આવે છે. ને એ રીતે ધ્રુપદ પણ પંદરમી સદીમાં ગ્વાલિયરના રાજા તોમરથી આરંભાયો, એવું માનવામાં આવે છે. ઈ.૧૭૧૯ના મુગલ બાદશાહ મુહમ્મદશાહ રંગીલેના દરબારના ગાયક ન્યામતખાંએ સદારંગ નામે, અદારંગ નામે, સેંકડો ખયાલ રચેલા મનાય છે. મુગલકાળમાં વિશેષ પ્રચલિત આ પ્રકાર બહારથી આવેલો મનાયો છે, તે પુનઃ વિચારણા અને સંશોધન માગે છે. સંગીતનો વ્યવસ્થિત, નિષ્પક્ષ અને સંશોધિત ઇતિહાસ લખાયો ન હોવાને કારણે ઘણી મૂળ પરંપરાઓને કોઈ ને કોઈ નામે ચડાવી દેવામાં આવી છે. પ્રાચીન મૂળનું અને ભારતીય સ્રોતમાંથી જ વિકસેલું છે, તે પણ જાણે બહારથી આયાત થયેલું દર્શાવ્યું છે. અમીરખુશરોના નામે આવી ઘણી ખોટી જમા એન્ટ્રી થઈ ગઈ છે! (ક્રમશઃ)

અનુ.] **સંગીતશાસ્ત્ર** [પૃ.૧૪૬થી

હતા રાજા હરિશ્ચંદ્ર સાથે વનમાં બધું જ રાજપાટ છોડીને! આખ્યાન પૂરું થયું ત્યારે જ તે ભાનમાં આવ્યા. ગોરાઓએ તાળીઓનો ગડગડાટ કરી મૂક્યો. આ જોઈને ગામવાળાંઓએ પણ વલ્લભરામને વધાવી લીધા. વલ્લભરામની આંખો ચૂઈ પડી. સાદ ગળગળો થઈ ગયો. એકેએક ગોરાએ તેમની સાથે હાથ મીલાવ્યા. કેટલાકે તો વળી તેમના હાથેય ચૂમ્યા. ગોરાઓ પાછા મેટાડોરમાં ગોઠવાયા. ત્યાં તો નવીનભાઈ, મ્યૂઝીઅમના ટ્રસ્ટિ અને બીજા બેચાર જણા વલ્લભરામ પાસે આવ્યા, નવીનભાઈએ નોટોની થોકડી વલ્લભરામના હાથમાં મૂકી : 'પૂરા પાંચ હજાર છે.' વલ્લભરામે આનાકાની કરવા માંડી તો નવીનભાઈ સાથેનો માણસ બોલ્યો, 'લઈ લો હવે, આવતા મહિને શહેરમાં ટી.વી.ના સ્ટૂડિઓમાં આવવાનું થશે ત્યારે આવું ફાટેલું અંગરખું થોડું ચાલશે! નવાં કપડાં તો જોઈશે ને. અને હા, આ ગોરાઓએ વીડિઓ ઉતારી છે એટલે હવે દિલ્હીવાળાય જાગશે. ભલું હશે તો દિલ્હીમાંય...'

ધીમે ધીમે ગામલોકો નવા અહોભાવ સાથે તેમને પગે લાગી વીખરાયાં. રાત આખી આ શું બની ગયું. તેના જ વિચારમાં પસાર થઈ ગઈ. રહીરહીને એક જ વિચાર તેમને આવતો : બાપાએ ખરે વખતે આંગળી ઝાલી. છેક મળસકે તેમની આંખ મળી. સવારે જ્યારે મોઢું ધોવા ગયા ત્યારે અંદરથી વહુનો અવાજ સંભળાયો : 'આ રમેશનેય હવે બાપા સાથે બેસાડો. આમેય આપડો તો આ બાપદાદાનો ધંધો...' વલ્લભરામે સ્મિત સાથે મૂછો આમળી. □

[સ્થળસંકોચને કારણે આ અંકમાં 'ભારતીય પંચાંગ'નો હપ્તો આપી શકાયો નથી.]



ઓરિસ્સા

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની પૂર્વે દરિયા કિનારે ઓરિસ્સા આવેલું છે. તેની ઉત્તરે બિહાર અને પશ્ચિમ બંગાળ, પશ્ચિમે મધ્યપ્રદેશ, દક્ષિણે આંધ્રપ્રદેશ તથા પૂર્વે બંગાળનો ઉપસાગર આવેલા છે. તેનું ક્ષેત્રફળ ૧,૫૫,૭૦૭ ચોરસ કિ.મી. તથા ૧૯૯૧ની ગણતરી અનુસાર વસતી ૩,૧૬,૫૯,૭૩૬ છે. તેમાંથી ૧૩.૩૮ ટકા લોકો શહેરોમાં તથા બાકીનાં લોકો ગમડાંમાં વસે છે. રાજયની ભાષા ઉડિયા છે અને ૮૧.૬૦ ટકા લોકો ઉડિયા, ૨.૨૯ ટકા લોકો તેલુગુ, ૨.૨૬ ટકા હિંદી તથા બાકીનાં અન્ય ભાષા બોલે છે. આ રાજયમાં ૯૪.૬૭ ટકા લોકો હિંદુ, ૨.૧૦ ટકા લોકો ખ્રિસ્તી, ૧.૮૩ ટકા મુસલમાન અને બાકીનાં અન્ય લોકો રહે છે. વસતીના ૪૪.૭ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. અહીં ૪૯ ટકા સાક્ષર લોકોમાં ૬૩ ટકા પુરુષો અને ૩૫ ટકા સ્ત્રીઓ શિક્ષિત છે.

રાજયમાંથી વહેતી મહા, વૈતરણી, બ્રાહ્મણી વગેરે નદીઓ મધ્યપ્રદેશમાંથી નીકળી પૂર્વઘાટની ડુંગરમાળાને વીંધીને આગળ વહે છે. આ નદીઓની ખીણો ફળદ્રુપ છે. મહા નદી ૮૫૩ કિ.મી. લાંબી છે. તેના વિનાશકારી પૂરને નાથવા બંધો બાંધવામાં આવ્યા છે. તેના કાંપથી બનેલો પ્રદેશ ફળદ્રૂપ છે, અને તે અનાજનો ભંડાર છે. મહાનદી ઉપર બાંધેલો હીરાકુંડ બંધ ૬૧ મીટર ઊંચો અને ૪૮૦૦ મીટર લાંબો છે. અહીં ચિલિકા, અનસુયા તથા સારા નામનાં ત્રણ સરોવરો આવેલાં છે. ચિલિકા સરોવર ૬૦ કિ.મી. લાંબુ અને ૨૦થી ૬૦ કિ.મી. પહોળું છે. તેની વચ્ચે પરીકુંડ તથા મસુદ ટાપુઓ આવેલા છે. મયૂરભંજ જિલ્લામાં મેઘાસન, કેઓન્જર જિલ્લામાં ગંધમર્દન તથા કલહંડી અને કોરાપુટ જિલ્લામાં સિકરમ પર્વતો આવેલા છે. આ રાજયમાં તેર જિલ્લા છે અને ૫૯,૫૫૫ ચોરસ કિ.મી.માં જંગલો આવેલાં છે.

ઇતિહાસ : પ્રાચીન સમયમાં ઓરિસ્સાનો પ્રદેશ જુદા જુદા સમયે કલિંગ, ઉત્કલ અને ઓડ્ર (ઉદ્ર) કહેવાતો હતો. ઐતરેય બ્રાહ્મણ (ગ્રંથ)માં કલિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહાભારતમાં ઉપર્યુક્ત ત્રણે પ્રદેશોનો ઉલ્લેખ છે. સ્કંદ પુરાણ મુજબ ઋષિકલ્યા નદીથી સુવર્ણરેખા અને મહાનદીની વચ્ચેનો પ્રદેશ ઉત્કલનો વિસ્તાર છે. વાયુ પુરાણ, બૌદ્ધજાતક કથાઓ તથા અન્ય બૌદ્ધ ગ્રંથોમાં કલિંગના ઉલ્લેખો જોવા મળે છે. જૈન લોકોના હરિવંશ-પુરાણમાં મહાવીર સ્વામીએ કલિંગમાં ધર્મોપદેશ આપ્યાનો ઉલ્લેખ છે. મૌર્ય વંશના સમ્રાટ અશોકને ઈ.સ.પૂર્વે ૨૬૮માં કલિંગ સાથે ભયંકર લડાઈ થઈ હતી. ત્યાંથી ઓરિસ્સાનો ઇતિહાસ મળે છે. તેમાં એક લાખ માણસોની કતલ થઈ હતી અને તેનાથી ઘણા વધારે ઘાયલ થયા અને કેદ પકડાયા હતા. ત્યાર બાદ અશોકનું હૃદયપરિવર્તન થયું. તેણે બૌદ્ધધર્મ અપનાવ્યો. તેણે શસ્ત્રસંન્યાસ લીધો તે જગતના ઇતિહાસમાં અદ્વિતીય ઘટના હતી. તેણે દિગ્વિજયને બદલે ધર્મવિજય કરવાનો નિર્ણય કર્યો. મૌર્ય સામ્રાજ્યના પતન બાદ અહીં સ્થાનિક કેસરી વંશનો ઉદય થયો. આ વંશના રાજાઓએ હિંદુ ધર્મનો પુનરુદ્ધાર કર્યો. તેમણે પાટનગર ભુવનેશ્વરમાં કોણાર્કમાં અને પુરીમાં મંદિરો બંધાવ્યાં. ત્યાર બાદ ઓરિસ્સા ચોથી સદીમાં સમુદ્રગુપ્ત તથા સાતમાં સદીમાં શશાંક અને હર્ષવર્ધનના હુમલાનો ભોગ બન્યું. તે પછી ગંગવંશના રાજાઓએ ચૌદમી સદી સુધી અહીં રાજ્ય કર્યું. તેરમી સદીના પૂર્વાર્ધમાં મુસલમાનોના હુમલા થયા. ઈ.સ. ૧૩૫૨-માં બંગાળના સુલતાને ઓરિસ્સા જીતી લીધું.


પુરીની રથયાત્રા

ઈ.સ.૧૩૬૧માં ફિરોઝશાહ તુગલુકે ઓરિસ્સા પર ચડાઈ કરીને ત્યાં લૂંટ ચલાવી તથા અનેક મંદિરોનો નાશ કર્યો. ઈ.સ. ૧૪૩૧ પછી ગજપતિ વંશના રાજાઓએ અહીં શાસન કર્યું. ઈ.સ. ૧૫૬૮માં બંગાળના સુલેમાનખાનના લશ્કરે છેલ્લા શાસક મુકુંદધ્વજને હરાવી ઓરિસ્સા કબજે કર્યું. ઈ.સ.૧૫૯૨માં મુઘલ શહેનશાહ અકબરના સેનાપતિ રાજા માનસિંહે અફઘાન સુલતાન પાસેથી આ પ્રદેશ જીતી લીધો. મુઘલ સત્તા નબળી પડ્યા બાદ બંગાળનો નવાબ ઓરિસ્સામાં સત્તાધીશ બન્યો. તેના પછી મરાઠા, બ્રિટિશ તથા ડચ લોકોનું શાસન પ્રવર્ત્યું. બંગાળ અને બિહાર પ્રાંતના ભાગ તરીકે અંગ્રેજોએ ઓરિસ્સાનો વહીવટ કર્યો. ૧૯૩૬થી ઓરિસ્સાનો અલગ પ્રાંત બનાવવામાં આવ્યો. ઑગસ્ટ ૧૯૪૯થી હાલનું ઓરિસ્સા રાજ્ય બન્યું.

નૃત્ય : ઓરિસ્સાના પ્રસિદ્ધ નૃત્યનો પ્રકાર 'ઓડિસી' છે. તેનો વિકાસ ઘણાં વરસો પૂર્વે મંદિરોમાં ભગવાનની આરાધના માટે થતો હતો. શરૂમાં મંદિરના નર્તકો ઓડિસી નૃત્ય કરતા. સમય જતાં તેનો કલાના પ્રકાર તરીકે વ્યાપક પ્રચાર થયો. પ્રખ્યાત કવિ જયદેવના 'ગીતગોવિંદ'માં આ નૃત્યના વિવિધ ઉલ્લેખો મળે છે. વૈષ્ણવ ભક્તો મોટી સંખ્યામાં ભેગા થઈને, ઢોલ, મંજીરા સહિત નાચી સાથે કીર્તન કરીને, ભગવાન જગન્નાથજીની ભક્તિ કરે છે. વળી, રથયાત્રા દરમિયાન પણ ભક્તો કીર્તન કરે છે. આ ઉપરાંત દલખાઈ, ઘુમરા, રાણપા અને છાદયા જેવાં આદિવાસીઓનાં લોકનૃત્યો જાણીતાં છે.

ઉત્સવો : રાજ્યમાં ઉત્સવોનું મુખ્ય કેન્દ્ર પુરી છે. તે સમસ્ત ભારતનું મહત્ત્વનું યાત્રાધામ છે. ત્યાં પ્રતિવર્ષ અષાઢ સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નીકળે છે. તેમાં ભગવાન સહિત દેવીઓના પણ રથ હોય છે. તેની ચંદનયાત્રાથી શરૂઆત થાય છે. તેમાં દેવો તથા દેવીઓની પ્રતિમાઓને વિધિપૂર્વક સુખડના અત્તરથી સ્નાન કરાવી, નૌકાવિહાર કરાવવામાં આવે છે. ભગવાનના મુખ્ય રથને દોરડા વડે ખેંચવા માટે સેંકડો લોકો રસ્તા ઉપર ઉભરાય છે, કારણ કે આ કાર્ય પવિત્ર ગણાય છે. આઠ દિવસ સુધી દેવો નવાં વસ્ત્રો (વાઘા) ધારણ કરે છે અને તે પછી પોતાના મુખ્ય મંદિરમાં, તેમના રથમાં પાછા ફરે છે. આ ઉપરાંત ચિલિકા સરોવરના કાલિજલ ટાપુ પર મકર મેલા તથા ભુવનેશ્વરમાં લિંગરાજનો ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવે છે તથા આદિવાસીઓનો મેળો ભરાય છે.

ઓરિસ્સા મુખ્યત્વે ખેતીપ્રધાન રાજ્ય છે. અહીં ૮૭.૪૬ ટકા હેક્ટર જમીનમાં ખેતી થાય છે. ડાંગર, કઠોળ, મગફળી, સોયાબિન, શેરડી, શણ, હળદર, નાળિયેર, કાજુ વગેરેનો પાક થાય છે. જંગલની પેદાશોમાં સાલ, સાગ, વાંસ વગેરે મોટા પ્રમાણમાં થાય છે.



કોણાકના સૂર્યમંદિરમાંના રથનું ચક્ર

આ રાજ્યમાં ક્રોમાઈટ ૧૮૩ મિલ્યન ટન નીકળે છે, જે ભારતની આ ખનિજનો સૌથી મોટો જથ્થો છે. આ ઉપરાંત ડોલોમાઈટ, ગ્રેફાઈટ, કાચું લોઢું, ચૂનાનો પથ્થર, ફાયર ક્લે, બૉક્સાઈટ, મેંગેનીઝ, કોલસો, તાંબું વગેરે ખનિજો સારા પ્રમાણમાં નીકળે છે. દેશનો બૉક્સાઈટનો સૌથી વધારે અનામત જથ્થો ઓરિસ્સામાં આવેલો છે. અહીં લોખંડનો ૧૬૦ કરોડ ટન, મેંગેનીઝનો ૧૦ મિલ્યન ટન, બૉક્સાઈટનો ૭૦૦ લાખ ટન, ક્રોમાઈટનો એક કરોડ ટન તથા તેલચરમાં કોલસાનો ૩૦,૦૦૦ લાખ ટન અનામત જથ્થો રહેલાં છે

ઉદ્યોગો : આ રાજ્યમાં અનેક ગૃહઉદ્યોગો ચાલે છે. આ ઉપરાંત લોખંડ, એલ્યુમિનિઅમ, સ્ટીલ, સિમેન્ટ, ખાંડ, કાગળ, કાચ, હેવી મશીન ટૂલ્સ, ઈલેક્ટ્રોનિક્સના ઉદ્યોગો વિકસ્યા છે. રૂરકેલાનું પોલાદનું કારખાનું, તાલચેરનો હેવી વૉટર પ્લાન્ટ, મંચેશ્વરનું રેલવેનું મુખ્ય રીપેરિંગ મથક તથા લાર્સન એન્ડ ટુબ્રો અને ટિસ્કો દ્વારા ગંજમ જિલ્લાના ગોપાલપુરમાં પોલાદના ઉદ્યોગો વિકસ્યા છે.

રાજ્યના ૩૫.૮ ટકા વિસ્તારમાં જંગલો છે. તેમાં સાગ, સાલ, વાંસ, સીસમ, કાંગડા, ચંદન, આસન, હળદરવો, કુસુમ, રોઝવુડ જેવાં ઈમારતી લાકડાનાં વૃક્ષો થાય છે. આ ઉપરાંત જંગલોમાંથી અનેક પ્રકારની ઔષધિઓ એકઠી કરવામાં આવે છે. રાજ્યમાં પ્રાણીસૃષ્ટિના સંરક્ષણ માટેનાં ૧૬ અભયારણ્યો અનામત રાખવામાં આવ્યાં છે. તેમાં સિમિલિપાઈગિરીનું અભયારણ્ય વાઘના રક્ષણ માટે અનામત છે. તેમાં ૯૫ વાઘ, ૬૭ ચિત્તા, ૫૦૦ હરણ, ૪૫૦ જંગલી હાથી સહિત અન્ય પ્રાણીઓ રહે છે.

રાજ્યમાં તાપવિદ્યુત અને જળવિદ્યુત બંને ઉત્પન્ન કરવામાં આવે છે. અહીં બાલીમેલા, હીરાકુંડ, ઈન્દ્રાવતી, અપર ડોલબ તથા રેનગલીનાં મુખ્ય વિદ્યુતમથકો છે. વીજળીનું કુલ ઉત્પાદન ૧૯૮૮માં ૧૩૯૪ મેગાવોટ થતું હતું. હવે તેમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

ઓરિસ્સાનું પાટનગર અને હવાઈમથક ભુવનેશ્વર છે. પારાદીપ રાજ્યનું સૌથી મોટું બંદર છે. બીજું જાણીતું બંદર ગોપાલપુર છે.

રાજ્યની વિધાનસભાના સભ્યોની સંખ્યા ૧૪૭ની છે. લોકસભામાં રાજ્યના ૨૧ અને રાજ્યસભામાં ૧૦ સભ્યો બેસે છે. અહીં સરકારમાં એકગૃહી ધારાસભા છે.


લોકો : ઓરિસ્સામાં સૌપ્રથમ વસવાટ કરનારા આદિવાસીઓ હતા. આદિવાસીઓ પૈકી સંથાલ, મુંડા, ગોંડ, સાવરા, ઓરાંઓ, ભીલ અને કોલ લોકો ત્યાં વસે છે. અનુસૂચિત જાતિઓમાં ડોમ, બાવરી, ગંદા, પાલ, કાન્દ્રા વગેરે જાતિનાં લોકો ઓરિસ્સામાં રહે છે. દ્રવિડો ત્યાં પાછળથી જઈને વસ્યા. વેદો, બ્રાહ્મણ ગ્રંથો અને મહાભારતના સમયમાં આર્યોએ ત્યાં જઈને વસવાટ કર્યો. કલિંગ, ઉત્કલ અને ઓડ્ર આર્યોનાં મજબૂત રાજ્યો હતા.

ભુવનેશ્વરમાં ઉત્કલ યુનિવર્સિટી તથા એગ્રિકલ્ચર એન્ડ ટેક્નોલોજિ યુનિવર્સિટી, પુરીમાં શ્રી જગન્નાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, બરહામપુરમાં અને સંબલપુરમાં પણ એક-એક યુનિવર્સિટી છે.

રાજ્યમાં ૧૬૨૫ કિ.મી. નેશનલ હાઈવે, ૬૭ કિ.મી. એક્સપ્રેસ હાઈવે, ૪૩૬૦ કિ.મી. સ્ટેટ હાઈવે, ૧૪,૧૬૦ કિ.મી. વિલેજ રોડ તથા ૨૦,૪૨૬ કિ.મી. પંચાયત સમિતિ રોડ આવેલા છે. ૧૯૯૫-૯૬માં અહીં ૨૧૭૮ કિ.મી. લાંબી રેલવે હતી. તેમાં ૨૦૩૫ કિ.મી. બ્રોડગેજ અને ૧૪૩ કિ.મી. નેરોગેજ રેલવે હતી.

જિલ્લાનું મથક અને રાજ્યનું સૌથી મોટું શહેર કટક છે. તે વેપાર તથા ઉદ્યોગનું મહત્ત્વનું મથક છે. અહીં ચોખાની મિલો, કાચ, સ્ટીલ પાઈપ, અને કાગળનાં કારખાનાં તથા સુતરાઉ કાપડની મિલો છે. કટકની સાડીઓ, પીપળીનું એપ્લિક કામ, કટકનું ચાંદીના તારનું કામ, પુરી અને આસપાસની પથ્થર તથા લાકડાની વિવિધ બનાવટો દેશભરમાં પ્રખ્યાત છે. અહીં ટસર રેશમ તથા પંચધાતુનાં વાસણો પણ ઘણાં સારાં બને છે.

વિશિષ્ટતાઓ : મહાનદી પરનો હિરાકુંડ બંધ વિશ્વના માટીના બંધોમાં સૌથી વધારે લાંબો છે. સ્વતંત્ર ભારતમાં સૌપ્રથમ આ બંધ બાંધવામાં આવ્યો હતો. પાટનગર ભુવનેશ્વરની દક્ષિણે ચિલિકા ખારાં પાણીનું ભારતનું સૌથી મોટું સરોવર છે. તેનું ક્ષેત્રફળ ૯૧૬ ચોરસ કિ.મી. છે. તે સમુદ્ર જેવું દેખાય છે. બંગાળના અખાત સાથે રેતીની ટેકરીઓ તેને જોડે છે. તેમાં અનેક પ્રકારની માછલીઓ થાય છે. તેની આસપાસ ટેકરીઓ છે અને તેમાં સરોવરમાં અનેક ટાપુઓ આવેલા છે. શિયાળામાં સાઈબિરિયા સહિત દૂરદૂરના દેશોમાંથી વિવિધ પ્રકારનાં પક્ષીઓ સેંકડો કિ.મી. ઊડીને ત્યાં આવે છે. ઓરિસ્સામાં અનેક મંદિરો આવેલાં છે. ભુવનેશ્વરમાં એક હજાર મંદિરો હતાં. તેમાંનાં સો ઉપરાંત મંદિરો ૮મીથી ૧૧મી સદી દરમિયાન



મુક્તેશ્વર મંદિર (ભુવનેશ્વર)

બંધાયેલાં છે. તે ઉપરાંત ૪૦૦ જેટલાં મંદિરો ભગ્નાવસ્થામાં છે. આ પૈકી લિંગરાજ, મુક્તેશ્વર, રાજારાણી અને પરશુરામેશ્વરનાં મંદિરો વધારે પ્રાચીન છે. લિંગરાજના મંદિરમાં મહાદેવનું લિંગ ઘણું મોટું અને ઊંચું છે. અગિયારમી સદીમાં બાંધવામાં આવેલ રાજારાણીનું મંદિર તેની ઉત્કૃષ્ટ શિલ્પકલા તથા અસામાન્ય ટાવર તથા દેવની મૂર્તિની ગેરહાજરી માટે પ્રખ્યાત છે. આ મંદિરમાં પત્ર લખતી તરુણીનું શિલ્પ વિશ્વવિખ્યાત છે.

જોવાલાયક સ્થળો : ભુવનેશ્વરનું લિંગરાજ મંદિર અને તેની આસપાસ આવેલાં સંખ્યાબંધ નાનાં મંદિરો, હિંદુઓનાં ચાર પવિત્ર યાત્રાધામોમાંનું એક ભગવાન જગન્નાથજીનું મંદિર અને સુંદર સમુદ્રકાંઠો તથા કોણાર્કનું સૂર્યમંદિર ઓરિસ્સાનાં મુખ્ય જોવાલાયક સ્થળો છે. કોણાર્કનું સૂર્યમંદિર સમુદ્રથી ત્રણ કિ.મી. દૂર છે. તેરમી સદીમાં બંધાયેલાં આ મંદિરનો રથનો આકાર છે. સાત ઘોડા સૂર્યદેવના રથને ખેંચતા હોય એવી તેની ડિઝાઈન છે. તેની દીવાલો પર દેવો, અપ્સરાઓ, નર્તિકાઓ, પ્રિયતમાઓની મોટા ભાગની કામોદીપક મૂર્તિઓ છે. આ ઉપરાંત વિવિધ પ્રકારનાં પ્રાણીઓ તથા પક્ષીઓની પણ હજારો મૂર્તિઓ છે.

નંદનકાનનમાં પ્રાણીસંગ્રહાલય આવેલું છે. ત્યાં સફેદ વાઘનું નિવાસસ્થાન છે. ચિલિકા સરોવર પ્રવાસી પંખીઓને માટે પ્રખ્યાત છે અને પ્રવાસીઓ મોટી સંખ્યામાં અહીં આવે છે. અન્ય દર્શનીય સ્થળોમાં ઉદયગિરી તથા ખંડગિરિની પ્રાચીન ગુફાઓ તથા દુદુમાનો ધોધ અને હિરાકુંડ બંધ યાત્રીઓના આકર્ષણમાં વધારો કરે છે.

આ રાજ્યના પ્રખ્યાત નેતાઓ હરેકૃષ્ણ મહેતાબ, બિજુ પટનાયક, નંદિની સત્પથી અને જાનકી બલ્લભ પટનાયક હતા. ઓડિસી નૃત્ય શૈલીમાં ગુરુ કેલ્લુચરણ મહાપાત્ર અને સંયુક્તા પાણીગ્રહી જાણીતાં છે. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૭

પ્રા. પ્રવીણ ન. શેઠ

અમેરિકાની રાજનૈતિક પ્રક્રિયામાં હવે ક્રિયાશીલ

ભારતીયોએ અમેરિકાની રાજકીય પ્રક્રિયાઓ અને રાજવ્યવસ્થામાં વ્યવસ્થિત ભાગ લેવાનું હજુ આ છેલ્લા દશકામાં જ શરૂ કર્યું છે.

૨૦ મી સદીના પહેલા દોઢ દશકામાં કેલિફોર્નીઆમાં નવવસાહતી એશિયનો વિરુદ્ધ પૂર્વગ્રહ ધરાવતા ત્યાંના ગોરાઓ સખત વિરોધી કહેવાય તેવી પ્રવૃત્તિ કરતા હતા. તે સામે પંજાબીઓ અદાલતમાં ન્યાય મેળવવા કે અહીંનું નાગરિકત્વ મેળવવા જતા. એમનું રાજકારણ આમ બચાવાત્મક સ્વરૂપનું અને અદાલતમાં હિંમતપૂર્વક કેસ લડવા પૂરતું મર્યાદિત હતું. બર્કલે યુનિવર્સિટીના કેમ્પસના ભારતીય વિદ્યાર્થીઓ પણ ભારતના બ્રિટિશ વિરોધી આંદોલનને ટેકો આપતી પ્રવૃત્તિઓ કરતા હતા. આ જ અરસામાં સાન ફ્રાન્સિસ્કોમાં 'ગદર' (વિદ્રોહી) પક્ષની સ્થાપના કરી દેશપ્રેમી ભારતીયોએ બ્રિટિશ વિરોધી પ્રચાર કરીને તથા બીજી રીતે ભારતના આઝાદી આંદોલનને ટેકો આપ્યો હતો.

૧૯૫૭માં કેલિફોર્નીઆમાં દિલીપસીંઘ સૌંદ નામના સુશિક્ષિત પંજાબી અમેરિકાની ફેડરલ સંસદ - કૉંગ્રેસમાં ચૂંટાયા. ભારતીયોની જૂજ વસતી છતાં તે ચૂંટાયા. ગોરા હરીફોએ તેમની ચૂંટણી સામે આદાલતમાં કેસ કરેલો, પણ તેઓ તેમાં ફાવ્યા નહોતા. તે પછી સૌંદ બીજી મુદત માટે પણ ચૂંટાયા હતા. સૌ એશિયાવાસીઓમાં તેઓ કૉંગ્રેસમેન તરીકે ચૂંટાનાર પ્રથમ હતા. તેમણે ભારતીયો સહિત એશિયનો સામે વાર્ષિક ૧૮૦ વ્યક્તિઓને ઇમિગ્રેશન વીસા આપતા વર્ષોપર્યન્તના ક્વોટા કાયદાને સ્થાને ૧૯૬૫માં ઉદાર ઇમિગ્રેશન કાયદો પસાર થયો તે માટે પણ પ્રયાસ કર્યા હતા. ૧૯૪૪-૫૦ના ગાળામાં જે.જે. સીંઘે ઇન્ડિયા લીગ સ્થાપીને તે દ્વારા ભારતના હિત માટે અહીંની કૉંગ્રેસ અને સરકારનો ટેકો મળે, તે માટે અથાક પ્રયાસ કર્યા હતા. 'ટાઇમ' સામયિકે તેમને 'વન મેન લૉબી' તરીકે બિરદાવ્યા હતા.

૧૯૭૦-૮૦ના ગાળામાં અહીં આર્થિક રીતે સાધનસંપન્ન બનેલા અને સફળ વ્યવસાયી ભારતીયોએ કૉંગ્રેસમાં ચૂંટાવા માટે ઊભા રહેતા કેટલાક ગોરા ઉમેદવારોને સહાય કરવાનું શરૂ કર્યું. પણ આવા ફંડ-ફાળા ઉઘરાવવા અને તે માટેના સમારંભ યોજવાથી વધુ રાજકીય હિસ્સેદારી નોંધાવવામાં તેમને ભાગ્યે જ રસ હતો.

કેટલાંક ભારતીય સંગઠનોના અગ્રણીઓ ભારત-અમેરિકા વચ્ચેના સંબંધોના કોઈ મુદ્દા બાબત થોડો સમય સક્રિય બનતા. વૉશિંગ્ટન પહોંચીને સેનેટરો જેવા મહાનુભાવો સાથે ફોટો પડાવવા (ફોટો-ઓપ) જતા, એવી ટીકા વર્ષો પર્યન્ત થતી.

૧૯૮૮ના જ્યૉર્જ બુશ - ડુકાસીસ વચ્ચેની પ્રમુખીય સ્પર્ધા દરમિયાન ભારતીયો રાજકારણમાં વધુ દેખાવા માંડ્યા. ત્યારે ડેમોક્રેટ પક્ષના કાર્યવાહક બોર્ડના સભ્ય રમેશ કપુરે (બોસ્ટન) ડુકાસીસના ટેકામાં ૬,૫૦,૦૦૦ ડૉલર ભેગા કરી આપ્યા હતા. ૧૯૮૯માં ભારતને અપાતી વિકાસ સહાયની રકમમાં કાપ મૂકવા તાકતા કેટલાક કૉંગ્રેસમેનોના પ્રયાસો સામે ભારતીઓએ અસરકારક ઝુંબેશ ઉપાડી હતી. જોય ચેટીઅન પ્રમુખ બુશના શાસનમાં એક મહત્ત્વના કમિશનના વડા બન્યા. અગાઉ ભારતીયો તેમની સામે થતા જાતિલક્ષી ભેદભાવને સહન કરી લેતા. ૧૯૯૦ના દશકામાં ભારતીયો તરફથી સરકારની એજન્સીઓ કે વેપારી કંપનીઓ સામે ચામડીના રંગ કે ભાષાકીય ઉચ્ચાર યા ભારતીય વેશપરિધાનને કારણે નોકરી નહિ આપવા માટે કે બીજી રીતે ભેદભાવ બતાવવા માટે કેસ કરવામાં આવ્યા હતા. કેટલીક મોજણીઓ અને યુ.એસ. સિવિલ રાઇટ્સ (૧૯૮૮)ને આધારે ભારતીયો સહિત એશિયનોને થતા વ્યાપક ભેદભાવના હેવાલો નોંધપાત્ર છે. ને પરિણામે કેટલાંક ભારતીય સંગઠનો આવા મુદ્દે બીજાં એશિયન સંગઠનો સાથે મળીને, વ્હાઇટ હાઉસ અને કેપિટલ, ન્યાય અને સમાન તકના અધિકાર ભોગવવા માટે સંયુક્ત ઝુંબેશ કરે છે. તે જ પ્રમાણે નાના પાયા પરના વેપાર-ઉદ્યોગ સ્થાપવા લઘુમતી પ્રજાઓને સરકારી સહાય કાપી નખાઈ, ત્યારે ભારતીયોએ કોરીઅનો અને ચીની લઘુમતી સાથે મળીને તેવી સહાય પાછી મળતી થાય તે માટે સફળ ઝુંબેશ કરી હતી. (ભારતીયો અહીંની બધી લઘુમતીઓમાં સૌથી વધુ આવક ધરાવે છે, તે આધારે તેમને ગોરા રૂઢિવાદી રાજકારણીઓએ સહાયવંચિત બનાવવાના લક્ષ્ય બનાવ્યા હતા.) તે જ રીતે ફલશિંગ-ક્વીન્સમાં મંદિર બનાવવા સામે કે ઉત્તર કેરોલાઈનામાં મોન્ટેસરી સ્કૂલ ઊઘડે તે સામે ગોરા પડોશ વિસ્તારમાં જે વિરોધ-અવરોધો થયા, તેને ભારતીયો પહોંચી વળ્યા હતા.

સૌથી જાણીતો અને ભારતીયોમાં ચિંતા ઉપજાવનાર કિસ્સો ૧૯૮૭માં જર્સી સિટીમાં બન્યો હતો. ૧૫,૦૦૦ની વસતી (ગુજરાતીઓનું ત્યાં મોટું પ્રમાણ છે) ધરાવતા આ શહેરમાં ભારતીયો પૈસેટકે સુખી છે. ઘણાનાં સારાં ઘર સારા વિસ્તારમાં આવ્યાં છે. અહીંના કેટલાક લુખ્ખા એવા ગોરા, અને પ્યોર્ટોરીકનોની નજરમાં ભારતીયો દૃશ્ય-શ્રાવ્ય બને તેવા હતા. આવાં તત્ત્વોએ કપાળે ચાંલ્લો હોય અથવા સાડી પહેરી હોય તેવી મહિલાઓ સાથે ગેરવર્તાવ કર્યો. ખાસ કરીને તેમનો ચાંલ્લો ભૂંસી નાખવાના ચાળા કર્યા. એક ભારતીય (ગુજરાતી)

તો માર્યો પણ ગયો. શરૂઆતમાં આને કારણે ભારતીયોમાં ખૂબ ભય વ્યાપી ગયો. દેશનાં બીજાં શહેરોના ભારતીયો પણ સચિંત બન્યા. જર્સી સિટીમાં સ્થાનિય તંત્ર કે પોલીસ ભારતીયોની સામૂહિક ફરિયાદ સામે પણ નિષ્ક્રિય રહ્યાં. 'હિન્દુ, હિન્દુ', 'ગાંધી, ગાંધી'ના બુમરાણ મચાવતા અદેખાં આવાં તોફાની તત્ત્વોના પથ્થર કે ઈંડાં ફેંકાવાને કારણે કોઈ જખ્મી પણ બન્યા. સારા મોડેલની કાર ધરાવવી કે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો બેકાર હિસ્પેનિકોની આંખમાં કણાની જેમ ખૂંચતા હતા.

આખરે ગુજરાતીઓની આગેવાની નીચે ભારતીયો સંગઠિત થયા. ભારતીયોની સલામતી માટે તેઓએ જાતે જ વ્યવસ્થા ઊભી કરી. તેમજ ઉપરના સ્તરના તંત્રવાહકો સામે ભારપૂર્વક રજૂઆત થઈ. રાજકીય કે જાહેર બાબતોથી ઉદાસીન અને અળગા રહેવાની ભારતીય ભૌતિકવાદી માનસિકતાને 'બિન્દી ભૂંસાવ' ઘટનાએ સખત આંચકો આપ્યો. રાજકીય રીતે સક્ષમ પરિબળ બનવા, તેમજ મહિલાઓ અને સમાજમાં સેવાકાર્ય કરવાની જરૂરિયાત વિશે ભારતીયો હવે સતર્ક બન્યા.

૧૯૯૦ના મધ્યભાગથી ભારતીયોએ ભારતનાં હિતોને જાળવવા માટે જાહેરમાં દેખાવો અને રેલીઓ કાઢી છે. ૧૯૯૮ના અણુધડાકાઓ, ભારતીય વિજ્ઞાનીઓની અમેરિકામાંથી વિનાવિવેક હકાલપટ્ટી, કારગીલનો સંઘર્ષ વગેરે મુદ્દે ન્યૂ યૉર્ક, વૉશિંગ્ટન, સાન ફ્રાન્સિસ્કો વગેરેએ મોટી સંખ્યામાં ભારતીયોને દેખાવ કરતા નિહાળ્યા છે. ભારતીયોએ અંદરોઅંદર ઇન્ટરનેટ પર તથા અહીંના ભારતીય-એથનિક પ્રેસમાં વ્યાપક પ્રમાણમાં એકંદરે ભારતીય પગલાંને સમર્થન આપતાં હોય તેવાં ચર્ચાપત્રો લખ્યાં હતાં. જૂન ૧૯૯૯માં કારગીલમાં પાકિસ્તાનપ્રેરિત આક્રમણ સામે સાન ફ્રાન્સિસ્કોના વિખ્યાત ગોલ્ડન બ્રિજ પર બે હજારથી વધુ ભારતીયોએ દૂર દૂરથી આવીને પાકિસ્તાન દ્વારા થયેલા માનવ અધિકારના ભંગ જેવાં પગલાં સામે ટ્રાફિકને અડચણ કર્યા વિના માનવ સાંકળ રચી હતી. તેના ભારતીય પ્રદેશ-ભાષા-પહેરવેશના વિભેદને ઓગાળીને એક ભારતીય પ્રજા તરીકે જે એકતા અને શાંત દૃઢતા બતાવી હતી (૧૯ જૂન) તે આ લેખકે જાતે જોઈ છે, ઉત્તર કૅલિફોર્નીઆનાં અમેરિકન છાપાં અને ભારતીય પ્રેસમાં ફોટા સાથે અને બીજાં અમેરિકન દૈનિકોમાં ધ્યાન ખેંચે તે રીતે તેના હેવાલો આપ્યા. ભારતીયોની રાજકીય સક્રિયતાના આવા બનાવો એક નોંધપાત્ર ઘટના બની રહી.

અમેરિકામાં જે પ્રકારની રાજવ્યવસ્થા (પોલિટિકલ સિસ્ટિમ) છે, તેમાં મહત્ત્વના નીતિવિષય રાજનૈતિક નિર્ણય કરનાર એક કરતાં વધારે સત્તાકેન્દ્રો છે. પ્રમુખ (વ્હાઇટ હાઉસ), કૉંગ્રેસના બે ધારાગૃહો (કૅપિટોલ હિલ), મિડીઆ, કોર્પોરેટ બળો (વિરાટ વ્યાપાર-ઉદ્યોગહિતો) વગેરે. તેથી આ કે તે સત્તાકેન્દ્રો પર પ્રમુખીય સચિવો, કૉંગ્રેસમેનો વગેરેને મળીને તેમના પર વ્યવસ્થિત રૂપમાં ખંતપૂર્વક દબાણ લાવવાનો વ્યૂહ એ સૌથી અસરકારક રાજનીતિ-દબાણનું રાજકારણ, પોલિટિક્સ ઑવ્ પ્રેસર - ગણાય છે.

અમેરિકાની ખુલ્લી, લોકશાહી રાજવ્યવસ્થામાં દબાણનો રાજનૈતિક વ્યૂહ અપનાવવામાં છેલ્લાં બે-ત્રણ વર્ષથી ભારતીયો ખૂબ ક્રિયાશીલ અને ઠીક ઠીક અસરકારક પણ વર્તાવા માંડ્યા છે.

૧૯૯૫-૯૬ સુધી પાકિસ્તાનની તરફેણ કરતો અને ભારતને માટે હાનિકારક એવા સેનેટર બ્રાઉનનો સુધારો માત્ર પાંચ જ વધુ મતથી મંજૂર થયો હતો. ભારત તરફી સેનેટરો અને ભારતીય-અમેરિકન લૉબી થોડી વધુ સંગઠિત અને સતર્ક હોત તો આમ ન થાત. વળી, ખાલિસ્તાની લૉબી ત્યારે અહીં ભારતીયોના પ્રમાણમાં વધુ સંગઠિત હતી. પણ તે પછી છએક ડઝન કૉંગ્રેસમેનોથી બનેલા 'ઇન્ડિયા કૉકસ ફૉર ઇન્ડિયા એન્ડ ઇન્ડિયન અમેરિકન્સ' સાથે મળીને ભારતીયોની લૉબીએ બ્રાઉનના તેમજ સેનેટર ડેન બર્ટનના ભારતવિરોધી સુધારાઓને ૧૯૯૭માં શિકસ્ત આપી. તે વર્ષે તો ભારતને નશિયત કરવા તાકતા બર્ટન સુધારાનો એટલા ભારે મતથી રકાસ થયો કે ૧૯૯૮માં તે દર વર્ષના ક્રિયાકાંડની જેમ સેનેટમાં રજૂ કરવાની હામ પણ બર્ટનટોળકીએ બતાવી નહિ!

ઇન્ડિયન અમેરિકન ફોરમ ફોર પોલિટિકલ એડ્યુકેશન નામના સંગઠનના ગતિશીલ નેતા સ્વદેશ ચેટરજીએ દર વર્ષની જેમ ઇન્ડિયા કૉકસનું મિલન મે ૧૯૯૮ના અંતમાં વૉશિંગ્ટનમાં યોજ્યું. પણ તેના પખવાડિયા પહેલાં જ ભારતે કરેલાં અણુ પરીક્ષણોને કારણે આ કૉકસના મોટા ભાગના સભ્યો ગેરહાજર રહ્યા. તો પણ ભારત તરફી ગોરા રાજકારણીઓને ધીમે-ધીમે સમજાવવા ભારતીય અગ્રણી કર્મશીલો થોડા જ માસમાં સફળ થયા. પેલોન, ગેરી એકરમેન, શેરોડ બ્રાઉન, બેન્જામીન ગિલમૅન, ટેડ કેનેડી જેવા કૉંગ્રેસની વિદેશનીતિ બાબતની વિવિધ સમિતિઓના પ્રભાવશાળી સભ્યોએ ભારતને નશિયત કરતી ક્લીન્ટન નીતિને હળવી બનાવવામાં ફાળો આપ્યો. કારગીલ કટોકટી સમયે રીપબ્લિકન અને ડેમોક્રેટ પક્ષના ઘણા પ્રભાવશાળી કૉંગ્રેસમેનોએ ભારતના સંયમ સાથેના લશ્કરી પગલાની સરાહના વૉશિંગ્ટન ખાતેના ભારતના કાબેલ એલચી નરેશચંદ્ર સાથે મળીને ભારતીયોની લોબીએ છેલ્લા થોડા મહિનાઓમાં અમેરિકન રાજનીતિજ્ઞો, કૅપિટોલ હિલ અને ખુદ વ્હાઇટ હાઉસમાં ભારત-અમેરિકા સંબંધોને મૈત્રીભર્યા બનાવવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. એમાં ભારતમાં ઉદ્યોગ-વ્યાપારી સાહસોમાં પ્રયોજાયેલ અમેરિકન કોર્પોરેટ લૉબીએ પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

ભારતીયો રાજકીય પ્રવૃત્તિ અને ભાગીદારીનું એક વધુ ઊંચું પગથિયું ચઢવા માંડ્યા છે. રાજકીય માળખા અને વહીવટમાં સ્થાન પ્રાપ્ત કરવામાં તેઓ પ્રયત્નશીલ થયા છે. ૧૯૯૪માં

ત્રણ ભારતીયોએ કૉંગ્રેસમાં ચૂંટાવાની ઉમેદવારી કરી. તેમને અહીંનાં ભારતીય પત્રોએ વ્યાપક ટેકો આપ્યો. અને બીજી પેઢીના યુવાનોએ તેમની ઝુંબેશ સક્રિય રીતે ઉપાડી લીધી. પહેલી પેઢીના ભારતીયોએ સારી એવી ઝુંબેશ સક્રિય રીતે ઉપાડી લીધી. પહેલી પેઢીના ભારતીયોએ સારો ફંડ-ફાળો ભેગો કર્યો. જો કે ત્રણે ય ચૂંટણી હારી ગયા. પણ સમાજ હતાશ થયો નથી. વર્જિનીઆ, વ્યોમાંગ જેવાં રાજ્યોમાં કુમાર બર્વે અને મહિલા નીમી મેકોનીગ્લી જેવાં ભારતીયો જીતીને સારું ધ્યાન ખેંચી રહ્યાં છે. નીમીની ચૂંટણી ધ્યાન ખેંચે તેવી છે. તેના વ્યોમાંગ જેવા 'કાઉબોય' રાજ્યમાં માંડ સો જેટલાં ભારતીય કુટુંબો છે. સ્થાનીય લોકો માટે તેમણે જે સેવા કરી છે, તે મુખ્યત્વે કામ આપી ગઈ. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ એક ભારતીય અમેરિકન તરીકે ચૂંટણી લડતા નથી. તેમ પોતાનાં ભારતીય મૂળિયાં છૂપાવવા માગતાં નથી. તેઓ ભારતીય તેમજ બૃહદ્ અમેરિકન સમાજ માટે કામ કરશે ને કરી રહ્યાં છે. તે પછી, જો કે ફેડરલ સેનેટના ઉમેદવાર તરીક તેઓ હારી ગયાં છે. પણ કુમાર બર્વેની જેમ લઘુમતીઓના હક તેમજ ભારત-અમેરિકી વ્યાપાર સંબંધોને વિકસાવવામાં તેઓ સારું કામ કરી રહ્યાં છે.

વહીવટીતંત્રમાં નટવર ગાંધીએ વૉશિંગ્ટન ડી.સી. શાસનના ફેડરલ સરકારના કરોડો ડૉલર પોતાની આગવી હિસાબી કાર્યવાહીનો અમલ કરીને બચાવી આપ્યા છે. પાટનગરના રેવન્યૂની ખાધ (૧૮૫ મિલિ.ડૉલર, ૧૯૯૫)ને પુરાંતમાં (૪૪૫ મિલિ. ડૉલર, ૧૯૯૯)માં ફેરવી આપવાના તેમના ઇલમથી પ્રભાવિત થઈને 'વૉશિંગ્ટન પોસ્ટે' તેમને 'સેવન બિલ્યન ડૉલર્સમેન' તરીકે નવાજ્યા છે. એનર્જી ક્ષેત્રના નિષ્ણાત ડેવિડ જિરાડ ક્લીન્ટન તંત્રમાં ઉચ્ચ અધિકારી છે. બીજા દેશોની સરકાર સાથે પર્યાવરણ મિત્ર ઊર્જાનીતિ માટે પ્રમુખના સલાહકાર અને પ્રતિનિધિ છે. ઘણા ડૉક્ટરોને કેટલાંક રાજ્યોની મેડિકલ સલાહકાર અને નીતિવિષયક બોર્ડોમાં ત્યાંના ગવર્નરોએ નીમ્યા છે.

ફ્લોરિડાના ડૉ.ઝેક ઝકરીઆ, શિકાગોના નિરંજન શાહ, વર્જિનીઆના ડૉ.ભરત પટેલ બુશથી માંડીને ક્લીન્ટન પાસે રૂબરૂ મળીને અસરકારક રજૂઆતો કરી શકે છે. કારણ આ કે તે પક્ષને માટે ફંડ ભેગું કરી આપવામાં, કે અહીંના પક્ષોની ઝુંબેશ સમિતિમાં તેઓ તેમના કામથી જાણીતા થયા છે. અલબત્ત, કેટલાક જૂજ અપવાદો પણ છે. જુદા જુદા કિસ્સામાં, પણ રાજકીય પક્ષો માટે ભેગા કરાયેલ ફંડ બાબત કરેલ 'સ્કેમ'માં સંડોવાને કારણે લલિત ગઢીઆ અને તુષાર ગાંધી (ગાંધીજીના ભત્રીજા)ની અહીં નોંધ લેવી જોઈએ.

બીજો એક મુદ્દો થોડો સ્પર્શવા જેવો છે, અમેરિકામાં વસ્યા પછી મોટા ભાગના ભારતીયોનો ભારતના રાજકારણમાં અને વિકાસમાં રસ ક્ષીણ થતો રહ્યો છે. ભારતની રાજકીય અસ્થિરતા, તેના શાસકો અને રાજકીય નેતાઓના નીતિશૂન્ય રંગઢંગ, ભૂલભરેલી વિકાસનીતિ વગેરે પણ તેમની રાજકીય ઉદાસીનતા માટે કારણભૂત છે. તો પણ એવા ભારતીયો છે જેઓને ભારતમાં શુ બની રહ્યું છે ને ભારત કઈ દિશામાં આગળ વધવું જોઈએ તે અંગે નિસબત ધરાવે છે. ઇન્દિરા ગાંધીના કટોકટી શાસન સામે લોકશાહી પ્રતિકાર કરવા માટે અહીં ડૉ. મુકુન્દ મોદી વગેરેએ 'ફ્રેન્ડ્ઝ ઑવ્ ઇન્ડિયા સોસાયટી' સ્થાપીને સરસ કામ કર્યું હતું. અને ભારતનાં લોકશાહી બળો સાથે સક્રિય અને સહાયકારક સંપર્ક રાખ્યો હતો. અહીંના ભારતીયોમાં હિન્દુ સંગઠનો અને વિશ્વ હિન્દુ પરિષદની નજીક હોય તેવી સંખ્યા સૌથી વધુ છે. ભાજપ માટે સહાનુભૂતિ ધરાવનાર વર્ગ પણ ખાસો મોટો છે. છેલ્લા દસકામાં ભારતમાં નવી ઉદાર આર્થિક સુધારાનીતિ અપનાવાઈ, વાજપેયી શાસનની સ્થાપના થઈ, ભાજપ કેન્દ્રિય ભૂમિકામાં મુકાયો તેને સમર્થન આપતા હોય તેવા ભારતીયોનો ભારતીય રાજનીતિમાં અગાઉ સૂકાઈ ગયેલો રસ પાછો ઝળકવા માંડ્યો છે. અણુપરીક્ષણ, અમેરિકી નિયંત્રણો, કારગીલ જેવા મુદ્દે પોતાનાં રાજ્યોના કૉંગ્રેસમેનો છથી માંડીને પ્રમુખને પત્રો લખવા કે ઇ-મેલ મોકલવી, છાપામાં તંત્રીને પત્રો લખવા, સભા યોજવી કે ઇન્ટરનેટ પર વિચારોની આપ-લે ને ભારત તરફી પ્રચાર કરવો, વૉશિંગ્ટનમાં રજૂઆત કરવા માટે લૉબીવ્યૂહ અમલમાં મૂકવો, ભારત-અમેરિકા સંબંધો સુધરે તે માટે વ્યવસ્થિત પ્રયાસ કરવા - આ બધી રાજકીય રીતે પ્રસ્તુત બનતી પ્રવૃત્તિઓમાં જાણે ઉભાર આવ્યો છે, એમ મારા અહીંના તપ્પાના દશકાઓ-પર્યન્તના નિરીક્ષણને આધારે કહી શકું. તાજેતરનું એક સૂચક દૃષ્ટાંત થોડું વિગતમાં જોઈએ.

(આવતા અંકે પૂરું)

૩ વર્ષ સુધી 'કુમાર' રૂ.૧૦૦માં જ મેળવો

'કુમાર'ના તદ્દન નવા ગ્રાહક થનાર માટે એક અમૂલ્ય ભેટ

જાન્યુઆરી ૨૦૦૦થી કે ત્યાર પછીના કોઈ પણ માસથી ત્રણ વર્ષ માટે 'કુમાર'ના તદ્દન નવા ગ્રાહક થનારને અને અમોને સીધું લવાજમ મોકલનારને 'કુમાર'ના સ્થાપક કલાગુરુ રવિશંકર રાવળનું સચિત્ર જીવનવૃત્તાંત 'ગુજરાતમાં કલાનાં પગરણ' ભેટરૂપે મોકલાશે. ૯'x૧૧'ના કદનું પાકી બંધાઈનું, ભારે કાગળ પરના સુઘડ મુદ્રણવાળું, અનેક સ્કેચ અને ત્રિરંગી ચિત્રોવાળું, ૪૦૦ પાનાંનું આ પુસ્તક ગુજરાતના કલાસંસ્કારધનનો અમૂલ્ય ખજાનો છે. આપ 'કુમાર'નું ૩ વર્ષનું લવાજમ રૂ.૪૦૦+ભેટ પુસ્તકના રવાનગી ખર્ચના રૂ.૬૦ મળી કુલ રૂ. ૪૬૦ મ.ઓ. અથવા 'કુમાર કાર્યાલય લિ.'ના નામે ચેક/ડ્રાફ્ટથી મોકલી શકો છો. બહારગામની બૅન્કના ચેકમાં બૅન્ક-કમિશનના રૂ.૧૫ વધુ ઉમેરી રૂ.૪૭૫નો ચેક મોકલવો.

આપ લવાજમના રૂ.૪૦૦ ભરી રૂ.૩૦૦નું ભેટ પુસ્તક મેળવો છો. આમ, ત્રણ વર્ષ સુધી આપ 'કુમાર' માત્ર રૂ.૧૦૦માં મેળવવાના હકદાર બનો છો.

માત્ર **૨૦૦** નવા ગ્રાહકો પૂરતી જ આ યોજના મર્યાદિત છે. આજે જ લવાજમ મોકલી આ યોજનાનો લાભ લેશો.

અનુ.| વાચકો લખે છે |પૃ.૧૩૮થી

રહ્યા છે. એ ઋણસ્વીકાર તો સાચા હૃદયે કરવો જ રહ્યો, એટલે જ હવે અંક-૮૬૩-૬૪ વિષે થોડુંક, કારણ કે તે તો હાથવગાં છે અને વાંચી શકાશે.

છેલ્લા ૫૩ વરસથી હું 'કુમાર'નો નિયમિત વાચક રહ્યો છું. એ પહેલાંના પણ કેટલાક અંકો ક્યાંકથી મળ્યા હશે. તો વાંચ્યા હશે. વચમાં ત્રણેક વરસ તે પ્રકટ નહોતુ થતું ત્યારે સતત અજંપો રહેતો હતો. પુનઃ પ્રકટ થયું ત્યારથી તો નિયમિત ગ્રાહક-ચાહક થયો. અંકો બંધાવીને રાખવાનું, તેમાં નોંધ કરવાનું ને બીજાને વાંચવા આપવાનું શરૂ કર્યું. નિવૃત્તિ પછી તો પ્રવૃત્તિ તરીકે 'કુમાર'ના ચાહકો-ગ્રાહકો વધે તે માટે અને આનંદ અભિવ્યક્ત કરવા ક્યારેક આર્થિક સહયોગ પણ આપતો રહ્યો, ક્યારેક તેમાં લખતો પણ થયો પણ અનિયમિત. પરંતુ ડિસેમ્બર ૧૯૯૯નો અંક તો એટલો બધો સ્પર્શી ગયો કે જ્યાં સુધી આ અભિવ્યક્તિ ના થઈ ત્યાં સુધી નિરાંત ના થઈ!

કાવ્યો બધાં જ સારાં છે પણ 'પંખીથી હારું છું' અને 'આદમી' ખૂબ ગમ્યાં. યશવંત શુક્લનું ચારિત્ર્ય તો સરસ છે જ કારણ કે તેમાં નરોત્તમ વાળંદની બળૂકી ભાષા પણ ભળી છે. કાર્ટૂનિસ્ટ 'શિવ'નું યશવંતભાઈનું કાર્ટૂન તેમનું વ્યાપક સ્વરૂપ સાચા અર્થમાં વ્યક્ત કરે છે. હરિકૃષ્ણ પાઠક ગદ્યમાં પણ સરસ વ્યક્ત થયા. લેસર વિષેનો લેખ સારી માહિતી આપે છે. ભારતીય પંચાંગ વિષે પ્રફુલ્લ એ. પરીખનો અનુસંધાન લેખ માહિતી પ્રદાન તો કરે જ છે, પણ સાથે સાથે ઇતિહાસ સાથે પણ અનુસંધાન સાધી આપે છે. તેઓએ ભૂમિકા જ સરસ બાંધી છે કે અઠવાડિયાના સાત વારમાં તેના આરંભવાર અને દિવસના આરંભમાં ક્યાંક ભિન્નતા હોવા છતાં એનાં નામ બધેય એકસરખાં અને એક જ ક્રમમાં છે તેના કુતૂહલથી આ લેખ વિચારપૂર્વક વાંચવો ગમે.

બહાદુરભાઈની ધ્યાનકથા તો ગમે જ, કારણ કે તેમાં જીવનસત્ત્વ હોય છે. 'તારું નામ દશરથ'માં તો રમેશ શાહે કમાલ કરી છે. કથા દ્વારા જ ઉપદેશ અને અનુસરણની પ્રાચીન પરંપરા આવી વાર્તાઓ દ્વારા જ સચવાય છે. પ્રીતિ-બહેનનાં પ્રવાસવર્ણનો તો આપણને પણ તેમની સાથે પ્રવાસ કરાવે છે. કોણ એવું હશે કે જેને સંસ્મરણો વાગોળવાં ના ગમે અને તે પણ વાચકો સાથે! 'હું અને મારો મહોલ્લો' પણ એવું જ આહ્લાદક પ્રતિબિંબ છે.

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૬)માં કૃષ્ણાવતારની વાતો ચાલે છે પણ સાતમા ખંડમાં યુધિષ્ઠિરના કથાનક-વાળો પ્રસંગ જયન્તીલાલ મહેતાની રજૂઆતને સુપેરે ઉજાળે છે. 'પાલીતાણાનું મ્યૂઝીઅમ' કાન્તિ કાપડિયાનો લેખ અત્યંત માહિતીસભર અને રસપ્રદ રહ્યો. આ લેખ દ્વારા સમગ્ર વાચકવર્ગ માટે એક દર્શનીય સ્થાન રજૂ કરીને 'કુમારે' માર્ગદર્શન આપ્યું. લઘુકથા 'મૂળિયાં' પણ સંસ્કૃતિનાં મૂલ્યોને સરસ રીતે રજૂ કરે છે. સંસ્થાપરિચય દ્વારા શિમલાનું ભારતીય ઉચ્ચ અધ્યયન સંસ્થાન એક રાષ્ટ્રિય કેન્દ્રની વિગતે માહિતી આપે છે જે વાચકોને પણ અત્યંત ઉપયોગી નીવડે તેમ છે. આ વખતે પ્રવીણ ન. શેઠે 'અમેરિકામાં ભારતીયો બારાખડીના ચોકઠામાં' ભારતીય માનસને આબેહૂબ રજૂ કર્યું છે.

'આવો, શીખીએ અંગ્રેજી (૨૮)' ધનુભાઈ મહેતા તો લેખક-શિક્ષક, સાચા માર્ગદર્શક બની રહ્યા છે. 'કુમાર' શું તેમના લેખોને પુસ્તક સ્વરૂપે પ્રકટ કરશે? ડૉ.પ્ર.ચુ.વૈદ્ય અને 'પસ્તીનાં પાનાં' જો ક્યારેક 'કુમાર'માં પ્રકટ ના થાય તો કાંઈક મહત્ત્વનું ખૂટે છે તેમ લાગ્યા કરે જ. જો કે હજુ સુધી તેમ બન્યું નથી. 'બેસતું વર્ષ અને ઋણ વૃત્તિ' મનનીય પાનું છે. ૧૯૭૦નું આજે પણ એટલું જ સાચું. પ્રો.દાવરના ત્રણ ગુરુઓ સર્વ શિક્ષક-અધ્યાપક માટે અનિવાર્યપણે પ્રેરણાદાયી છે. દાવરસાહેબની સાલસ અને નમ્ર પ્રકૃતિ તેમાં હૂબહૂ અભિવ્યક્ત થઈ છે. પ્રભુદાસ પટવારીનો સાચો પરિચય મળ્યો, તેઓ વારંવાર કહેતા કે પૂ.રવિશંકર મહારાજને અનુસરવાનો હું પ્રયત્ન કરું છું.

દુર્લભ ટપાલટિકિટ, કંકાવટી, સાહિત્યસંપર્ક, કલાવાર્તા અને માધુકરી વિષે એમ નહિ કહું કે પરંપરાગત છે, પણ ઉત્તમ છે. દર્શના ધોળકિયાએ 'નારાયણ દેસાઈ પંચોતેરમે' સ-રસ રજૂઆત છે અને એ પણ હયાત વ્યક્તિ વિષે. જેથી વાચક-ચાહક સંપર્ક પણ કરી શકે. 'રાષ્ટ્રની સંપત્તિ'માં સાંપ્રદાયિકતાને સ્થાને મૂલ્ય આધારિત અધ્યાત્મને જગવવાની વાત યોગ્ય સમયે અને યોગ્ય રીતે રજૂ થઈ છે.

'સ્થાનસમર્પિત'ના બધા જ સુવિચારો ઉત્તમ છે. વારંવાર વાગોળવા અને જીવનમાં અનુસરવા ગમે તેવા.

આમ, અંક-૧ના સાતત્યને આજ સુધી સાચવીને વધુ ઓજસ્વિતાનું 'કુમારે' દર્શન કરાવ્યું છે એ આ અંકમાં જોવા મળે છે. વિભાગ વધ્યા છે પણ સાત્ત્વિકતા ક્યાંય જોખમાઈ નથી. વધુ ગૌરવપ્રદ અને પ્રેરણા-દાયી બન્યું છે. 'કુમાર'ના સમગ્ર સંચાલન-વહીવટને આ બદલ હાર્દિક અભિનંદન.

- પ્રા. સુરેશ મ. શાહ (અમદાવાદ)

'**કુમાર**' સાથેનો વરસોજૂનો સંબંધ સચવાઈ રહ્યો છે. 'કુમાર'ના જન્મ જેટલાં જ મને પણ વરસો થયાં છે. 'કુમાર' આજે શક્તિમાન યુવાન છે. જ્યારે મને વૃદ્ધા-વસ્થાને કારણે મારા દેહનો ભરોસો નથી.

'કુમાર'ના અત્યાર સુધીના એકેએક અંકનું વાચન મારા જીવનના ઘડતરમાં ઘણું જ અમૂલ્ય અને ઉપયોગી રહ્યું છે. આ સંજોગોમાં સારી રીતે સાચવીને રાખેલા 'કુમાર'ના જૂના અંકો બીજા વાચકોના જીવનના ઘડતરમાં ઉપયોગી બની શકે તેમ સમજીને તે કાઢી નાખવા છે. 'કુમાર'ના જૂના અંકોનો સંગ્રહ અમૂલ્ય ખજાનો છે. જરૂર હોય તેણે સંપર્ક કરવો : ન્યાલચંદભાઈ શાહ, ૬૭, લાવણ્ય સોસાયટી, જીવરાજભાઈ મહેતા હૉસ્પિટલ-ની બાજુમાં, વાસણા, અમદાવાદ - ૩૮૦૦૦૭

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ચીનનું લોકવિજ્ઞાન

તા.૧૫-૨-૭૬. ગ્વાટેમાલામાં ભયંકર ભૂકંપ થયો અને લગભગ પંદર હજાર માણસોના જાન ગયા તેના સંદર્ભમાં વિજ્ઞાન-સામયિક નેચરમાં ચીનના People's Science - લોકવિજ્ઞાન વિષે વાંચ્યું ત્યારે ઘણું આશ્ચર્ય થયું

૧૯૬૬માં ચીનના એક પ્રાન્તમાં આવો જ ભયંકર ભૂકંપ થયો હતો. અને ઘણી જાનની ખુવારી થઈ હતી. એ જ અરસામાં માઓ ત્સે તુંગે શરૂ કરેલી સાંસ્કૃતિક ક્રાન્તિ (Cultural Revolution)નું આંદોલન આખા ચીનમાં ફેલાએલું હતું. સાંસ્કૃતિક ક્રાન્તિના ભાગરૂપે લોકવિજ્ઞાનની પ્રવૃત્તિ શરૂ થઈ અને ભૂકંપની આગાહી કરવામાં જનતાની કેવી રીતે મદદ લઈ શકાય તેના શોધ-વિચાર શરૂ થયાં.

બીજા બધા દેશો કરતાં અને તેમાંયે ભારત કરતાં ચીન એક ખાસ રીતે જુદું પડી આવે છે. ચીનમાં કેટલીયે નૈસર્ગિક પરિઘટનાઓની નોંધ હજારો વર્ષથી વ્યવસ્થિત રખાઈ છે અને સચવાઈ રહી છે. ગ્રહણોની નોંધ, કૉમેટ (પૂછડિયો તારો, ધૂમકેતુ) દેખાયાની નોંધ, સ્ફોટક તારાઓ (Nova, Super nova)ની નોંધ હજારો વર્ષથી સચવાઈ રહી છે અને તેને કારણે ખગોળની કેટલીયે લાંબા ગાળાની નિયમિતતાઓ શોધી શકાઈ છે.

આવી જ રીતે ચીનમાં જેટલા ભયંકર ભૂકંપો થયા છે તેની પણ તારીખ અને ખુવારી સાથેની છેલ્લાં ત્રણ હજાર વર્ષોની નોંધ સચવાયેલી છે. લોકવિજ્ઞાનવાળાઓએ આ નોંધનો અભ્યાસ કર્યો અને તારણ કાઢ્યું કે ભૂકંપો પહેલાં લગભગ ૬થી ૮ કલાક પહેલાં ખાસ પ્રકારના હળવા આંચકા અનુભવાય છે. તથા કૂવાનાં પાણીની સપાટી થોડીક ત્રાંસી થાય છે. વળી, ઢોરઢાંખર તથા અન્ય પશુઓ પણ વિચિત્ર વર્તાવ કરે છે. આ તારણ પછી દેશભરનાં લોકોને આ વિશેષતાઓ અવલોકવાની અને તેમાં જરા પણ નવીનતા લાગે તો અમુક ચોક્કસ જગ્યાએ માહિતી આપવાની તાલીમ આપી.

આ બધું તદ્દન નવું જ હતું. આવડા મોટા દેશમાં ગોઠવાતાં પાંચ વરસ લાગ્યાં. ૧૯૭૧ પછી લોકવિજ્ઞાનનાં પરિણામ જણાવા લાગ્યાં. ૧૯૭૩માં ત્યાં ભયંકર ભૂકંપ થયો. કૂવાનાં પાણીની સપાટી તથા પશુઓના ખાસ પરિવર્તિત વર્તાવ પરથી તેની અગાઉથી આગાહી કરી શકાઈ અને તે સ્થળનાં લોકોને સલામત સ્થળે ખસેડી શકાયાં. લોકોને ખસેડી લીધાં પછી ભૂકંપ થયો અને ૧૦ લાખની વસ્તીવાળું એ શહેર આખું તારાજ થઈ ગયું. શહેર ફરી બાંધવાનું રહ્યું, પણ જાનહાનિ જરા પણ ન થઈ!

૧૯૭૫માં પણ ફરી આવા ભૂકંપની ચીનમાં આગાહી કરી શકાઈ અને જાનહાનિ નિવારી શકાઈ. આપણે એમ કહીએ છીએ કે વિજ્ઞાનને દેશદેશાન્તરના સીમાડા નડતા નથી. તે તો બધા દેશોને સરખું જ લાગું પડે છે. આ વાત તો સાચી છે, પણ તે વિજ્ઞાનનો ઉપયોગ કેમ કરવો તે તો દેશદેશની પરિસ્થિતિ પ્રમાણે નક્કી થાય છે. વિજ્ઞાનનો ઉપયોગ કરવો એ ટેક્નોલૉજિનો વિષય છે. વિજ્ઞાન તો બધા દેશ માટે સરખું પણ ટેક્નોલૉજિ તો દરેક દેશે પોતાની આગવી પરિસ્થિતિ પ્રમાણે વિકસાવવી જોઈએ. હું ઘણી વાર આપણા દેશમાં વપરાતી ઉછીની લીધેલી ટેક્નોલૉજિ (Borrowed Techonology)ની વાત કરું છું તે આ સંદર્ભમાં.

બે બંગાળી નાટક

તા.૧૨-૭-૭૬. ગઈ કાલે 'શરદ શતાબ્દી સમિતિ'ના આશ્રયે દર્પણે રજૂ કરેલું 'નિષ્કૃતિ' નાટક જોયું. શરદબાબુની વિશેષતા તેમનાં સ્ત્રી પાત્રો છે. આ નાટકમાં પણ દામિની મહેતા અને રૂપાન્દે શાહે શરદબાબુની કલ્પનાની બે નારીઓનાં ચિત્રો હૂબહૂ કરી દેખાડ્યાં. પણ ગમે તેમ તોયે શરદબાબુને ભારતીય (અને તેમાંયે બંગાળી ભદ્ર) કુટુમ્બની પરિસ્થિતિ ચીતરવી હતી. છેવટે કુટુમ્બનો પુરુષ વડો, સ્ત્રીઓના કાવાદાવા, પ્રેમ, બલિદાન બધાંથી અલિપ્ત રહી, પોતાની સહજ લાગણીથી દોરવાઈને બધું થાળે પાડે છે. કદાચ શરદબાબુ પોતે પુરુષ છે તેથી છેવટે બધું પુરુષને હાથે ગોઠવી દે છે, પણ...

શરદબાબુ જેવો લેખક 'દર્પણ જેવી રજૂ કરનારી સંસ્થા, દામિની મહેતા, રૂપાન્દે શાહ, કૈલાશ પંડ્યા જેવા કલાકારો, ટાગોર હૉલ જેવું આરામદાયક થીએટર - નાટકનો છેલ્લો સીન પૂરો થયો. પડદો પડ્યો. બે મિનિટ શાન્તિ રહી. લોકોને ખબર ન પડી કે નાટક પૂરું થયું છે! લોકો બેસી રહ્યાં, છેવટે પડદા પાછળથી જાહેરાત થઈ 'અહીં નાટક સમાપ્ત થાય છે.' આખા નાટકમાં મોટી વહુ અને નાની વહુ તથા વચલી વહુને એટલો બધો ઉઠાવ આપ્યો, મોટાભાઈને પૈસા કમાઈ જાણનાર અને બીજી બધી ચિંતા મોટી વહુ પર નાખી દેનાર ચીતર્યા પછી પ્રેક્ષકોને એવી આશા હતી કે છેવટે મોટી વહુ જ નાટકના અન્તે પોતાના માતૃપ્રેમની પરાકાષ્ઠાએ પહોંચશે અને બધું થાળે પાડશે. તેને બદલે જ્યારે મોટાભાઈએ ગોઠવણ કર્યાની જાહેરાત કરી ત્યારે પ્રેક્ષકોને નાટક પૂરું થયું લાગ્યું નહીં અને બેસી રહ્યાં! મૂળ નવલકથા તો મેં વાંચી નથી. પણ નાટ્યરૂપાન્તરકાર અને દર્પણના દિગ્દર્શક બન્ને આ બાબતમાં થાપ ખાઈ ગયા!

તા.૨૪-૮-૯૦. બંગાળી નાટ્યકાર શંભુ મિત્રાની દીકરી સાંવલી મિત્રા જાણીતી નાટકકાર છે. તેણે ભજવેલું બંગાળી નાટક 'નાથવતી, અનાથવત્' બંગાળમાં બહુ લોકપ્રિય છે અને

છેલ્લાં આઠેક વર્ષથી કલકત્તામાં અવારનવાર ભજવાયાં કરે છે. થોડા દિવસો પહેલાં અમદાવાદના ટાગોર હૉલમાં તે ભજવાયું.

નાટકની ભજવણીની બે વિશેષતા છે : એક વિશેષતા એ છે કે આખા નાટકમાં પાત્રો તો ઘણાં છે પણ બધાં પાત્રો સાંવલી એકલી (એક પાત્રી અભિનયની જેમ) ભજવે છે. કથાવસ્તુ મહાભારતમાંથી લીધેલું છે છતાં દર્શકોને છેક સુધી જકડી રાખે છે.

નાથવતી એ દ્રૌપદી. પાંચ પાંચ પતિ હોવા છતાં અનેક પ્રસંગોએ દ્રૌપદી અનાથતા અનુભવે છે. આવા પ્રસંગોનું ચિત્રણ નાટકમાં આવે છે. છેવટનો પ્રસંગ યુદ્ધ પૂરું થયે, પરિક્ષિતને રાજપાટ સોંપી પાંડવો હિમાલય ઉપર જાય છે તેનો છે. હિમાલય ઉપર હાડ ગાળવામાં સૌથી પહેલો વારો દ્રૌપદીનો આવે છે. ત્યારે યુધિષ્ઠિર કહે છે કે સ્વયંવરમાં મત્સ્યવેધ અર્જુને કર્યો હતો એટલે દ્રૌપદીને અર્જુન તરફ પક્ષપાત હતો અને તેથી તેનું પાપ વધી ગયું. યુધિષ્ઠિરની આંખોમાં ત્યારે દ્રૌપદીને ઈર્ષાભાવ દેખાય છે. દ્રૌપદી રસ્તા ઉપર ઢળી પડે છે. પાંડવો આગળ ચાલે છે. પણ થોડી વારે ભીમ પાછો આવી દ્રૌપદીને માથે હાથ ફેરવે છે. ત્યારે દ્રૌપદી કહે છે, 'હે ભગવાન, મને આવતા ભવમાં એક જ પતિ આપજે અને તે ભીમ.' અને નાટક પૂરું થાય છે.

ડિસેમ્બરની બે વાત – હડતાળ અને ગ્રીનકાર્ડ

તા.૧૨-૧૨-૭૬. અમારા પડોશીનો દીકરો અમેરિકાથી પરણવા આવ્યો છે એટલે લગ્નના બજારમાં થતી હરાજી જોવા-સાંભળવા બહુ મળે છે. રોજની સરેરાશ ત્રણ કન્યા જુએ છે અને નાપસંદ કરે છે. ગઈ કાલે બૅંગ્લોરથી એક સજ્જન પોતાની દીકરીને લઈને બતાવવા આવ્યા હતા. અત્યાર સુધી હું એમ માનતો હતો કે તમારે તમારા કારખાનાંનો માલ ખપાવવો હોય તો સેમ્પલ લઈને દેશ-દેશાવરનાં ઘરાકોને બતાવવા નીકળવું પડે. પણ હવે તો લાગે છે કે અમેરિકામાં ગ્રીનકાર્ડ ધરાવતા જુવાનને તમારી દીકરી આપવી હોય તો પણ તમારે સેમ્પલ સાથે રૂબરૂમાં હાજર થવું પડે છે! હજી આ ઘરાકે એકે સેમ્પલ પસંદ કર્યું નથી અને ડિસેમ્બર પૂરો થાય તે પહેલાં માલ જોઈ તપાસી પેક કરાવીને સાથે અમેરિકા લઈ જવો છે!

સમાજમાં વિલાયતી શિક્ષણ આવે અને લગ્નના દેશી રિવાજો ચાલુ રહે. છોકરાઓ ખૂબ ભણે. છોકરીઓ સારું સેમ્પલ થઈ શકે તેટલા માટે જ ભણે એટલે પછી આવી વિકૃતિઓ ઊભી થાય. પણ ખૂબી એ છે કે છોકરાનાં માબાપ કે છોકરીઓનાં માબાપ કોઈને આ 'વિકૃતિ' છે એમ લાગતું જ નથી!

તા.૧૮-૧૨-૭૬. અત્યારે શિક્ષણ જગતમાં હડતાળનું વાતાવરણ ચાલે છે. એલ.ડી.એન્જિનીઅરિંગ કૉલેજના વિદ્યાર્થીઓ હડતાળ ઉપર છે, કારણ કે કૉલેજ-કૅમ્પસનો અમુક ભાગ બસ સ્ટૅન્ડ કરવા માટે સરકાર મ્યુનિસિપાલિટીને આપી દેવા માગે છે. ૧૯૭૩-૭૪નું નવનિર્માણ આંદોલન આ કૉલેજની હડતાળથી જ શરૂ થયું હતું. એટલે સરકાર પણ ચેતી ગઈ છે અને અત્યારથી જ સી.આર.પી. પોલીસના પહેરા ગોઠવાઈ ગયા છે.

વચ્ચે ખેતીવાડી યુનિવર્સિટીના બધા જ વિદ્યાર્થીઓએ હડતાળ કરી હતી કારણ કે શિક્ષણનું માધ્યમ ગુજરાતી છે તે બદલીને અંગ્રેજી કરવું જોઈએ. હા, ભાઈ હા, જે દેશમાં ૯૦ ટકા ખેડૂતોને વાંચતાં-લખતાં પણ ન આવડતું હોય ત્યાં ખેતીવાડી શિક્ષણની ભાષા અંગ્રેજી હોય કે ગુજરાતી તેથી શું ફેર પડવાનો!

ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપક સંઘે બધા કૉલેજ-શિક્ષકોને આદેશ આપ્યો છે કે તેમણે મદુરાઈ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષકપણું સ્વીકારવું નહિ! મદુરાઈ યુનિવર્સિટીના શિક્ષકોએ પરીક્ષા બહિષ્કારનું શસ્ત્ર ઉપાડ્યું છે એટલે તે યુનિવર્સિટી બહારથી પરીક્ષકો મેળવવાનો પ્રયત્ન કરે છે તે કારણે ગુજરાતના અધ્યાપક સંઘે આ આદેશ આપ્યો છે.

મદ્રાસ યુનિવર્સિટીની કૉલેજના શિક્ષકો ગઈ કાલે સમૂહ કૅઝ્યુઅલ લીવ પર હતા! અત્યાર સુધી શિક્ષણ ક્ષેત્રે અજંપો વિંધ્યાચલની ઉત્તર તરફની યુનિવર્સિટીઓમાં જ હતો પણ હવે તો તે સમગ્ર ભારતમાં ફરી વળ્યો છે. સામાન્ય રીતે શાળા-કૉલેજોમાં હડતાળનો પવન જુલાઈ-ઑગસ્ટમાં વાય છે. ડિસેમ્બરમાં તો પરીક્ષાનો સમય નજીક આવે અને બધે શાન્તિ થઈ જાય. પણ આ વર્ષની નવાઈ છે કે ડિસેમ્બરમાં પણ હડતાળીઓ પવન પૂરજોશમાં વાઈ રહ્યો છે!

પુસ્તક-પ્રેમી પંતપ્રધાન

તા.૨-૧-૭૭. તા.૨૪મી ડિસેમ્બરે ગુજરાતમાં એકાએક પ્રધાનમંડળ રચાઈ ગયું. અગાઉથી કશી આગાહી નહિ, કોઈ જાતની અફવા પણ નહિ. પહેલવેહલી ૨૨મી ડિસેમ્બરે સાંજે રેડિઓ પર ખબર આવી કે હિતુભાઈ કેન્દ્રમાં પ્રધાન થાય છે અને ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી લેવાશે અને તરત જ પ્રધાનમંડળ રચાશે. ૨૩મીએ સવારે ગવર્નરને માધવસિંહ મળ્યા અને પોતાના પ્રધાનમંડળનાં નામ આપ્યાં. આ બધું એટલું બધું ઝડપથી અને એકાએક થઈ ગયું કે તેનાં કેટલાંક હાસ્યાસ્પદ પરિણામો દેખાયાં.

સરકારી નોકરો, સચિવાલયના સાહેબો અને સરકારી મોટરોના ડ્રાઈવરોની મુશ્કેલીનો પાર નહિ. ડિસેમ્બરની ૩૧મીએ કૅઝ્યુઅલ લીવની ગણતરી માટેનું વર્ષ પૂરું થાય એટલે વરસમાં જે કાંઈ રજા બચી હોય તે બધા ડિસેમ્બરમાં ભોગવે. ઘણાં ખાતાં તો ભાગ પાડી લે. ડિસેમ્બર ૧૦થી ૨૦ સુધી અડધા કર્મચારી રજા લે અને બાકીના અડધા ૨૦થી ૩૧ સુધીમાં લે. આમાં અડધાએ તો કૅઝ્યુઅલ રજા ભોગવી, પણ જેનો ૨૦થી ૩૧માં વારો હતો તેના ભોગ લાગ્યા. ૨૩મીએ પ્રધાનમંડળ રચાયું. એકાએક તૈયારી કરવાની આવી. બેઠક બોલાવી, દરેક પ્રધાનને સ્ટાફ આપવો, ૯ મહિનાના ગવર્નરરાજમાં

(અનુસંધાન પૃ.૧૬૦)

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શનિવાર ૨૦ જૂન, ૧૯૪૨ :

પ્રિય કિટી,

સીધી શરૂઆત કરું. અત્યારે ઘરમાં ઘણી શાંતિ છે. મમ્મી-પપ્પા બહાર ગયાં છે અને માર્ગટ પિંગ પૉંગ રમવા ગઈ છે.

થોડા વખતથી હું પણ ઘણી વાર પિંગ પૉંગ રમું છું. અમને પિંગ પૉંગ ખેલાડીઓને આઇસક્રીમ તરફ વિશેષ પ્રેમ. ખાસ કરીને ઉનાળામાં પિંગ પૉંગ રમ્યા પછી ખૂબ ગરમી થવા માંડે ત્યારે સામાન્ય રીતે અમે નજીકની કોઈ આઇસક્રીમની દુકાને પહોંચી જઈએ, ઝાઝું કરીને ડેલ્ફીમાં કે ઓઆસિસમાં જ્યાં યહૂદીઓને પરવાનગી છે. અમારે આ માટે ખિસ્સાખર્ચના વધારે પૈસા પણ માગવા પડતા નથી; કારણ કે અમને એવો કોક દયાળું દાતા ભાઈ કે બૉયફ્રેન્ડ મળી જાય જે અમને પ્રેમથી, અમારા ખિસ્સાને પરવડે તેથી વધુ, આઇસક્રીમ ખવડાવે.

મને લાગે છે કે મારી ઉંમરે આ બૉયફ્રેન્ડ વિશે વાંચીને તને આશ્ચર્ય થતું હશે. ખેર, અમારી સ્કૂલમાં એ સિવાય છૂટકો જ નથી. જેવો કોક છોકરો પૂછે કે ઘર સુધી સાઇકલ પર સંગાથ કરું અને વાતો શરૂ થાય અને ખાતરીપૂર્વક દસમાંથી નવ છોકરાઓ ગળાડૂબ પ્રેમમાં પડી જ જાય. થયું, પછી તમને આંખોથી ઓઝલ ન થવા દે. પછી જ્યારે હું એમના નયનકટાક્ષ પર ધ્યાન ન આપું અને ધીમે ધીમે પૅડલ મારવા માંડું ત્યારે અલબત્ત ઊભરો શમી જાય.

જો વાત વધીને 'પિતાજીની પરવાનગી' એ પહોંચવા માંડે તો પછી સાઇકલ થોડી આડીઅવળી ચલાવીને મારું દફતર નીચે પાડી દઉં અને જ્યારે પેલો દફતર લેવા વાંકો વળે કે વિષય જ બદલી નાખું.

પણ આ તો નિર્દોષ ઇશારા થયા. કોક વળી ચુંબન કરવાવાળા તો વળી હાથ પકડવાવાળા પણ નીકળે. પણ એ તો મારી પાસે આવવાની ભૂલ જ કરે. આવે વખતે હું સીધી સાઇકલ પરથી ઊતરીને સાથે જવાની જ ના પાડી દઉં અને નહિ તો સ્પષ્ટ શબ્દોમાં મારાથી ગાઉ એક દૂર રહેવાની સૂચના આપી દઉં.

ચાલો, આજે આપણી મૈત્રીની શુભ શરૂઆત થઈ. હવે કાલે મળશું. ત્યાં સુધી આવજો.

લિ. ઍન.

રવિવાર ૨૧ જૂન, ૧૯૪૨ :

પ્રિય કિટી,

આજકાલ અમારા વર્ગમાં ઇન્તેજારીનું એક મોજું ફરી વળ્યું છે. કારણ કે થોડા દિવસોમાં શિક્ષકોની મીટિંગ ભરાશે જેમાં અમારું પાસ-નાપાસનું ભવિષ્ય ઠરશે. કોણ પાસ થશે અને કોણ નાપાસ એની અંદાજપંચી ચાલુ છે. અમારા પાછળ બેસતા વિમ અને જૅકીએ મારું અને મીપ-ડી-જુંગનું ઘણું જ મનોરંજન કર્યું છે. એમણે એટલી તો શરતો મારી છે કે રજાઓમાં વાપરવા એમની પાસે કાણી કોડીએ રહેશે નહિ. 'તું પાસ થઈશ', 'ના નહિ થાય' એ સવારથી સાંજ સુધી ચાલ્યા કરે છે. શાંતિ રાખવાની મીપની વિનંતીઓ કે મારી ગુસ્સો ભરેલી નજરો એમને શાંત કરી શકતી નથી.

મને પૂછો તો લગભગ એક ચતુર્થાંશ વર્ગને નાપાસ જ કરવો જોઈએ. કેટલાક તો સાવ જ મૂરખ છે. પણ આ જગતમાં શિક્ષકોનું ભલું પૂછવું... આશા રાખીએ કે આ વખતે કદાચ ભૂલથી સાચો નિર્ણય લેશે.

મારે કે મારી બહેનપણીઓ માટે નિર્ણય કરવાનું કોઈ કારણ નથી. અમે, ભલેને જેમ તેમ, પણ પાસ તો થઈ જ જશું. જોકે ગણિતમાં મને જરાક શંકા છે. હવે ધીરજ રાખ્યા સિવાય છૂટકો જ નથી. પરિણામ આવે ત્યાં સુધી અમે એકબીજાંને આનંદમાં રાખીએ છીએ.

મને મારા બધા જ શિક્ષકો સાથે સારું બને છે. કુલ મળીને નવ શિક્ષકો છે - સાત શિક્ષકો અને બે શિક્ષિકાઓ. શાળાના જૂના ગણિત-શિક્ષક શ્રી કેપ્ટર ઘણા વખત સુધી મારી પર નાખુશ હતા. કારણ કે હું છું જરા વાતોડિયણ. એટલે એક વાર મારે 'વાતોડિયણ' વિષય પર નિબંધ લખવો પડેલો. હવે 'વાતોડિયણ' વિષય પર તે શું લખવું? એ ક્ષણે તો નોટમાં એ નોંધી લીધું અને આગળ વિચાર સાંજ સુધી મુલતવી રાખીને જરા શાંત બેસવાનો પ્રયત્ન કર્યો.

એ સાંજે બાકી વિષયોનું ઘરકામ પતાવીને આ વિષયને લઈને વિચાર કરવા બેઠી. મોંમાં પેન ચગળતાં નક્કી કર્યું કે છૂટા છૂટા અને મોટા મોટા અક્ષરે નિબંધ લખવો અને વાતો કરવાની જરૂરિયાત સાબિત થાય એમ લખવો. વિચાર કરતાં અચાનક એક ઝબકારો થયો અને કહ્યા પ્રમાણે ત્રણ પાનાં ભરીને નિબંધ લખી નાખ્યો. મારા મુખ્ય મુદ્દા હતા : વાતો કરવી એ સ્ત્રીની લાક્ષણિકતા છે. એને કાબૂમાં રાખવા હું

પ્રયત્ન જરૂર કરીશ પણ આ (અવ)ગુણ સંપૂર્ણપણે સુધારી શકાશે નહિ, કારણ કે મારી મા મારા જેટલી જ અને કદાચ વધારે વાતોડિયણ છે. આવા આનુવંશિક ગુણધર્મ માટે કોઈ પણ શું કરી શકે? મારી આ દલીલો વાંચીને શ્રી કેપ્ટર ખૂબ હસ્યા. તો પણ જ્યારે મેં વાતો કરવાનું ચાલુ જ રાખ્યું ત્યારે વળી પાછો નિબંધ લખવાનો આવ્યો. આ વખતનો વિષય હતો 'અસાધ્ય વાતોડિયાપણું.' એ પણ લખીને આપ્યો પછી બે ક્લાસ સુધી બધું ઠીક ચાલ્યું પણ છેવટે ત્રીજા ક્લાસમાં એમની ધીરજ ખૂટી. એમણે કહ્યું, 'એન, વાતો કરવાની શિક્ષામાં તારે 'બક બક બક બક બતકબાઈ' વિષય પર નિબંધ લખવાનો છે.' ક્લાસમાં જોરદાર હાસ્યનું મોજું ફરી વળ્યું. આ વિષય પરની મારી મૌલિકતાની સીમા આવી લાગી હતી તો પણ મનેય હસવું આવ્યું. મારે કોઈ નવી જ અને સંપૂર્ણ રીતે મારી જ કલ્પના શોધવાની હતી. સદ્‌નસીબે મારી બહેનપણી સેની, જે સરસ કવિતા લખી જાણે છે એ કાવ્યાત્મક નિબંધ લખવાની મદદ કરવા સામે ચાલીને આવી. હું તો એકદમ ખુશ થઈ ગઈ. કેપ્ટર સાહેબનો ઇરાદો આવો વિચિત્ર વિષય આપીને મને મહાત કરવાનો હતો. હવે એને જ શેર સાથે સવા શેર થઈને જવાબ આપીશ. એકદમ અનુરૂપ કવિતા લખી. એક બતક-માતા હંસ-પિતા અને એનાં ત્રણ બચ્ચાંના એમાં વાત હતી. બચ્ચાં ખૂબ બકબક કરતાં એટલે પિતા એમને ખૂબ માર મારીને મારી નાખે છે એવી વાત હતી. સારા નસીબે કેપ્ટર સાહેબે એનો માર્મિક વિનોદ પારખ્યો અને કવિતા આખા ક્લાસને પોતાની ટિપ્પણી સાથે વાંચી સંભળાવી. બાકીના બીજા ક્લાસમાં પણ વાંચી.

ત્યારથી મને ક્લાસમાં વધારાના કામ વિના વાતો કરવાની છૂટ છે. હકીકતે કેપ્ટર સાહેબ ઘણી વાર એની પર વિનોદ પણ કરે છે.

લિ. એન.

બુધવાર ૨૪મી જૂન, ૧૯૪૨ :

પ્રિય કિટી,

આજકાલ ભયંકર ગરમી છે. અમે નીતરીએ છીએ. અને આ ગરમીમાં મારે બધે જ ચાલતાં જવું પડે છે. ખરેખર હવે મને ટ્રામની કિંમત સમજાય છે. ખેર, અમ યહૂદીઓ માટે એ તો વર્જિત સાહ્યબી છે. અમારે માટે તો ટાંગા ટૅક્સી જ ભલી. સ્કૂલની નાસ્તાની રિસેસમાં મારે યાન લ્યૂકેનસ્ટ્રાટમાં દાંતના ડૉક્ટર પાસે જવાનું હતું. મારી સ્કૂલ સ્ટાડ્સ્ટીમરટ્યૂનેનમાં. ત્યાંથી આ ઘણું જ દૂર છે. એ દિવસે બપોરે હું સ્કૂલમાં સૂઈ જ ગઈ હોત, પણ સારા નસીબે આ ડૉક્ટરની મદદનીશ બહેન સારી છે. એણે મને પીણું આપ્યું.

અમને ફક્ત ફેરીની છૂટ છે. યોસેફ ઇસરાએલસ્કેડમાં એક નાની હોડી છે. એનો માલિક અમને લઈ જવા તરત રાજી થયો હતો. આ કપરો સમય કાંઈ ડચ લોકોને વાંકે નથી આવ્યો!

મને એમ થાય છે કે સ્કૂલે જવું ન પડે તો કેવું સારું? એક તો મારી સાઇકલ ચોરાઈ ગઈ અને પપ્પાએ મમ્મીની સાઇકલ એક ક્રિશ્ચયન કુટુંબને સંભાળવા આપી દીધી છે. ભગવાનનો આભાર કે રજા પડવાને બહુ વાર નથી. હજી એક અઠવાડિયું છે, પછી આ યાતનાનો અંત આવશે. કાલે એક મજાની વાત બની. હું સાઇકલ સ્ટૅન્ડ પાસેથી પસાર થતી હતી ત્યાં કોકે મને બૂમ પાડી. આસપાસ જોયું તો પાછલે દિવસે મારી બહેનપણી ઇવાને ત્યાં જોયેલો સોહામણો છોકરો મને બોલાવતો હતો. થોડા સંકોચ સાથે મારી પાસે આવ્યો અને પોતાની હેરી ગોલ્ડબર્ગ તરીકે ઓળખાણ આપી. મને થોડું આશ્ચર્ય થયું કે આને મારી તે શું જરૂર પડી હશે. પણ જવાબ માટે રાહ ન જોવી પડી. એણે મારી સાથે સ્કૂલ સુધી સંગાથ કરવાની ઇચ્છા જણાવી. 'જરૂર, આમે ય આપણો રસ્તો એક જ છે', મેં જવાબ આપ્યો. અને અમે સાથે થયાં. હેરી સોળ વર્ષનો છે અને એની પાસે વાતો કરવાના વિષયનું વૈવિધ્ય ઘણું છે. બીજા દિવસે પણ એ મારી રાહ જોતો હતો. અને મને લાગે છે કે હવે એ રોજ જ જોશે.

લિ. એન.

અનુ.। પસ્તીનાં પાનાં [પૃ.૧૫૮થી

બધું અંગ્રેજીમાં ચાલતું તે ગુજરાતી ટાઇપિસ્ટોને ઘેર બેસાડેલા, તે બધાને પાછા નીમવા એટલે તરત જ બધાની રજા કૅન્સલ થઈ. ૧૮ પ્રધાનોની ૧૮ મોટરો તૈયાર કરવાની એટલે બિચારા ડ્રાઇવરોની પણ રજા કૅન્સલ થઈ! ગુજરાતમાં પ્રધાનમંડળ રચાયું તો કેટલાને માથે કેટલી બધી આપત્તિ આવી પડી! પણ હવે મૂળ વાત પર આવું.

ગુજરાતના આ પંતપ્રધાન માધવસિંહ સોલંકી વિશે આજે શેખાદમ આબુવાલાનો લેખ વાંચ્યો. આ શેખાદમને ઓળખ્યો? પેલી ગઝલ 'ચમકતો ને દમકતો શાહજહાંનો મહેલ જોવા દે, મને ધનવાન મજનુએ કરેલો ખેલ જોવા દે' વાળો. તે આ સોલંકીનો મિત્ર છે, કારણ કે સોલંકી પહેલાં ગુજરાત સમાચારના તંત્રીવિભાગમાં કામ કરતા હતા. એક વાર શેખાદમ સોલંકીને ઘેર મળવા ગયા. ઘણો વખત રાહ જોઈ પણ સોલંકી આવ્યા નહિ. ત્યારે સોલંકીનાં પત્ની કહે, 'એમનો વખત તો થઈ ગયો છે, જરૂર આવી જવા જોઈએ. પણ એકાદ બુકસ્ટૉલમાં જો ચઢી ગયા તો પછી સમયનું કાંઈ ઠેકાણું નહિ!' વિવિધ વિષયો પર પુસ્તકો વાંચવાનો કેટલો શોખીન જીવ! જ્યારે પાકિસ્તાનમાં યાહ્યાખાનને સત્તા છોડવાનો વારો આવ્યો ત્યારે તેણે ભુત્તો પાસે ૨૫ બાટલી સ્કોચ વ્હિસ્કી માગ્યો હતો. શેખાદમ લખે છે કે માધવસિંહને એવો પ્રસંગ આવે તો આખું મા.જે. પુસ્તકાલય જ માગે!

શેખાદમ રાજકારણી વ્યક્તિ નથી. તે તો કવિ અને સાહિત્યનો માણસ છે. તેથી તેણે લખેલી આ વાતની કિંમત ઘણી વધી જાય છે. □

એક અદ્ભુત લેસર ટેક્નોલૉજિ

પ્રા. સુરેશ ર. શાહ

મેઈમૅને બનાવેલું સૌપ્રથમ લેસરયંત્ર જુલાઈ, ૧૯૬૦માં કાર્યરત થયું. તેનાં થોડાક જ માસ પછી ૧૯૬૧ના પ્રારંભમાં સોરોકીન અને સ્ટિવન્સ નામના બે વિજ્ઞાનીઓએ આઈબીએમ (IBM) પ્રયોગશાળામાં બીજા એક નવા લેસરયંત્રની જાહેરાત કરી.

તેમણે કેલ્સિઅમ ફ્લોરાઈડ યજમાન સ્ફટિકમાં થોડાક યુરેનિઅમના પરમાણુઓની અશુદ્ધિઓ ઉમેરીને સ્ફટિક બનાવ્યો હતો. તેમાંથી ઉત્સર્જિત થતાં લેસરપ્રકાશની બે અગત્યની વિશિષ્ટતા હતી. તેમાંથી ઉત્સર્જિત થતો લેસરપ્રકાશ દૃશ્યમાન રેન્જનો નહોતો પણ અદૃશ્ય અલ્ટ્રાવયલિટ (UV) પ્રકાશ હતો. તેની આવૃત્તિ ૧૨x૧૦^૧૪ હર્ટ્ઝની હતી. તેની તરંગલંબાઈ ૨૫૦૦ AU એટલે કે ૦.૨૫ માઇક્રોમીટર હતી. આની બીજી ખૂબી એ હતી કે આ યંત્ર ઓછા તાપમાને એટલે કે ઓરડાના તાપમાને કાર્ય કરતું હતું. એટલે તેના માટે શીતનકાર્ય જરૂરી નહોતું. વળી, અશુદ્ધિના પ્રકારમાં થોડો ફેરફાર કરીને તેમણે સ્ફટિક રચનામાં થોડો ફેરફાર કર્યો. આટલા ફેરફાર પછીથી લેસરયંત્રમાંથી જે લેસરકિરણ બહાર પડ્યું તે અદૃશ્ય પ્રકાશ નહોતો પણ દૃશ્યમાન પ્રકાશની રેન્જમાંનો રાતો પ્રકાશ હતો. તેની તરંગલંબાઈ ૭૦૮૦ AU એટલે કે ૦.૭૦૮ માઇક્રોમીટર હતી અને તેની આવૃત્તિ ૪.૨૫x૧૦^૧૪ હર્ટ્ઝ હતી. વળી, તે નીચા તાપમાને હતું તેથી કોઈ શીતન - વ્યવસ્થા જરૂરી નહોતી.

ગૅસ લેસર


ઉપરોક્ત બન્ને લેસરમાં સામાન્ય બે કે ત્રણ સ્તરોને બદલે ચાર સ્તરોનું આયોજન હતું. ભૂમિસ્તર (G) અને ઉચ્ચસ્તર (H) ની વચ્ચે બીજા બે સ્તરો હતા. ભૂમિસ્તર (G)ની ઉપર ઉત્તેજિત સ્તર (F) અને તેની ઉપર મેટાસ્ટેબલ સ્તર (M) હતા. આમ કરવાથી લેસરકાર્ય લાંબા ગાળા સુધી ચાલુ રહેતું. ઉપરાંત નીચલા સ્તરમાં પરમાણુની વસ્તીનો ઘટાડો કરવા એટલે કે પંપન કાર્ય માટે ફ્લેશ લેમ્પને બિનજરૂરી ચલાવવો પડતો નથી. આથી ઊર્જાનો વ્યય ઓછો થાય છે અને સ્ફટિક ઓછો ગરમ થાય છે. આમ, આ નવી પદ્ધતિ વધુ ફાયદાકારક જણાઈ છે. છતાં મેઈમૅનની માફક આ પણ ઘન દ્રવ્ય આધારિત લેસર હતું.

ત્યાર પછી બેલ પ્રયોગશાળાના અલીજવાન અને તેના બે સાથીઓએ સૌપ્રથમ ગૅસ દ્રવ્ય આધારિત - ગૅસ લેસર ઈ.સ. ૧૯૬૧માં કાર્યરત કર્યું હતું. એ વેળાએ આ ગૅસ લેસર અગાઉના ઘન દ્રવ્ય આધારિત લેસર જેટલું શક્તિશાળી નહોતું. તે એટલું પ્રબળ નહોતું કે હીરામાં છિદ્ર પાડી શકે કે લોખંડને પિગાળી શકે; પણ તેનો અધિક સારો ગુણ એ હતો કે તે અધિક સુસંબદ્ધતા ધરાવતું હતું. સ્ફટિકવાળા લેસરયંત્રમાંથી લેસર સ્પંદનો - ઝબકારા જ મળતા હતા જ્યારે ગૅસ લેસરથી સતત તરંગમય (continuous - CW) લેસરનું ઉત્સર્જન થતું.

આ લેસરયંત્ર માટે તેમણે ૮૦ સે.મી. લાંબી અને લગભગ ૧.૫ સે.મી. વ્યાસની ક્વાર્ટ્ઝની ટ્યૂબ લીધી હતી. તેમાં હિલિઅમ અને નિયૉન વાયુનું પ્રમાણ ૧૦.૧ રાખ્યું હતું. ક્વાર્ટ્ઝના બન્ને છેડે બતાવ્યા પ્રમાણે ધાતુની બે રિંગો જેવી વ્યવસ્થા હતી. તેમાં બન્ને છેડે એકએક પરાવર્તકો ગોઠવ્યાં હતાં. બન્ને પરાવર્તકો વચ્ચેનું અંતર ૧ મીટર હતું. ટ્યૂબમાંના વાયુઓના પરમાણુઓને ઉત્તેજિત કરવા રેડિયો આવૃત્તિ જનરેટર (R.F. Generator) જેવું વિદ્યુત જનરેટર ગોઠવ્યું હતું. આમ, આવી રીતે અત્રે પંપનકાર્ય કરાયું હતું. આમાંથી ઉત્સર્જિત થતો લેસર પ્રકાશ અલ્ટ્રાવાયલિટ પ્રકાશ હતો. નિયૉનના પ્રમાણમાં થોડો ફેરફાર કરવાથી ઇન્ફ્રારેડ પ્રકાશ અને દૃશ્યમાન લેસર પ્રકાશ પણ મેળવાતો. આ ઉપરાંત પણ બીજાં કેટલાંક He-Ne લેસરો વિકસાવાયાં છે. આવા વિવિધ હિલિઅમ-નિયૉન લેસરોમાં મળતો પાવર થોડા મિલિવૉટથી માંડીને ૭૫ મિલિવૉટ રેન્જમાં હોય છે. આવા સૌપ્રથમ લેસરયંત્રમાં ૧૫ મિલિવૉટ પાવર મળતો હતો. ગૅસ લેસરો વિકસાવવામાં બેલ લેબોરેટરીમાં જ કાર્ય કરતાં ભારતીય વિજ્ઞાની ડૉ.સી.કે.એન. પટેલનો ફાળો પણ અગત્યનો અને નોંધપાત્ર હતો.

લેસરના વિવિધ પ્રકારો

હાલમાં વપરાતા લેસરોમાં He-Ne લેસરોનો ઉપયોગ નોંધપાત્ર અને ઊંચા સ્થાને છે. તેના વડે મળતું પેન્સિલની અણી જેવું પાતળું કિરણ સર્વેક્ષણના કાર્યોમાં, ગોઠવાયેલી પાઈપલાઈનો ઊંચીનીચી નથી તેમજ બરાબર ગોઠવાઈ છે કે કેમ તે જોવા માટે જ્યાં લેસર વડે ધાતુને કે પદાર્થને કાપવાનો હોય ત્યાં તથા સૉ મિલમાં યંત્રને માર્ગદર્શક-પથદર્શક બનાવવા માટે ખાસ વપરાય છે. જો કે ઉદ્યોગમાં અત્યારે સૌથી અધિક સેમિકંડક્ટર-અર્ધવાહક લેસરો વપરાય છે, જેની ચર્ચા આગળ ઉપર કરીશું.



ગૅસ લેસરની રચના

આ ઉપરાંત He-Ne લેસરોનો ઉપયોગ વર્ગકાર્યમાં નિર્દેશન માટે થાય છે. આ ઉપરાંત છૂટક વેપાર કરતા - રીટેલ આઉટલેટો અને મોટા સ્ટોરોમાં સ્કેનર તરીકે, મોટા સભાગૃહોમાં વ્યાખ્યાતા જ્યારે સ્લાઈડો અને ફિલ્મોથી સમજાવતાં હોય ત્યારે અંધકારમાં આવા લેસર ટોર્ચ વડે નિર્દેશન કરવામાં વપરાય છે. આ ઉપરાંત વિવિધ ડિસ્પ્લે-ભભકાદાર પ્રદર્શનોમાં તેમજ હોલોગ્રામ બનાવવામાં વપરાય છે.

સમય સાથે નવાં નવાં લેસરયંત્રો વત્તાઓછા ફેરફારો સાથે થતાં રહ્યાં. કોઈમાં લેસરકિરણની તેજસ્વિતા વધી તો બીજા કોઈમાં વિવિધ તરંગલંબાઈનાં આવાં કિરણો મળતાં. વળી, બીજાં કોઈ ખર્ચની દૃષ્ટિએ સરળ બન્યાં તો બીજા વળી કદમાં અને આકારમાં નાનાં અને વાપરવામાં સુગમ થાય તેવાં બન્યાં. નિયોડાઈમિઅમવાળું કાચનું લેસર આમ તો રૂબી લેસરની માફક જ કાર્ય કરે છે. પણ બે હજાર જૂલ ઊર્જાવાળો ઇન્ફ્રારેડ લેસર પ્રકાશ આપે છે. જો કે આનું કિરણ પ્રમાણમાં ઓછી સુસંબદ્ધતાવાળું હોય છે. આથી લાંબા અંતરે જતાં તે થોડો વિસ્તાર પામે છે.

નવાં લેસરયંત્રો શોધવામાં સંશોધકો અને વિજ્ઞાનીઓએ ખાસ બે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. કેવી રીતે પંપન-કાર્ય ઓછું કરવું પડે, પંપનકાર્ય વધુ સરળતાથી કરી શકાય અને અધિક તેજસ્વી લેસર પ્રકાશ મળે.

કાર્બન ડાયોક્સાઈડ - ગૅસ લેસર

કાર્બન ડાયોક્સાઈડ - ગેસ લેસરને અણુ ગેસ લેસર પણ કહે છે. અહીં અણુઓ વચ્ચે સંધાન થાય છે. આવા અણુ ગૅસ લેસરની શોધ આગળ જણાવ્યું તેમ સૌપ્રથમ બેલ લૅબોરેટરીમાં થઈ હતી અને તેની શોધ સાથે ભારતીય વિજ્ઞાની ડૉ. સી.કે.એન. પટેલ સંકળાયેલા હતા. ઈ.સ. ૧૯૬૫માં આવું લેસરયંત્ર સૌપ્રથમ કાર્યશીલ થયું હતું.

એમ માનવામાં આવે છે કે લેસરનું ઉત્સર્જન કરતાં વાયુ માધ્યમો કરતાં ઘન માધ્યમોમાં કણો વધુ સંકેન્દ્રિત થયેલાં હોવાથી વધુ શક્તિશાળી લેસર કેવળ ઘન માધ્યમોથી સંભવી શકે છે. છતાં ઘન માધ્યમોની બીજી કેટલીક મર્યાદાઓ પણ છે. આવાં ઊંચાં શક્તિશાળી લેસરો હંમેશાં સ્પંદન-ઝબકારાની રીતે જ લેસર ઉત્સર્જન કરે છે. જ્યારે વધુ માધ્યમવાળાં પરમાણુ ગૅસ લેસરો અને અણુ ગૅસ લેસરો હંમેશાં સતત કે સળંગ પ્રકાશ તરંગો (continuous waves - CW)નું ઉત્સર્જન કરે છે અણુ ગેસ લેસરોમાં કાર્બન ડાયોક્સાઈડ લેસરનું સ્થાન સૌથી વિશેષ મહત્ત્વનું છે. તે અધિક ઊર્જાધારી લેસર આપતી યંત્રરચના છે. આવા લેસરમાંથી મળતો પ્રકાશ સળંગ હોય છે. પાવર ૩૦ KW જેટલો પ્રબળ હોઈ શકે છે. તેમાંથી મળતો લેસર પ્રકાશ ૧૦.૬ માઇક્રોમીટર તરંગલંબાઈ ધરાવતો ઇન્ફ્રારેડ પ્રકાશ હોય છે. (જુઓ આકૃતિ 'કુમાર' ડિસે.૧૯૯૯, પૃ.૭૫૭)

કાર્બન ડાયોક્સાઈડ વાયુને ટ્યૂબના A છેડેથી દાખલ કરવામાં આવે છે. ત્યાંથી તે વાયુ આંતરિક પ્રક્રિયાના વિસ્તારમાંથી પસાર થઈ ટ્યૂબના B છેડેથી નીકળે છે. નાઈટ્રોજન વાયુને ટ્યૂબના C છેડેથી દાખલ કરવામાં આવે છે. તેને સૌપ્રથમ વિજવિભાર વિસ્તારમાંથી પસાર કરાવાય છે. અહીં નાઈટ્રોજનના અણુઓ વિજવિભારને લીધે ઉત્તેજિત સ્થિતિમાં આવે છે. ઉત્તેજિત નાઈટ્રોજન વાયુના અણુઓને આંતરિક પ્રક્રિયાના વિસ્તારમાંથી પસાર કરાવાય છે. આમ, અહીં CO_2 વાયુનો પ્રવાહ તથા નાઈટ્રોજન વાયુનો પ્રવાહ સતત વહેતો હોય છે. અને અંતે ૧૦.૬ માઇક્રોમીટર તરંગલંબાઈનું ઇન્ફ્રારેડ લેસર કિરણનું ઉત્સર્જન થાય છે.

કાર્બન ડાયોક્સાઈડ લેસરનો ઉપયોગ ભૌતિક સંશોધન પ્રયોગશાળાઓમાં થતો હોય છે. આ ઉપરાંત અન્ય વિવિધ ક્ષેત્રે પણ તેનો ઉપયોગ થતો હોય છે. આ લેસર કિરણને સેન્ટિમીટરના હજારમા ભાગની બાજુવાળા ચોરસ (10^{-6} ચોરસ સે.મી.)માંથી કેન્દ્રિત કરીને તેની તીવ્રતા લગભગ એક મિલ્યન વૉટ જેટલી પણ કરાય છે. આવી પ્રચંડ ઊર્જાનો ઉપયોગ ધાતુને કાપવામાં અને સાંધવામાં કરવામાં આવે છે. ખાસ કરીને ઔદ્યોગિક ક્ષેત્રે આવા લેસરનો ઉપયોગ વધુ થાય છે.

બીજાં અન્ય પ્રકારનાં લેસરો

ઘન સ્થિતિનાં લેસરો શોધાયાં પછી વાયુ આધારિત ગેસ લેસરોની પણ શોધ થઈ. આથી વિજ્ઞાનીઓનું ધ્યાન પ્રવાહી લેસરો તરફ ગયું. વુડબરી નામના એક વિજ્ઞાનીએ ૧૯૬૨માં સૌપ્રથમ પ્રવાહી લેસરનું સંશોધન જાહેર કર્યું હતું. આ માટે તેમણે નાઇટ્રોબેન્ઝીન પ્રવાહી લીધું હતું. આ પછી તો તેમણે ટોલ્યુન, પાયરીડીન ઇત્યાદિ પ્રવાહીઓ વાપરીને જુદી જુદી તરંગલંબાઈનો લેસર પ્રકાશ મેળવ્યો હતો. આવા પ્રવાહી લેસરને કાર્બનિક પ્રવાહી લેસર (Organic Liquid Laser) કહે છે. ઘન સ્થિતિનાં લેસરોનો એક મોટો ગેરફાયદો એ છે કે તે ઊંચા તાપમાને તૂટી જાય છે કે તેમાં તિરાડો પડે છે. જ્યારે પ્રવાહી લેસરમાં આવું થતું નથી. જો કે ઘન લેસર કરતાં પ્રવાહી લેસરનું કદ મોટું થાય છે.

પ્રવાહી લેસરમાં અધિક ઉપયોગી નિયોડિમિઅમ (Nd : YAG) લેસર છે. ઈ.સ. ૧૯૬૪માં કાચ જેવા બરડ ગાર્નેટ દ્રવ્યમાંથી આવું લેસર બનાવાયું હતું. આવા લેસરથી ૧.૦૬ માઇક્રોમીટર તરંગલંબાઈના સતત (CW) અને એક હજાર વૉટ આઉટપુટવાળા મેળવી શકાય છે. શરૂઆતમાં આ લેસરને ઘન અવસ્થા (solid state) લેસર તરીકે ઓળખવામાં આવતું હતું.

ગેસ લેસર કરતાં ઘન અવસ્થા લેસરોમાં કેટલાંક ખાસ ફાયદા પણ છે. પણ ઘન અવસ્થા લેસરોમાં ઉત્સર્જિત લેસરો સામાન્ય રીતે સળંગ નથી હોતાં પણ મોટી સંખ્યામાં સ્પંદનો - ઝબકારા સ્વરૂપે હોય છે. આવાં લેસરોનો ઉપયોગ દ્રવ્ય

લઘુકથા

અડધી અડધી

તરુલતા દવે

'બહુ જીવ્યા, નહીં?'

પ્રશ્ન સાંભળીને દાદાની આંખો હસી ઊઠી : 'બહુ જીવ્યા નહીં, પણ એમ કહે કે હજુ જીવીએ છીએ' પછી જમીન પર દૃષ્ટિ ખોડીને વીતી ગયેલી જિંદગીની ઝરમરને જોઈ રહ્યા. પત્નીએ ધ્રૂજતા હાથે ચાનો કપ ધર્યો. દાદાએ તે લઈને ટ્રિપૉઈ પર મૂક્યો. પછી એમાંથી અડધી પત્નીને આપતાં કહ્યું, 'લે, તું પી.'

ને પત્નીને પણ યુવાનીના દિવસોની યાદ તાજી થઈ. અડધી અડધી ચાથી તો જિંદગીની શરૂઆત થઈ હતી. પહેલું મિલનસ્થાન હતું બસ-સ્ટૉપ. પછી તો મુલાકાત વધતી ચાલી. કોઈની ચાડીના ભોગ પણ બનવું પડ્યું. ને વાત ઘરમાં પણ ફેલાઈ ગઈ. પછી તો મક્કમપણે ઘરમાં મનની વાત કરી જ દીધી. ને બન્નેનાં જીવન જોડાઈ ગયાં.

'યાદ છે એ દિવસો? ટૂંકા પગારમાં પણ તું ઘર ચલાવતી. એ વખતની તારા હાથની ગરમ ગરમ રોટલી મને યાદ છે.' વાત કરતાં દાદાના મનમાં પત્ની માટે ભાવ ઊપજ્યો. તો બારીમાંથી દેખાતા આકાશના ટુકડાને જોઈને પત્નીથી બોલી જવાયું, 'ઓહો, આપણે સરસ રીતે જીવ્યાં નહીં? તમે તો મને કદી કશું કહ્યું પણ નથી. મારી બધી માગણીઓ તમે પૂરી કરી છે. હવે તો...'

દાદાએ ચશ્માંમાંથી જોયું. પત્નીની આંખમાં ન સમજાય એવો ભાવ હતો. હંમેશાં પડછાયાની માફક જીવતી પત્નીની સામે એમને કોઈ ફરિયાદ નહોતી. પોતે પણ ક્યારેય પોતાના તરફથી ફરિયાદનું કારણ આપ્યું ન હતું. સુખદુઃખમાં હંમેશાં સાથે ડગલાં ભરીને ચાલ્યાં હતાં. તો પણ 'હવે તો...' શું હશે પત્નીના મનમાં?

'દીકરાની પાસે જવાનું મન થાય છે, વહુ-છોકરાઓ વચ્ચે જઈને જીવવાનું મન થાય છે. વહુના હાથની રસોઈ જમવાનું મન થાય છે. ને પછી...'

વળી પત્નીએ વાક્ય અધૂરું છોડ્યું. ચશ્માંની આરપાર દેખાતી દાદાની આંખોમાં અનેક ચિત્રો ઊપસ્યાં. ધીમેધીમે અલગ થઈને સંસાર ચલાવતા દીકરાની યાદ તાજી થઈ. ને સાથે સાથે દીકરાના શબ્દોની પણ... 'બાપુ, તમે બન્ને મારા ભેગાં રહેશો તો ગમશે. પણ...'

માની જેમ દીકરાને પણ વાક્ય પૂરું કરવાની આદત નહોતી. બાકીનું સમજી જ લેવાનું હતું. ને દાદાએ ગામમાં આવીને ઘર ખોલ્યું. ને પત્નીને કહ્યું, 'હવે જ ખરી મજા આવશે જિંદગીની વીતેલી પળોને યાદ કરવાની.' 'શું?'

ને દાદાએ પ્રેમાળ નજરે જોતાં કહ્યું, 'વરસો પહેલાંની યાદો.'

અત્યારે એ યાદો તાજી થઈ રહી હતી. ધીમેથી ઊઠીને દાદા પત્ની પાસે ગયા. માથા ઉપર પ્રેમથી પોતાનો કરચલીવાળો હાથ ફેરવીને બોલ્યા, 'જવા દે એ બધું. જે ગામ ન જવાનું હોય એનું નામ પણ શું કામ લેવું? બધી મનની માયાજાળ. આપણે બે જીવીએ છીએ એ જ આપણા માટે સાચું. ચાલ, ઊભી થા. ચા મૂક, અડધી-અડધી.' □

ઉપર થયેલા ધાતુના પાતળા સ્તરોને દૂર કરવામાં થાય છે.

ઈ.સ. ૧૯૭૫માં સિયર્સ અને હર્ટ નામના વિજ્ઞાનીઓએ અલ્ટ્રાવયલિટ રેન્જમાં નવી લેસર શ્રેણી ઉત્પન્ન કરી. ઉત્તેજિત ડિમર (Excitad Dimer)માંથી ટૂંકાક્ષરી Excimer - એક્સીમર લેસર નામ પાડવામાં આવ્યું છે. અહીં ક્લોરિન અને ફ્લોરિન જેવાં સક્રિયાત્મક વાયુઓને આર્ગોન, ક્રિપ્ટોન અને ઝીનોન જેવાં સક્રિય વાયુઓ સાથે ભેળવીને લેસર માધ્યમ બનાવવામાં આવે છે. આવાં એક્સીમર લેસરની તરંગલંબાઈ ૧૯૩થી ૩૫૧ નેનોમીટર (૧૦$^{-9}$) રેન્જની હોય છે. ૫૦થી ૧૦૦ વૉટની ઊર્જા ધરાવતા આવા લેસરો હવે તો બજારમાં મળે છે. આવાં લેસરો ઉદ્યોગોમાં અને હૉસ્પિટલોમાં સર્જિકલ વિભાગમાં ઉપયોગમાં લેવાય છે. (જુઓ આકૃતિ 'કુમાર' ડિસેમ્બર૧૯૯૯, પૃ.૭૫૭)

અર્ધવાહક ડાયોડ-જંક્શન લેસર એ ઘન અવસ્થા લેસરનો બીજો એક પ્રકાર છે. લિંકન પ્રયોગશાળામાં કાર્ય કરતા વિજ્ઞાનીઓ કેવસ અને ક્વિસ્ટે સૂચવ્યું કે અર્ધવાહક ડાયોડનો ઉપયોગ કરીને લેસર કિરણ મેળવી શકાય. આ માટે તેમણે ગેલિઅમ આર્સેનાઈડ (GaAs)ના દ્રવ્યમાંથી ડાયોડ બનાવ્યો. આવા ડાયોડમાંથી જ્યારે ભારે વીજપ્રવાહ પસાર કરવામાં આવ્યો ત્યારે ઇન્ફ્રારેડ લેસર કિરણ ઉત્સર્જિત થયું. કાર્યક્ષમતાની દૃષ્ટિએ આવાં ડાયોડ જંક્શન લેસર શ્રેષ્ઠ છે. આવાં લેસરની એક ખાસિયત એ છે કે તેને અપાતો વીજપ્રવાહ વધારી કે ઘટાડીને એટલે કે બદલીને તેમાંથી મળતાં લેસરની તરંગલંબાઈ બદલી શકાય છે. આવાં લેસરનો મોટા પાયે ઉપયોગ સંચાર વ્યવહારમાં, C.D. તરીકે ઓળખાતી કૉમ્પેક્ટ ડિસ્ક પ્લેયરમાં, મોટા સ્ટોર્સમાં માલની કિંમત વગેરે તપાસતાં સ્કૅનર તરીકે, કમ્પ્યૂટરના પ્રિન્ટરમાં તથા આંખના વિવિધ રોગોપચારમાં થાય છે.

આ ઉપરાંત રાસાયણિક લેસરો, વિસ્ફોટક (Explosive) લેસરો, ઇત્યાદિ અનેક પ્રકારનાં લેસરો હવે ખાસ પ્રકારના ઉપયોગોમાં લેવાય છે. વિશ્વનું સૌપ્રથમ ટ્યૂબનેબલ સળંગ તરંગલંબાઈવાળુ રંગીન લેસરયંત્ર ૧૯૭૪માં બેલ પ્રયોગશાળામાં કાર્યરત કરાયું હતું. આનો ખાસ ફાયદો હતો કે આપણે જરૂરી તરંગલંબાઈનો લેસર પ્રકાશ આવા યંત્રમાંથી મેળવી શકીએ છીએ. બીજાં નવાં નવાં અને વધુ સુવિધાપૂર્ણ લેસરોને વિજ્ઞાનીઓ કાર્યરત કરતા રહ્યા છે. હવે પછી આપણે લેસરોના વિવિધ ઉપયોગોની ચર્ચા કરીશું. (ક્રમશઃ)

प्रसंगपराग

એ શિક્ષક

વિનોદ અધ્વર્યુ

'જી.એચ.' સાહેબ (જેને પછી અમે 'મોટા' કહેતા, એમનાં કુટુંબીજનો કહેતાં નથી) - આમ તો મેથ્સ શીખવે. અસાધારણ ગણિતશિક્ષક. માત્ર મેટ્રિક્યુલેટ, પણ કોઈ પણ પુસ્તકમાંથી ગણિત-એલજિબ્રા-જ્યોમેટ્રીનો દાખલો લાવો તો તેમને તે ખબર હોય! ગણિતને કેટલું રસિક બનાવી શકાય છે તે તો આવા શિક્ષક મળ્યા હોય તો જ સમજાય.

પણ એ ગણિત ઉપરાંત સમયપત્રકની જરૂર મુજબ, ઇતિહાસ પણ શીખવે ને ત્યારે વર્ગમાં જમાના જીવતા થાય. વાઈસરૉયના કાયદા કે ગ્લેડસ્ટન અને ડિઝરાયલીનાં કામો પર 'ડીબેટ' થાય! - ને બધું વર્તમાન ભારતના સંદર્ભમાં - રાષ્ટ્રિયતાની ભાવનાથી!

મેટ્રિકનો વર્ગ ! જી.એચ. પંડ્યા સાહેબ ગણિત અને ઇતિહાસ બન્ને ભણાવે છે. ત્યાં '૪૨નું આંદોલન શરૂ થયું. શાળાશિક્ષણ બંધ! ગામમાં ગોળીબાર - કર્ફ્યૂ - પોલીસનો આતંક!

છતાં મોકો મળતાં વિદ્યાર્થીઓ શાળામાં આવી જાય પણ છાનામાના છૂટક છૂટક! પંડ્યાસાહેબ પણ કાર્યાલયના કામે આવે. હેડમાસ્તર શાળાના કૉમ્પાઉન્ડમાં જ રહે એટલે ત્યાં બેઠક થાય.

એ અરસામાં મહાદેવભાઈનું અવસાન થયું. કારમો આઘાત. પંડ્યાસાહેબે વર્ગમાં 'હરિજન' અને 'હરિજન બંધુ'માંથી અવારનવાર એમનાં 'એમ.ડી.'ની સહીવાળાં લખાણો વાંચેલાં તેથી તેમનો પરિચય! એટલે ખૂબ ખેદ થયો પણ વ્યક્ત કેવી રીતે થાય! શાળામાં જ દાદાજી સાથે રહેવાનું. અને વળી પોલીસે દાઢમાં લીધેલો એટલે માનો કે એકલકેદ!

ત્યાં થોડા દિવસ પછી પંડ્યાસાહેબ આવ્યા! કહે : 'આજે શતરંજ નહીં.' એ મને શતરંજના પ્રારંભિક પાઠ આપતા. 'હરિજન બંધુ'નો જૂનો અંક કાઢ્યો. કહે, 'આવ, આજે મહાદેવભાઈને અંજલિ આપીએ' અને પહેલાં 'તારી જો હાક સુણી' મોઢેથી બોલ્યા. પછી 'હરિજનબંધુ'માંથી વાંચ્યું :

'જીવન જ્યારે સુકાઈ જાય, કરુણા ધારાએ આવી.
સકલ માધુરી લૂંટાઈ જાય, ગીત સુધા રસે આવો.'

દાદાજી બહાર ગયેલા, ગ્રંથાલયના ઓરડામાં અમે બે જ હતા. પંડ્યાસાહેબનો અવાજ ઉત્તરોત્તર વધુ ને વધુ ગળગળો થતો જતો હતો. મને પણ...

ગીત પૂરું થયું. કશું બોલ્યા વગર પંડ્યાસાહેબ ઊભા થયા. એક ક્ષણ મારે ખભે હાથ મૂકીને ઊભા રહ્યા. ને પછી એમનાં રોજિંદાં જાડાં ચંપલ પહેરી ચાલતા થયા!...

આમ તો એ શિક્ષક હતા - તેમની ફરજમાં કે અમારા અભ્યાસક્રમમાં આવું કશું ભણવાનું નહોતું. પણ... એમણે તે દિવસે ભણાવ્યાં 'મહાદેવભાઈ', 'જીવન જ્યારે' અને તેથી ય ઘણું ઘણું વિશેષ... આ શિક્ષક! □

લઘુકથા

ગુરુ બજુવાની નોંધપોથી

બહાદુરભાઈ જ. વાંક

સવારના ગુરુ બજુવાને મળવા આવેલા કેટલાક માણસોની દૃષ્ટિ ટેબલ ઉપર પડેલી તેમની નોંધપોથી પર પડી. આથી એક ભાઈ સાશ્ચર્ય બોલ્યો : 'આપની વાણીમાંથી મઘમઘતી સુગંધ પ્રકટે છે તો આપની નોંધપોથીના શબ્દો પણ કેટલા ભવ્ય અને ઉદાત્ત હશે!!'

બજુવાએ બધાને પૂછ્યું : 'મારી નોંધપોથી જોવાની-વાંચવાની તમને લોકોને ઇચ્છા થાય છે?'

'હા જી... આપ અનુમતિ આપો તો જરા નજર ફેરવવા ઇચ્છા છે. અમને પણ આપની નોંધપોથીમાંથી કંઈક પ્રેરણા મળશે...' બધા વતી એક ભાઈએ પોતાની લાગણી વ્યક્ત કરી.

ટેબલ ઉપરથી નોંધપોથી લઈને બજુવાએ એક ભાઈના હાથમાં મૂકી, ને બોલ્યા : 'લો, ખુશીથી જુઓ.'

એ ભાઈ નોંધપોથીનાં પાનાં ફેરવવા લાગ્યા. જુએ છે તો નોંધપોથી સાવ કોરી! એટલે આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલ્યા : 'આમાં તો બધાં જ પાનાં સાવ કોરાં છે. આમાં આપે કંઈ લખ્યું તો નથી. શું આ નોંધપોથી છે કે કોરી નોટબુક?'

'છે તો નોંધપોથી, પણ નોંધપોથીમાં જ્યાં હું કંઈક લખવા જાઉં છું ને કોણ જાણે શબ્દો જ અદશ્ય થઈ જાય છે! એટલે એક અર્થમાં આ નોંધપોથી મારી પ્રાર્થનાપોથી પણ બની રહે છે.' બજુવાએ કોમળ સ્વરે સ્પષ્ટતા કરી.

વળી એક ભાઈએ પૂછ્યું : 'આપ નોંધપોથીમાં લખવાની ચેષ્ટા કરો છો, ને મૌનમાં - નિઃશબ્દતામાં સરી પડો છો, તો પછી લખવા માટે નોંધપોથી હાથમાં જ શા માટે લેવી જોઈએ?'

બજુવા બોલ્યા : 'શબ્દોના પેટાળમાં ઊતર્યા વગર નિઃશબ્દતાની ખોજ થઈ શકે ખરી?'

'પણ નિઃશબ્દતાની ખોજ તો મૌન પાળીને પણ શું ન થઈ શકે?' પાછું એક ભાઈએ પૂછ્યું.

'બેશક થઈ શકે. પણ શબ્દો ઉપર સવારી કરવી, ને તેને અતિક્રમી જવા - આ પ્રક્રિયા જ મારા માટે મહત્ત્વની છે, ને બજુવાએ ઉમેર્યું : 'આ સંદર્ભમાં મારી નોંધપોથી મારી અવકાશનીશી પણ બની રહે છે.'

વળી કોઈકે પૂછ્યું : 'પણ આપની આ કોરી નોંધપોથી બીજાને કઈ રીતે ઉપકારક બની શકે?'

ને હસતાં હસતાં બજુવા ઉવાચ : 'બીજાને હું તો ઉપકારક બની જ રહું છું ને?!!' □



સંમુખ સાગરમઠ-૧૧

સેરા મઠની મુલાકાત

—— પ્રીતિ સેનગુપ્તા ——

પોટાલા મહાપ્રાસાદમાં પ્રવેશ કરવો એટલે કોઈ હવા-ઉજાસ વગરની ગુફાની અંદર પહોંચી જવું. ગાઈડને અનુસરતાં ના જાઓ તો કદાચ ક્યારેય બહાર નીકળી જ ના શકો. લાલ વિભાગમાંના, એક પછી એક કરતાં કરતાં અનેક નાના-મોટા ખંડ જોવાના અને બતાવવાના પૂરા થાય ત્યારે તમે પ્રાસાદના ઊંચામાં ઊંચા કક્ષમાં હો, અથવા એ જોઈ ચૂક્યાં હો. એ પછી હજી એક સીડી ને ઉપર અગાશી આવે. ત્યાં જવા માટે ફરી બીજા પૈસા આપવા પડે. એમાં સરકારની લુચ્ચાઈ લાગે, ને તેથી ચીડ ચડે. આખા પ્રાસાદમાં ફોટા પાડવાની મનાઈ, અને અગાશીમાંથી ફોટા પાડવાની છૂટ એટલે બધાં પ્રવાસીઓ લલચાય. સરકારને બેઠાં બેઠાં આવક થતી રહે.

અમે બધાં પણ વધારાના દસ યુઆન (પચાસેક રૂપિયા) આપી અગાશી પર ગયાં. ત્યાંથી ફોટા તો પાડી શકયાં પણ બહાર નીકળવાની પણ એ તક હતી. સોનેરી તડકા અને ભૂરા આકાશને કારણે લીલા-ભૂખરા પર્વતો ઈષત્ શોભા પામતા હતા. દૂર તરફ, છીછરા પટવાળી ક્યિ ચુ વહેતી હતી. એની પાસેના સપાટ ભાગમાં થોડાં ખેતર ને થોડી હરિયાળી હતાં. ઉપરાંત લ્હાસા શહેરનું સરસ વિહંગાવલોકન પણ ત્યાંથી થતું હતું. પોટાલાવાળી ટેકરીના નીચલા ઢોળાવ પાસે ચીની સરકારે તિબેટી શૈલીનાં જૂનાં મકાન તોડ્યાં હતાં અને નવાં બાંધવાની તૈયારીઓ થઈ રહી હતી. આ સંહાર, અને નવનિર્માણનાં ચિહ્ન પણ ઉપરથી દેખાતાં હતાં.

આ બધું બરાબર, પણ પોટાલા પ્રાસાદનું શું? એ તો તદ્દન પ્રચ્છન્ન જ રહેતો હતો. એના વરંડા કે ઉંબરા સુધ્ધાં અગાશી પરથી જોઈ શકાતા નહોતા, તો ફોટા લઈ શકવાની તો વાત જ ક્યાં? ભારે વિચારપૂર્વક ખુલ્લી મૂકી હતી એ અગાશી ચીની સરકારે. લાલ ભાગમાં કેટલા દલાઈ લામાઓના સમાધિસ્તૂપો છે. એ સ્થાનકો પરનાં સોનેરી છત્રો અને શિખરો, તથા લાક્ષણિક બૌદ્ધ ધર્મપ્રતીકો સંતાડી શકાય તેવાં નહોતાં. એના ફોટા લઈને સંતોષ માનવાનો હતો. જોકે અસંતોષ વધારે રહેતો હતો.

આ પછી પોટાલાના સફેદ ભાગનો વારો આવ્યો. એમાં પણ એક પછી એક ખંડમાં થઈને જવાનું હતું. બધા નાના-ના, બધા પાસે પાસે. ઘણામાં તો બારી પણ નહીં, અને હોય ત્યાં સાવ નાની હોય. અજવાળું માંડ આવે આખા ઓરડામાં, પણ શીતકાળમાં ઠંડો પવન જરૂર મુક્તપણે ઘૂસી આવતો હશે. એક સમયે પોટાલામાં વસતા બહુશત લામાઓ આ કક્ષિકામાં રહેતા હશે. કેટલાક દલાઈ લામાઓ પણ અમુક ખંડ વાપરતા - જેમ કે, એક ધ્યાનમાં બેસવા માટે હતો, બીજામાં બેસી શાસ્ત્ર-ગ્રંથોનો અભ્યાસ કરવામાં આવતો. એ પછી શયનખંડ હતો. ચૌદમા એટલે કે ભારતમાં દેશવટો પસાર કરી રહેલા - દલાઈ લામાના નિવાસકક્ષો હવે ભાગ્યે જ કોઈ જોવા પામે છે. એ ક્યાં, કઈ બાજુ હશે, એનું અનુમાન કરવાનું. છાનાં-માનાં આડાં-અવળાં કશે ફરી પણ ના અવાય, કારણ કે ઘણાં ખંડોમાં ને ખૂણાઓમાં, લગભગ સંતાડ્યા હોય તે રીતે રાખેલાં, નિરીક્ષણયંત્રો મૂકેલાં હતાં. એવા કેમેરાની આંખો ચોકીદારી કરે, ને એમણે ઝડપેલાં દૃશ્યો પોટાલાના છૂપાયેલા કોઈ ઓરડામાં બેઠેલા સરકારી પોલીસ ધ્યાનથી જોતા રહે. હાજરીથી જ નહીં - ગેરહાજરીથી પણ ભય ઉત્પન્ન કરી શકાય છે, એની પ્રતીતિ ત્યાં મળી.

પોટાલામાં પ્રવેશ અમે એના પાછલા ઢાળ પરથી કરેલો. બધું જોઈ-કરીને બહાર નીકળ્યાં એના આગલા મુખ્ય દ્વારમાંથી. ત્યાં પણ ઘણો ઢાળ હતો, ને એના પર પથ્થર જડેલા હતા. લપસી જવાનો ડર લાગે. પ્રાસાદનું વિભિન્ન સ્તર પર થયેલું સ્થાપત્ય પાછળ ઊંચું ઊઠતું હતું. [illegible] પરિમાણ વિરાટ અને અતિ-વિસ્તૃત હતું. પાસેથી જો એ નિર્માણ ભવ્ય લાગતું હતું, તો સહેજ અનિકટથી, પરિપ્રેક્ષ્યમાં જોતાં, એ પ્રભાવશાળી અને આશ્ચર્યોત્કટ રૂપ ધારણ કરતું હતું. એની વિશાળ દીવાલોમાં બનેલા નાના ગવાક્ષોની સમાંતર પંક્તિઓ, જુદાં જુદાં સ્તર પર વહેંચાયેલો એનો વિસ્તાર, એના બાહ્ય આકાર પરની સફેદ અને ગાઢ ગેરુ રંગોની સંયુક્તિ - આ બધાંને કારણે એક અપુર્વ, સુસંગત ચાક્ષુષ ઉપસ્થિતિ સર્જાતી હતી, જે કેવળ સુંદર નહીં, અદ્ભુત-સુંદર હતી.

પીળા શિરાંચલધારી ત્સોન્ગખાપાએ જ્યાં ધ્યાનમાં અને બૌદ્ધ ગ્રંથોના લેખનમાં કેટલાંક વર્ષો વિતાવેલાં, તે પથરાળા પહાડની તળેટીમાં, એમના મૃત્યુ પછી, એમના એક પટ્ટશિષ્યે



તિબેટના વૃદ્ધ બૌદ્ધ ભિખ્ખુઓ


ગુરુના માનમાં 'સેરા' નામનો મઠસંકુલ બંધાવવો શરૂ કર્યો. ૧૪૧૯નું એ વર્ષ હતું. એ પછી પાંચસોથી વધારે વર્ષ સુધી એ તત્ત્વાભ્યાસનું ખૂબ મોટું કેન્દ્ર રહ્યો. ચીની શાસન દરમિયાન સેરાને ઘણું નુકસાન પહોંચ્યું. અત્યારે ચારસોએક લામાઓ ત્યાં રહે છે. અને ફરીથી એને જીવંત કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

લ્હાસાથી પાંચ જ કિ.મી. દૂર સેરા મઠ આવેલો છે. એટલામાં તો શહેર ક્યાંયે પાછળ રહી ગયું હોય. રસ્તાઓ સાવ ખાલી ને હૃદ્ય શાંત થઈ ગયા હોય. જોડાજોડ જેવાં થોડાં ઘર આવ્યાં. નાનકડું ગામ. એ પરિસરમાં અને રસ્તાની બંને કોરે ખૂબ જ ઝાડ સરસ રીતે હારબદ્ધ વાવેલાં. પૉપ્લરનાં જ એ વૃક્ષ. ઊંચાં, તન્વી, રુચિર મઠનો દરવાજો સાવ સાંકડો હતો.ધૂળિયો રસ્તો યે એવો જ સાંકડો બન્યો - એક જ વાહન જઈ શકે એવો. એની બે બાજુ ઑલિવ વૃક્ષ હતાં. એ નીચાં હોય, પણ ઝીણાં પાંદડાંને લીધે ઘણાં સરસ લાગે. એમને પાણી બહુ ઓછું જોઈએ, તેથી ઘણી સૂકી જગ્યાઓમાં એ દેખાય.

સેરા વિહારનાં મકાનો નીચાં અને લાંબાં વિસ્તરેલાં હતાં. ઊંચાઈ સાધારણ, ત્રણેક માળની જ હતી. બધાં એ જ લાક્ષણિક સફેદ અને મરૂન રંગ-દ્વયથી સજ્જ હતાં. હારબંધ અનેક બારીઓ પણ ખરી, અને સ્થાનકોની ઉપરના ભાગોમાં સોનેરી છત્ર-શિખરો તથા ધર્મચક્ર, હરણો જેવાં લાક્ષણિક બૌદ્ધ શોભા-તત્ત્વો પણ હતાં જ.

સૌથી પહેલાં અમે પ્રાર્થનાખંડ જોવા ગયાં. એની વચ્ચે રંગરંગીન સ્તંભ હતા, દીવાલો પર ધર્મજીવનને લગતાં સરસ ચિત્રો હતાં. લાંબી વેદી પર કેટલાક લામા-ગુરુઓની મૂર્તિઓ હતી, પણ મુખ્ય શિલ્પ હતાં ઔષધ-બુદ્ધ તથા શક્યમુનિનાં. પૂજાપાની બીજી અનેક વસ્તુઓ હતી, જે શાંતિથી જોઈ શકાય તેમ હતી, કારણ કે સર્વત્ર નીરવતા હતી. પ્રવાસીઓ ખાસ બીજા કોઈ હતા નહીં, અને મઠના લામાઓ એક ખાસ સભામાં ગયા હતા. અમે નિવાસ-વિભાગમાં ગયાં નહીં, પણ બીજે જ્યાં ફર્યાં ત્યાં સરસ, સૂકું, ચોખ્ખું હતું, ને અણગમતી કોઈ વાસ પણ નહોતી આવતી. બરાબર ચાલીસ વર્ષ પહેલાં આ સેરા મઠ અને એમાંનાં મહાવિદ્યાલયોમાં થઈને કુલ ૫૫૦૦ જેટલા લામાઓ તથા ભિખ્ખુવિદ્યાર્થીઓ રહેતા હતા. પ્રવૃત્તિઓથી કેવું ધબકતું હશે વાતાવરણ અને બૌદ્ધ ઋચાઓથી કેવું ગુંજતું હશે!

સામી બાજુએ બીજો એક સભાખંડ હતો. એ તો અમે જોઈ ના શક્યાં, કારણ કે અંદર કોઈ કારણસર મોટી સભા ભરાયેલી હતી. પણ એ ઇમારતની ઉપસ્થિતિ અપૂર્વ હતી. પાછળ, ઇમારતને તદ્દન અડીને જ ના હોય તેમ ગગનચુંબી ગિરિમાળા હતી, જેના નીચલા ઢોળાવો પર પાષાણશિલાઓ



પોટાલા પ્રાસાદની અગાશી પરથી પોટાલાનું દૃશ્ય

તૂટી પડેલી હતી. ચોગાનના દરવાજામાં દાખલ થતાં જ એ અભૂતપૂર્વ દૃશ્ય આનંદ આપી ઊઠતું હતું લાક્ષણિક સ્થાપત્ય, સફેદ અને ગેરુ રંગ, સોનેરી શિખરો, આ સર્વને આલિંગતા ભૂખરા-ખાખી પર્વતો અને મોટી મોટી કાળી કાળી શિલાઓ. તસવીરમાં તો આલેખી જ લીધું એ દૃશ્યને.

કેટલીક મોટી શિલાઓ પર દેવાંશોનાં ચિત્રો કરાયેલાં હતાં. ત્સોન્ગખાપા પીળા શિરોવસ્ત્ર સાથે તો હતા, પણ ભૈરવસ્વરૂપે આલેખાયા હતા. ઘણા દૂર હતા આ પ્રસ્તરો, ને ત્યાં સહેલાઈથી જવાય તેમ નહોતું. નવી બનાવેલી લાગતી પીળી રંગેલી, લોખંડની ખૂબ મોટી ફ્રેમ એ શિલાઓની નજીકમાં મુકાયેલી હતી. પહેલી ઑગસ્ટે ત્યાં પણ પ્રાચીન અતિવિરાટ થાન્ગકા બહાર કાઢીને લટકાવવામાં આવે છે, ને મોટો ધાર્મિક ઉત્સવ યોજાય છે. તિબેટમાંનું પવિત્રમાં પવિત્ર 'દોરજે' - એટલે કે અમુક નિયત આકારનું વજ્ર-પદ્મસંભવ તપ કરતા હતા તે ગુફામાંથી મળી આવેલું અને એ સેરા વિહારમાં વિરાજે છે, પરન્તુ એને પણ વર્ષમાં એક જ દિવસે દર્શન માટે બહાર કાઢવામાં આવે છે.

મઠમાંનાં બીજાં સ્થાનકો જોઈ અમે એક અગાશી પર પહોંચ્યાં. ત્યાંથી પર્વતબદ્ધ, ને તે છતાં મુક્તવિસ્તૃત લાગતો પરિસર યથેષ્ટ દૃષ્ટિગોચર થતો હતો. ઉચ્ચ સ્થાને આરૂઢ પોટાલા મહાપ્રાસાદ પણ ત્યાંથી દેખાય તો ખરો જ. ને એ તો બધી તરફથી મુગ્ધકર જ હતો. અમને બધાંને સેરા મઠમાં ફરવું બહુ ગમ્યું. જગ્યા સરસ ખાલી ને વળી શાંત હતી ને!

શહેર તરફ પાછાં જતાં તિબેટી ઔષધશાસ્ત્ર માટેના મહાવિદ્યાલયને જોવા રોકાયાં હતાં. ખૂબ વિસ્તૃત એનું પટાંગણ હતું. બહુ સરસ હતું. વચ્ચે નાનો બાગ. એમાં જાતજાતની ઔષધિ માટેના છોડ વાવેલા હતા. આસપાસનાં સુઘડ મકાનો, ત્યાં ભણતા પાંચસોએક જેટલા વિદ્યાર્થીઓને રહેવા માટેનાં હતાં. ત્યાં થોડો વધારે સમય ગાળવો ગમ્યો હોત.

(અનુસંધાન પૃ.૧૯૨)

સુખ નામના પ્રદેશનું સરનામું : પંચસૂત્રપાઠ

અનેક શુભ સંભાવનાથી ભર્યાં મનુષ્યજન્મને પામેલો મનુષ્યમાત્ર પોતાનું મન સદાય પ્રસન્ન અને ઉલ્લસિત રહે તેવું ઝંખતો હોય છે અને તે ક્યારેય પણ ન નંદવાય તેવું ઈચ્છતો હોય છે.

આ પ્રસન્નતાનો આધાર બહાર નહીં પણ અંદર છે. અંદર ચિત્તની નિર્મળતા હોય ત્યારે મન સહજ જ પ્રસન્ન હોય છે. માટે મનને પ્રસન્ન રાખવા તેને નિર્મળ, કોમળ અને શીતળ બનાવવું જરૂરી છે. મલિનતા, કઠોરતા અને સંતપ્તતાથી મનમાં ઉદ્વેગ, ખેદ, ભાર અને ભય રહે છે.

એટલે જ્યારે આપણે કોઈ મહાન, નિર્દોષ, પવિત્ર અને સમર્થ વ્યક્તિના આશ્રયે હોઈએ છીએ ત્યારે નિર્ભયતાનો અને સલામતીનો સહજ અનુભવ કરીએ છીએ. તો એવા જે શુદ્ધ છે અને જેઓ તમોગુણથી ઉપર ઊઠેલા છે - ઉત્તમ છે અને જેમની ચેતના ઊર્ધ્વ છે અથવા ઊર્ધ્વારોહી છે તેવાં ચાર તત્ત્વ : અર્હત, સિદ્ધ, સાધુ અને શુદ્ધ ધર્મના શરણે રહેવાય તો આપણે નિર્ભય બનીએ, શાન્ત બનીએ અને સ્વસ્થ બનીએ. તો જેમ નિતર્યાં જળમાં નીચે પડેલું બધું દેખાય તેમ અંતર્મુખ બનેલા આપણને આપણા મનના તળીએ પડેલું જે કંઈ કાદવ કે કસ્તર હોય તે ચોખ્ખું દેખાવા લાગે, આપણા મનના ખૂણેખાંચરે પણ જે દોષો દ્વેષ-અહંકાર-ઈર્ષ્યા-નિંદા-કામ-ક્રોધ વગેરે જે પાપનાં જાળાં બાઝ્યાં હોય તે દેખાવા લાગે, આપણે જ આપણા એ અધમ અને કદરૂપા સ્વરૂપથી ડરી જઈએ, અકળાઈએ અને આ બધું - આટલું બધું મારામાં ભરેલું છે - તો ઘણું ખરાબ કહેવાય અને ગમે જ નહીં! માટે હવે તેને ખોળીને, ખણીને અને ખોતરીને હું બહાર કાઢું. હવે આ ન જોઈએ. દોષ-કુટેવ ન દેખાય ત્યાં સુધી એ ઘર બાંધીને રહે છે. તેને ખુલ્લા થવું ગમતું નથી. કહેવત છે ને, 'ચોરને ચાંદરણું ન ગોઠે' - જેવા એ દોષ દેખાવા લાગ્યા - નિંદાવા લાગ્યા, તેનો અણગમો ઉભરાવા લાગ્યો એટલે તેઓને અળગા થયે જ છૂટકો - તેઓ હવે રહી ન શકે. તેનો લગાવ ગયો. તે કાઢવાલાયક લાગ્યા અને જવા લાગ્યા, જેથી હવે ગુણો લાવવાલાયક - અપનાવવાલાયક લાગ્યા અને પરોપકાર, ઉદારતા, સરળતા, ક્ષમા, નમ્રતા વગેરે ગુણો તરફ નજર ગઈ અને એ બધા ગુણો ગમવા લાગ્યા. જે કોઈના જીવનમાં પણ એ ખીલેલા શુભઅંશો, પાંગરેલાં મંગળ તત્ત્વો, વિકસેલા વિશેષ સદ્‌ગુણો, ઊજળી બાજુઓ અને સત્કાર્યની પ્રવૃત્તિ જ્યાં ને જ્યારે દેખાય ત્યારે મનને ગમવા લાગ્યું - આપમેળે જ તેની પ્રશંસા, અનુમોદના થવા લાગી. એવા એવા ગુણો મારામાં પ્રકટે તો કેવું સારું - એવી તીવ્ર તાલાવેલી જાગવા માંડી. એવા ગુણિયલ પુરુષોની મને સોબત મળે તો કેવું સારું!' હવે મને એવું થવા લાગે.

મારા આત્માનું મૂળભૂત પોત તો આવા ગુણોના તાણાવાણાથી વણાયેલું છે. અંદર તો ગુણોનો-સુખનો-આનંદનો ભંડાર ભર્યો પડ્યો છે. મારે હવે તો એવા ગુણીજનોનાં કીર્તનથી, તેના આલંબનથી તે ખજાનો બહાર આણવો છે. મારે મારી જીવનવાડી આવા જ ગુણપુષ્પોથી સમૃદ્ધ બનાવવી છે. મારે હવે કદી ન ઓલવાય તેવા આનંદના દીવડાને પેટાવવો છે. તેનું અજવાળું મારે જોઈએ છે અને પછી એ દીવાથી બીજાના દીવા પણ પેટાવવા છે. સાંભળ્યું છે કે આત્મામાં અનંત શક્તિનો સ્રોત છે, ભંડાર છે અને તે અચિંત્ય શક્તિના અનર્ગળ સ્રોત અને કરુણાના સાગર એવા પ્રભુના કરુણા-કીરણથી ખૂલી જાય છે. 'મારે એ ખજાનો ખોલવો જ છે અને હું એ ખોલીશ અને મારા સહજ આનંદને પામીશ. સર્વ જીવો પ્રત્યેના પ્રેમને ફેલાવીશ અને કરુણાની સ્વર્ગગંગાને સર્વત્ર વહેવડાવીશ અને તે જ મારા જીવનનું એકમાત્ર પ્રયોજન છે.'

તે હું આવા પવિત્ર શ્રી પંચસૂત્રના પાઠ દ્વારા સિદ્ધ કરીશ કારણ કે આનું આના નામ પ્રમાણે કાર્ય છે. પાપનો પ્રતિઘાત કરે છે અને ગુણનું બીજાધાન કરે છે એટલે કે પાપપ્રવૃત્તિને અટકાવવાના ગુણનાં બીજોને વાવે છે અને મારા સુફળના પરિપાકને વહેલી તકે ફળવાન બનાવનાર છે તેવી મને શ્રદ્ધા છે. - આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ

આર્ટપૂર્તિમાં અપાયેલાં ચિત્રોનો પરિચય

ચિત્ર-૧ : પંચસૂત્રના મૂળમાં સંસારનું સ્વરૂપ દર્શાવતાં ત્રણ પદ આવે છે - દુક્ખરૂવે, દુક્ખફલે, દુક્ખાણુબંધે - એને સમજાવતું આ ચિત્ર. સંસાર એ કૂવો છે. તેમાં ક્રોધ વગેરે ચાર કષાય તે સર્પ છે. વટવૃક્ષની જે વડવાઈ છે તે મનુષ્યભવનું આયુષ્ય છે. એ વડવાઈને શુક્લ અને કૃષ્ણરૂપી બે ઉંદરો સતત કાતરતા રહે છે, તેથી આયુષ્ય ઘટતું જાય છે. હાથીરૂપી મૃત્યુ એક સેકન્ડમાં કાળનો કોળિયો કરી નાખે તેમ છે. વડવાઈમાં મધપુડો છે. તેમાંથી મધ ટપક્યાં કરે છે. તેને મોંમાં ઝીલવા વડવાઈએ લટકેલો માનવ તલસે છે. મધપુડામાંથી માખી ઊડે ને કરડે તો કૂવામાં પડે જ્યાં સાપ કરડે, ને જમીન પર કૂદી પડે તો હાથી કચડી નાખે. આવામાં એક ધર્મરૂપી વિમાન તેની નજીક આવે છે, જેમાં બિરાજેલા ગુરુવર તેને આમંત્રે છે.

ચિત્ર-૨ : આચાર્ય શ્રી વિજયસેનસૂરિ મહારાજને શ્રી વિવેકહર્ષ ઉપાધ્યાયજી જહાંગીર બાદશાહે આપેલા હિંસાબંધીનાં ફરમાનો અર્પણ કરે છે. હાલ અમદાવાદની સંસ્થા એલ.ડી. ઇન્ડોલોજિમાં સચવાએલા આ ચિત્રના ચિત્રકાર જહાંગીરની સભાના પ્રસિદ્ધ ચિત્રકાર શાલિવાહન છે.

ચિત્ર-૩ : પ્રાચીન હસ્તપ્રતમાંના આ ચિત્રમાં પંચસૂત્રમાંનો કરવુ-કરાવવું-અનુમોદવું એ જે ક્રમ બતાવ્યો છે તેનું દર્શન

કરાવે છે. રથકારક મુનિને આહાર વહોરાવે છે, મુનિ વહોરે છે અને પાસે ઊભેલું હરણ તે દાનની અનુમોદના કરે છે. આમ ત્રણેયને સરખો લાભ બતાવ્યો છે.

ચિત્ર-૪ : સાત મુનિવરો નયચક્ર નામના એક દુર્લભ ગ્રન્થનું પુનર્લેખન કરી રહ્યા છે. (પોષ, વિ.સં.૧૭૧૦, પાટણ-ઉ.ગુ.) હાલ એ ગ્રન્થ એલ.ડી.ઇન્ડોલોજિમાં વિદ્યમાન છે.

ચિત્ર-૫ સમવસરણ : અર્હત જિનેશ્વરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તે પછી જિજ્ઞાસુ જીવોને ધર્મબોધ આપવા માટેની જે ઉપદેશ ભૂમિ - દેશનાભૂમિ, જે દેવો દ્વારા રચાયેલી હોય છે તે ક્યારેક ગોળ આકૃતિમાં હોય છે તો ક્યારેક ચોરસ આકૃતિમાં પણ તેની રચના થતી હોય છે. સમવસરણના ત્રણ ગઢ હોય છે. પહેલા ગઢમાં અર્હત પરમેશ્વર ચારે તરફ મુખ રાખીને દેશના ફરમાવે. સાધુ-સાધ્વી-નર-નારી-દેવ-દેવી બધાં પોતાની નક્કી કરેલી જગ્યાએ બેસીને ધર્મ-શ્રવણ કરે. બીજા ગઢમાં પશુ-પક્ષી આવીને બેસે. ત્રીજા ગઢમાં મનુષ્યોનાં વાહન રહે. આ આકૃતિરચના સુંદર હોય છે.

ચિત્ર-૬ નંદીશ્વર દ્વીપ : આ દ્વીપ જંબૂદ્વીપ પછી આવે છે. તે આઠમો દ્વીપ છે. ત્યાં બાવન મંદિર છે, જે શાશ્વત છે. આમાં ચારે તરફ અંજનગિરિ, દધિમુખ, રતિકર એવાં નામના પર્વત છે; વાવડીઓ છે. તે બધામાં જિનેશ્વર ભગવંતની પ્રતિમા છે. એક એક દિશામાં તેર જિનાલય છે. આમ, બાવન જિનાલય થાય છે. તેના અનુકરણરૂપે અત્યારે ઘણાં તીર્થોમાં અને શહેરોમાં વિશાળ જિનાલયો - બાવન જિનાલયરૂપ જોવા મળે છે. હઠીસિંગનું દેરું તેનું પ્રસિદ્ધ ઉદાહરણ છે.

ચિત્ર-૭ અઢી દ્વીપ : જૈનપરંપરાની ભૂગોળ મુજબ, આપણે જ્યાં છીએ તેને જંબૂદ્વીપ કહેવાય છે. તે પછી સમુદ્ર આવે, જેને લવણ સમુદ્ર કહેવાય. તે પછીનો દ્વીપ ઘાતકી ખંડ કહેવાય છે. તે પછી કાલોદધિ નામનો સમુદ્ર, એ પછી પુષ્કરવર દ્વીપ આવે છે તે અરધો. આટલી અઢી દ્વીપની જે ભૂમિ છે તે ધર્મ અને કર્મની ભૂમિ કહેવાય છે. આ અઢી દ્વીપમાં અસિ (તલવાર વગેરે હથિયાર) કસી (કૃષી-ખેતી) અને મષી (લેખન વગેરે)નો વ્યવહાર ચાલે છે. એનાં ચિત્ર કરવાની પરંપરા છે.

ચિત્ર-૮ હ્રીં : હ્રીં એ મંત્રબીજ છે. પ્રભાવશાળી છે. જૈનપરંપરા મુજબ ચોવીસ તીર્થંકર પરમાત્માની સંરચના આમાં દર્શાવાય છે.

ચિત્ર-૯ ૐકાર : આ એકાક્ષરી બીજમંત્ર છે. એનું ધ્વનિ-સૌન્દર્ય અને નાદ-માધુર્ય ચિત્તાકર્ષક હોય છે. શ્રમણ, બૌદ્ધ અને વૈદિક - બધી ભારતીય પરંપરામાં તે માન્ય છે. જૈનપરંપરામાં પંચ પરમેષ્ઠિ ભગવંતોનાં દર્શન કરે છે. અ - અરિહંત, અ - અશરીરી - સિદ્ધ ભગવંતો. આ - આચાર્ય આમ અ + અ = આ, આ + આચાર્યનો આ = આ. ઉપાધ્યાનો ઉ. આ અને ઉ મળીને ઓ. અને મુનિનો મ્ એમ ઓમ્ ગણે છે. - **રમેશ શાહ**

શ્રી શત્રુંજય મહાતીર્થ પટ (પૃ.૧૭૦-૭૧)

આશરે ૨૦૦-૨૫૦ વર્ષ પૂર્વે કોઈને એક સુંદર વિચાર આવ્યો હશે કે, 'ભાઈ, હું તો શત્રુંજયની યાત્રા કરી ધન્ય થયો, પ્રભુનો સાક્ષાત્ સંન્નિધિભાવ થતાં જીવન સાર્થક થયું, પણ મારાં સ્વજનો તેમજ સુવિધા-અશક્ત એવા બીજા કંઈક ગુણીજનો, આબાલવૃદ્ધ ધર્મપરાયણ જીવોને મને જે લાભ મળ્યો તે તેમને સુલભ થાય એ માટે એક ચિત્રપટનું નિર્માણ કરાવવું.'

તાબડતોબ ચિતારાઓને તેડાવી તેમને પ્રત્યક્ષ શત્રુંજયની યાત્રા કરાવી. નાનામાં નાની વિગતો આ ચિત્રાકારોએ ટપકાવી, સુંદર રીતે ગોઠવણી અને આયોજન કરી નકશા તૈયાર કરી અને સુરતના આ દેરાસરની કાષ્ઠની છત પર ચીતરી.

આ પટચિત્રને બારીકાઈથી જોઈએ તો અહીં પૂરી શિસ્ત-બદ્ધતાથી અરાજકતામાં ઊમટેલો આ માનવ-મહેરામણ પૂરા ભાવભક્તિથી અનાયાસ શિસ્તમાં ઘૂમી રહ્યો છે.

અહી રાજા-મહારાજા પોતપોતાના હાથીઓ સજાવીને, શ્રેષ્ઠીઓ પોતપોતાની સુંદર પાલખીઓમાં દૂર કોઈ ડોલીમાં તો બાકીનાં બધાં ચાલતાં-મહાલતાં ચાલ્યાં જાય છે. ભિસ્તીઓ પખાલ લઈને તો ફૂલમાળાઓ લઈને માળણો ચોકમાં ઊભી રહી છે. ચંદન ઉતારતા પૂજારીઓ અને પૂજાની રાહ જોઈ કતારમાં ઊભેલાં નર-નારીઓ ભિન્નભિન્ન પ્રાંતીય વેશ-પરિવેશ-રંગોમાં સજ્જ દેખાય છે.

રાજા-શ્રીમંતો સાથે વળાવિયા સૈનિકો, દેશી-અરબી-ફિરંગી સૌ પોતાનાં હથિયાર-ડંકા નિશાનો લઈ આવી ગયા છે. દરેકના અલગ પોષાકો, અલગ પાઘડીઓ છે. તત્કાલીન પોષાકોનો પણ અહીં મેળો છે.

હાથી, ઘોડા, ઊંટ થાકીને એકમેકની હૂંફ સેવે છે. ગાડેથી છૂટેલા ધોરી પણ સુંદર ચિત્ર રચે છે. હરણાં-સસલાં, વાઘ-સૂવર, કબૂતરોનાં ઊડતાં ટોળાં, હંસલાં-બગલાં, સર્પ, જાતજાતની વનરાઈ, વિવિધ પ્રકારનાં કૂંડાં, અલગ અલગ કૂંડોમાં નહાતાં નર-નારીઓ : પટમાં ઘણું ઘણું સરળતાથી સમાવી લીધું છે.


રંગ-આયોજન, ચિત્રની ગોઠવણમાં નાના-મોટા ચોરસ આકારો, વર્તુળ-અષ્ટકોણ-લંબચોરસ શંકુ (શિખરો) આકાર અને આ બધાંની વચ્ચેથી આડી કપાતી ગઢની દીવાલ ચિત્રસંયોજનાનું મજબૂત પાસું છે. સંગેમરમરના દેવાલયમાં બિરાજેલ ભગવંતો પર ખૂબ જ મહેનત લેવાઈ છે. કેન્દ્ર પૂરેપૂરું સચવાયું છે. આંખ પ્રથમ ત્યાં જઈ પછી સારા પટ પર ફરી વળે છે. ત્યાર બાદ સૂક્ષ્મ નિરીક્ષણ વડે વિનોદપૂર્ણ નાના નાના પ્રસંગો દેખાવા માંડે છે. બધું ફરી ફરી જોવા છતાં આંખો અને અંતરને 'ધરવ' થતો નથી. - **સી. નરેન**

[સુરિ પુરંદર શ્રી હરિભદ્રસુરીશ્વરજી રચિત **પંચસૂત્ર (પ્રથમ)** : મૂળપાઠ-ભાવાર્થ સાથે, પૂર્ણરંગી ચિત્રો આર્ટ પેપર પર કાઉન સાઇઝ, પૃ.૬૮, પાકું પૂંઠું, કિં.રૂ.૫૦. પ્રાપ્તિસ્થાન : ૩૨, 'પાઠશાળા' પ્રકાશન, બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ, ૭૦૩, નૂતનનિવાસ, ભટાર માર્ગ, સુરત - ૩૯૫૦૦૧]

પંચ સૂત્રના કલાત્મક ચિત્રો



ભગવાન શ્રી ઋષભદેવ




શ્રી ગુરૂ ગૌતમસ્વામી



દુઃખાનુબંધી સંસારનું પ્રતીક : મધુબિંદુ (ચિત્ર - ૧)




શ્રી વિજયસેનસૂરિ મહારાજ (ચિત્ર - ૨)



મને પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાઓ (ચિત્ર - ૩)



સાધુ ભગવંતોનું મને શરણ હો (ચિત્ર - ૪)







શ્રી સમવસરણ (ચિત્ર : ૫)

પાછળના પાને
'શ્રી શત્રુંજય તીર્થ'
સૂરતમાં શ્રાવક શેરીના
પ્રાચીન દેરાસરમાંના
સુંદર કાષ્ઠ-પટનું
અઢીસો વર્ષ પહેલાંનું
વિગતસભર ચિત્રકામ



શ્રી નંદીશ્વરદ્વીપ (ચિત્ર : ૬)



શ્રી અઢી દ્વીપ (ચિત્ર : ૭)



શ્રી હ્રીં કાર યંત્ર (ચિત્ર : ૮)



શ્રી ૐ કાર યંત્ર (ચિત્ર : ૯)

✺ કલાવાર્તા ✺

ફોટોપત્રકાર
ઝવેરીલાલ મહેતા

લગભગ રોજ 'ગુજરાત સમાચાર' દૈનિકના મુખ્ય પાના પર કોઈ અગત્યના





બનાવ, દૃશ્યને દર્શાવતો તથા નીચે તેનું વર્ણન કરતો ફોટો આપણે જોઈએ છીએ. ઘણી વાર ફોટાની નીચેનું લખાણ ઘણું રોચક હોય છે, પણ સાથે સાથે ફોટોગ્રાફીની દૃષ્ટિએ, કલાત્મક ઍંગલ અને વિષયની દૃષ્ટિએ પણ આ ફોટાઓ ખાસ ધ્યાન ખેંચે છે. આવી તસવીરો લેનાર ઝવેરીલાલ મહેતાનું નામ તો તસવીરકલાના જગતમાં, ખાસ તો ફોટો-જર્નાલિઝમના ક્ષેત્રે તથા સમાચારપત્ર વાંચનાર જનસમાજમાં ખૂબ જાણીતું થયું છે. ઘણી વાર તો સામે મોટો ભય હોય, અનેક મુસીબતો અને વિપરીત પરિસ્થિતિ હોય તે છતાં નિર્ભય બનીને હિંમત દાખવી તેમણે હુલ્લડો-ના પ્રસંગને, સરકાર કે સંસ્થા સામે વિરોધ દર્શાવતાં લોકો તથા



ચકુડિયા મહાદેવ (રખિયાલ-અમદાવાદ)નાં આરતી પ્રસંગનો ફોટો (ઝ. મહેતા)

પોલીસના દંડાનો માર ખાતાં લોકો, ટીઅર ગેસથી ભાગતાં લોકો, વિશાળ માનવસમુદાયને મંચ પરથી સંબોધી રહેલા કોઈ સંતપુરુષ, હુલ્લડ સમયે કર્ફ્યૂ દરમિયાનની નીરવ શાંતિવાળી નિર્જન શેરીઓમાં એકાદ જવાન કે સૂના રસ્તા પર સૂતેલાં ગાય કે કૂતરાને ફિલ્મમાં મઢી લેતી તસવીરો તે પ્રસંગ અને સ્થળને તથા વાતાવરણને જીવંત કરે છે. ઝવેરીલાલ સ્વયં તેમની શ્વેત-શ્યામ તસવીરો કે રંગીન તસવીરો ડાર્કરૂમમાં પ્રોસેસિંગ તથા ડેવલપિંગ માટે તૈયાર કરતા નથી. તેમના રોલ્સ તેઓ કોઈ સારા ફોટોગ્રાફર પાસે કે સ્ટૂડિઓમાં તૈયાર કરાવે છે. છતાં તસવીરોની પ્રિન્ટ ક્વૉલિટિ, તેમની સંરચના, તેમાંનો વિશિષ્ટ દૃષ્ટિકોણ, સુંદર રંગોનો વિરોધાભાસ તથા સંવાદિતા તેમની ઘણી તસવીરોને કલાકૃતિઓની કક્ષાએ મૂકી દે છે. આમાંની કેટલીક તસવીરો તો જાણે ચિત્રકલાની સુંદર કૃતિઓ જ લાગે છે. તેમની પાસે કોઈ એકેડેમિક કલાનું કે ફોટોગ્રાફીનું બેકગ્રાઉન્ડ ન હોવા છતાં પોતે 'લાઈફ', 'ટાઇમ' જેવાં જૂનાં-જાણીતાં મૅગેઝિનોમાંની ઉત્કૃષ્ટ ફોટોગ્રાફીનો અભ્યાસ કરી પોતાની તસવીરકલાને વિકસાવી. ફોટોજર્નાલિઝમ દર્શાવતાં ફોટાઓ ઉપરાંત તેમણે વૈયક્તિક પોર્ટ્રેટ તસવીરો, પ્રકૃતિનાં સુંદર દૃશ્યોની તસવીરો પણ લીધી છે. તેમાં તેમની ફોટોકલાકારની દૃષ્ટિ દેખાઈ આવે છે, પરંતુ સૌથી વધુ તો તેમને માનવમાં, માનવમેદનીમાં, માનવહલચલમાં જ રસ છે. એટલે જ તેમની તસવીરોમાં ચહલ-પહલ, તનાવ, નાટ્યાત્મકતા, ગતિથી ઊભરાતી માનવઊર્જાનાં દર્શન થાય છે.· તેમને બાળકો ખૂબ જ પ્રિય હોવાથી તેમની તસવીરો લેવી તેમને ખૂબ ગમે છે.





વિશાળ વટવૃક્ષ]   ફોટો : ઝવેરીલાલ મહેતા   [બેસહાય મલેરિયાગ્રસ્ત છોકરી

ઝવેરીલાલ મહેતાના ધંધાકીય ફોટોકલાકાર કે પત્રકારના પાસા કરતાં પણ મને તેમનું વ્યક્તિત્વ વધુ પ્રભાવકારી અને હિપ્નોટિક લાગ્યું છે. ૭૨ વર્ષની ઉંમરે પણ સદાબહાર યુવાન જેવા દેખાતા, સુંદર સ્વાસ્થ્ય ધરાવતા, પેન્ટ, શર્ટ તથા ગોળ, બ્રિટિશ સમયની હેટ પહેરેલા, પાછળથી કોઈ કૉમેડિયન જેવા લાગતા, નિત્ય હસમુખા અને નિત્ય પ્રસન્ન રહેતા ઝવેરીલાલ તેમને મળનારી કોઈ પણ વ્યક્તિને, પછી તે ગમે તેટલી વિદ્વાન હોય અને ગંભીર સ્વભાવ ધરાવતી હોય, આનંદિત અને હળવી કરી દે છે. તેમનો માનવજીવન પ્રત્યેનો આ ઊભરાતો ઉત્સાહ, તેમની જીવનશક્તિ, નિખાલસતા, તેમની ત્વરા અને પ્રસન્નતા તેમની ઘણી તસવીરોમાં પ્રતિબિંબિત થયાં છે.

ઝવેરીલાલ ભલે પોતાને મહાન તસવીરકાર ન ગણાવતા હોય, મોટા વિક્ટોરિયાલિસ્ટ કે સાંપ્રત તસવીરકાર ન ગણાવતા હોય કે ઇનામો મેળવવાની ઇચ્છા ન રાખતા હોય છતાં થોડા સમય પહેલાં તેમના રવિશંકર રાવળ ભવનમાં ભરાયેલા તસવીરોના પ્રદર્શનમાં કેટલીક ટેકનિકલી ગુણવત્તાભરી પ્રિન્ટો, ભૂમિની મહેક ફેલાવતા રંગો, એરિયલ અને વાઇડએન્ગલ વ્યૂ ધરાવતી કલાત્મકતાવાળી તસવીરો, વિશાળ માનવમેદનીને આવરી લેતી તસવીરો, નાટ્યાત્મક ચહલપહલ તથા તનાવ દર્શાવતી તસવીરો, સુરંદાવાદક કચ્છી કલાકારની તસવીર, ગ્રામોફોન અને બદલાતી નવી પેઢીનું દશ્ય દર્શાવતી તસવીર, વિશાળ ખાડામાં ઓરડી બનાવી રસોઈ કરતી સ્ત્રીનું એરિયલ વ્યૂવાળું ચિત્ર, આધુનિક પરિવહન અને પૌરાણિક 'હોર્સપાવર' જેવા વિરોધાભાસને દર્શાવતી તસવીર, ભક્તોના ભગવા રંગ વચ્ચે એક ભૂરું શર્ટ દર્શાવતી તસવીર, તોફાની ટોળાની પાછળ પડેલી પોલીસની તસવીર આદિ ધ્યાનપાત્ર છે.

- બંસીલાલ દલાલ

કલાવૃત્ત

મહેન્દ્રસિંઘ રાજપૂત

અમદાવાદની કન્ટેમ્પરરી ગૅલરીમાં વૈયક્તિક પ્રદર્શનો કરી ચૂકેલા કલાકાર



ફૂલચિત્ર - ફૂલદાની (કલાકાર : મનોહરસિંહ રાજપૂત)

મહેન્દ્રસિંઘ રાજપૂતનો જન્મ ૧૯૫૭માં અમદાવાદમાં થયો. ૧૯૭૮માં શેઠ સી. એન. કૉલેજ ઑવ્ ફાઇન આર્ટ્સમાંથી એ.ટી.ડી. કર્યું. કેટલાંક વર્ષોથી તેઓ મદદનીશ ડિઝાઈન ઑફિસર તરીકે નરોડામાં આવેલી રિલાયન્સ ઇન્ડિયા લિ.માં સેવા આપી રહ્યા છે. તેમનાં ચિત્રો અમેરિકામાં તથા ભારતમાં ખાનગી સંગ્રહમાં સ્થાન પામ્યાં છે.

તેમના પ્રથમ પ્રદર્શનમાં તેમનાં પુષ્પોનાં સ્ટિલ લાઇફ ચિત્રોએ ખાસ ધ્યાન ખેંચ્યું હતું. આ વેળા બીજા પ્રદર્શનમાં પણ તેમની હાજરી ધ્યાન ખેંચતી હતી. આ ચિત્રોમાં સુંદરતા છે, ઝડપી બ્રશવર્ક તથા બ્લેડનો કલાત્મક ઉપયોગ છે. વિવિધ ફૂલો, પર્ણોસહિત, કેટલાંક ફૂલદાન મનોહારિતા, લાલિત્ય, રંગોનું સૌન્દર્ય ધરાવે છે. છતાં તે સેઝાં રેન્વાનાં સર્જનાત્મક ફૂલચિત્રોની કક્ષાએ પહોંચ્યાં નથી. કેટલીક વાર તે સીધા ફૂલોના રંગીન ફોટાથી પ્રેરાઈને તૈયાર થયેલાં લાગે છે. છતાં ખંડની કોઈ ભીંતને તે અવશ્ય શોભારૂપ બનશે. તેમનાં માનવાકૃતિનાં ચિત્રો પણ ફોટાઓ પર આધારિત લાગે છે.

તેમનાં દશ્યચિત્રોમાં મકાનોનું આલેખન લગભગ અમૂર્ત કક્ષાએ પહોંચ્યું છે. કેટલાંક ચિત્રોમાં મકાનોના ભાગોના આકારો દષ્ટિગોચર થાય છે. આ ચિત્રો તદ્દન અમૂર્ત લાગતા ચિત્રો કરતાં વધુ સારાં છે. અમૂર્ત કલામાં ધીરે ધીરે સમજપૂર્વક પ્રદાર્પણ કરવું વધુ જરૂરી અને હિતાવહ છે. તેમનાં પુષ્પચિત્રોમાં તેમની ટેક્ષ્ટાઈલ કલાની જાણકારી અને ડિઝાઈન ડોકાય છે.

કાર્ટૂનિસ્ટ

ડૉ. ઈન્દ્રદેવ આચાર્યનું સન્માન

આ વર્ષે ડૉ. ઈન્દ્રદેવ આચાર્યને તેમની ૪૦ વર્ષની પત્રકારિત્વક્ષેત્રની વેધક અને અખંડિત કાર્ટૂન-કારકિર્દી અને સિદ્ધિ બદલ ગુજરાત સરકારે એમને એ ક્ષેત્રનો ઍવૉર્ડ આપી સન્માન્યા છે. એમણે આજ સુધીમાં લગભગ ૫૦,૦૦૦થી વધુ કાર્ટૂનો કરેલાં છે. એમની વેધક કટાક્ષ દષ્ટિ અને તેને વ્યક્ત કરવાની આગવી-અનોખી કાર્ટૂન-કલાથી ગુજરાત સુપેરે પરિચિત છે. એમના કટાક્ષલેખોના બે સંગ્રહો પણ પ્રકટ થયા છે. ૧૯૯૨માં દિલ્હીની 'ઑલ ઇન્ડિયા આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટી' દ્વારા 'વેટરન આર્ટિસ્ટ ઍવૉર્ડ' પ્રદાન થઈ ચૂક્યો છે. કેટલાંક આંતરરાષ્ટ્રિય સ્તરના કાર્ટૂનપ્રદર્શનોમાં એમની કૃતિઓ રજૂ થયેલી છે અને પ્રશંસા પાત્ર ઠરેલી છે.



'કુમાર'ના વાચકો એમની કલાપ્રસાદીથી ભાગ્યે જ અજાણ હશે. એમને આ અવસરે ધન્યવાદ!

અમૃતા શેરગીલ



ભારતીય ચિત્રકલાના ઇતિહાસમાં છેલ્લાં ઘણાં વર્ષોમાં અવનવા ઘણા પ્રકારના બદલાવ આવ્યા છે, આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં ચિત્રકલામાં મુખ્યત્વે મિનિ- એચર ચિત્રકલા, લિપિ ચિત્રો, અજંતા ને ઇલોરાનાં શિલ્પ અને ચિત્રો, બંગાલનાં કાલિઘાટ અને ઓરિસ્સાનાં પાતા ચિત્રો સાથે બિહારનાં મધુબની કૃતિઓ જાણીતાં હતાં. કંપની સરકારના અફસરો ભારતીય પ્રદેશ અને શહેરોનાં દશ્યચિત્રો કરતા અને રાજામહારાજાની તેમજ પોતાના સાહેબોની તસવીર કરતા. આ બધું મોટાં શહેરો, કલકત્તા, મદ્રાસ કે દિલ્હીમાં જોવા મળતું. એ સમયે જ્યારે ચિત્રકારો કે અન્ય શૈલીના કલાકારો જ ઓછા હોય ત્યારે સ્ત્રીચિત્રકારની કલ્પના કરવી નવાઈ જેવું લાગે. આજે તો ભારતમાં ઘણાં બધાં સ્ત્રીકલાકારો થયાં છે, પ્રસિદ્ધિ અને માનઅકરામ પામ્યાં છે, જે આપણું સદ્ભાગ્ય છે.

ભારતનાં સ્ત્રીચિત્રકારોની નામાવલીમાં જો પ્રથમ નામ મૂકવાનું થાય તો તે અમૃતા શેરગીલનું જ સંભવી શકે. આ કલાકાર વિષે સાત દાયકા દરમિયાન ઘણું બધું લખાયું છે, છપાયું છે. દંભી વિવેચકોએ તેમના ખાનગી જીવનને પણ ઘણું ચગાવ્યું છે અને આ સ્વરૂપવાન ચિત્રકાર વિષે ઘણી ભ્રમણા ઊભી કરવામાં કંઈ બાકી રાખી નથી. આજે શેરગીલનાં ચિત્રો ભારતીય મિલકત ગણાય છે. અને નેશનલ ગૅલેરી ઑવ્ મૉર્ડન આર્ટમાં કાયમ માટે તે સંગૃહીત છે. ચિત્રોની પ્રિન્ટ પણ ઉપલબ્ધ છે. નાની પુસ્તિકા પણ મળે છે. 'માર્ગ' નામની કલાનાં પ્રકાશન કરતી સંસ્થાએ ૧૯૭૨માં એક આખો અંક તેમના માટે તૈયાર કરેલો, જેમાં તેમનાં ચિત્રો અને જીવનકવનનું સંકલન કરવામાં આવ્યું છે.

૩૦મી જાન્યુઆરી ૧૯૧૩માં જન્મેલાં અમૃતા શેરગીલનાં માતા હંગેરીયન અને પિતા શીખ હતા. તેમની પરવરીશ ૧૯૨૧ સુધી હંગેરીમાં અને ૧૯૨૯ સુધી સીમલામાં થઈ. ત્યાર બાદ ચિત્રકલાના આગવા રસને કારણે તેઓ છ વર્ષ માટે પૅરિસમાં જાણીતી કલાસંસ્થામાં અભ્યાસ કરવા ગયાં અને ૧૯૩૪માં પાછાં આવ્યાં, અને સીમલામાં રહીને જ ચિત્રકાર્યનો આરંભ કર્યો. સાથેસાથે મુંબઈમાં પ્રદર્શિત પહાડી, રાજપૂત, બિશોલી મિનિએચર ચિત્રોનું પ્રદર્શન જોયું. અજંતા-ઇલોરાની મુલાકાત લીધી. દક્ષિણ ભારતનાં હૈદરાબાદ, ત્રિવેન્દ્રમ્, કોચીન, કેપ કેમારીન વગેરે શહેરોની મુલાકાત લીધી. ત્યાંનાં ભીંતચિત્રો અને મંદિરોનાં શિલ્પકામો જોયાં, જેની છાપ તેમનાં ચિત્રોનાં વિષયવસ્તુ ઉપર પડેલી જણાય છે. પાછલાં વર્ષોમાં ઉત્તર પ્રદેશના સરાયા ગામમાં રહીને ઘણાં ચિત્રસર્જનો કર્યાં. ૧૯૩૯ના અરસામાં ફરી પાછાં હંગેરી ગયાં. ત્યાં ડૉ.વિક્ટર ઈગન સાથે તેમનાં લગ્ન થયાં અને પાછા ભારત આવતાં સીલોન, મહાબલીપુરમ્, મદુરાઈ, મથુરા વગેરેનો પ્રવાસ કર્યો.

અમૃતા શેરગીલની ચિત્રકલામાં શરૂઆતના કાળમાં પૅરિસ અને યુરોપમાં તે સમયે થતા ચિત્રકામની અસર દેખાય છે, જેમાં તેમણે પોતાનાં તસવીરચિત્રો સાથે દોરેલાં થોડાંક નગ્ન મૉડેલચિત્રો, થોડાંક દશ્યચિત્રો મુખ્ય છે. એ જમાનામાં મૉડેલ સાથે રાખીને ચિત્રકારો ચિત્ર કરતા. જે આપણે રાજા રવિવર્માનાં ચિત્રોમાં જોઈ શકીએ છીએ. આ જ પ્રમાણે શેરગીલ પણ મૉડેલ તરીકે વિવિધ પાત્રોને સાથે રાખીને સર્જન કરતાં. તેમનાં કામમાં ચિત્રકાર પોલ ગોગેઈમ, મોદીગ્લીઆની અને ઈંગ્રેસની અસર જણાઈ આવે છે. સમય જતાં તેમની ચિત્રશૈલીમાં ભારતીય તત્ત્વ ઉમેરાતું ગયું, જે આપણે તેમનાં ચિત્રો જેવાં કે, ફળો વેચનાર, વાર્તાકાર, શૃંગાર, પહાડીમાં રહેનારાં, ચારપાઈ ઉપર સૂતેલી સ્ત્રી, ત્રણ બહેનો, માતાપુત્ર, ઝુલા ઉપરની સ્ત્રીઓ વગેરેમાં દેખાય છે. રંગકામ દ્વારા જમીનના રંગો જેવા રંગો દેખાવા લાગ્યા. તેમાં પણ પાત્રોના ભાવવાહી ચહેરા, તડકામાં તપીને રુક્ષ થઈ ગયેલાં શરીર, ગામઠી પહેરવેશ, અલગ અલગ પ્રકારની રચનાઓમાં ગોઠવાઈ ગયેલાં પાત્રો, ઘણી રચનાઓમાં યુરોપીય કલાકારોની રચનાઓની ઝાંખી પણ થઈ આવે. છતાં જેમ વધારે જોતાં જઈએ તેમ વધારે માણવાં ગમે તેવાં ચિત્રસર્જનો થયાં.

અમૃતા શેરગીલના ૨૯ વર્ષના જીવનકાળ દરમિયાન ચિત્રસર્જનનાં તો માત્ર ૧૨ વર્ષ જ ગણી શકાય. આટલાં ઓછા સમયમાં આટલું પરિભ્રમણ, આટલી બધી કેનવાસ ચિત્રરચનાઓ એ નાનીસૂની બાબત ન ગણાય.

જેમ દરેક દેશમાં બને છે તેમ આપણા દેશમાં પણ બદલાતા સમય સાથે ચિત્રકલામાં ખભા ઉપર ઊભા રહીને

(અનુસંધાન પૃ.૧૭૬)



કંકાવટી

કોઠાસૂઝનાં કસબી
કમુબહેન

આગવી કોઠાસૂઝ અને મહેનતુ સ્વભાવને કારણે મહેસાણાં જિલ્લાનાં વિજાપુર તાલુકાનાં મોતીપુરા



ગામનાં શ્રીમતી કમુબહેનનું નામ પશુચિકિત્સામાં ખૂબ જાણીતું છે. પરંપરાગત પશુ-સારવારના જ્ઞાનને આવનાર પેઢી સુધી આગળ ધપાવવાનું ઉમદા કામ તેઓ કરી રહ્યાં છે. કમુબેનની વાત તેમના જ શબ્દોમાં :

'વિજાપુર તાલુકાના મણીપુર ગામમાં મારો જન્મ થયો. છ બહેનો અને બે ભાઈમાં મારો પાંચમો નંબર આવે. ચોથા ધોરણ સુધી ભણ્યાં પછી સંયુક્ત કુટુંબને કારણે ઘરકામમાં લાગી. ધીરે ધીરે ઘરની બધી જવાબદારીઓ મારા ઉપર આવી પડી.

હું નાની હતી ત્યારે બાની લાંબી બીમારીને લીધે પશુપાલનની બધી જવાબદારી મારે નિભાવવાની આવી. બાળપણથી જ નવું નવું જાણીને અમલમાં મૂકવાની પ્રેરણા મને મારાં બા આપતાં. ઘરમાં પશુપાલનને લીધે બા તેમાં કુશળ હતાં, જેનો મને લાભ મળ્યો.

નાની ઉંમરે બાજુના ગામ મોતીપુરામાં મારાં લગ્ન થયાં. અહીં આવીને પણ પશુપાલનનું કામ મારે માથે આવ્યું. બાળપણમાં બા તરફથી મળેલ અનુભવોનું ભાથું મારી મદદે આવ્યું. મારા પતિ મેટ્રિક પાસ હોવાથી પશુપાલનની બાબતમાં કંઈક નવું વાંચે કે જાણે તે મને જરૂરથી જણાવે અને તેનો ઉપયોગ કરવા માટે પણ પ્રોત્સાહન આપે. તેમના તરફથી મળતાં સાથ અને પ્રોત્સાહને મને એક પ્રેરકબળ પૂરું પાડ્યું છે.

અમારી આર્થિક સ્થિતિ પ્રમાણમાં સારી હોવાથી બંને દીકરા અને બંને દીકરીઓને સારી રીતે ભણાવી શક્યાં છીએ. મારી એક દીકરીએ બી.આર.એસ. નો અભ્યાસ કર્યો છે. તેને પણ પશુપાલન અને ખેતીનાં કામોમાં રસ પડે છે. દીકરાની વહુ પણ પશુપાલનના કામમાં મારી સાથે જોડાય છે. કુટુંબ, પડોશી કે ગામની અન્ય પશુપાલક બહેનો સાથે પશુઓની સારસંભાળ અંગેની બાબતો પર ચર્ચા કરી ખરેખર મારે કઈ કાળજી લેવી જોઈએ તે નક્કી કરું છું. પશુઓનાં રહેઠાણની પૂરતી વ્યવસ્થા, પશુ દોહતી વખતે સાવચેતી, પશુના ખોરાક અંગેની ચીવટ, પશુના શરીરની બાહ્ય સફાઈ જેવી બાબતો પર વિશેષ ધ્યાન આપું છું. શિયાળામાં પશુના રહેઠાણમાં તાપણું કરી તેને ગરમાવો મળે તેવી તકેદારી અને ચોમાસામાં મચ્છર ન થાય તે માટે લીમડાનાં પાનની ધૂણી કરવી વગેરે જેવી પશુની નાની નાની બાબતોને ધ્યાનમાં રાખું છું. પશુઓ માટે પાણીનો અલાયદો અવાડો તૈયાર કર્યો છે, જેનાથી તેમને પાણી પીવડાવવામાં અને નવડાવવામાં અનુકૂળતા રહે છે.

પશુના બાંધામાં તેમજ તેના શરીરમાં થતા ફેરફાર પરથી તેને કયો રોગ લાગુ પડ્યો છે કે પછી તે કેટલું દૂધ આપશે તે સરળતાથી પારખી શકું છું.

ગામના ખેતરની આસપાસ ઊગતી વનસ્પતિઓનો પશુ-ઉપચારમાં ઉપયોગ કરું છું. ઘણી વખત પશુને રોગમાંથી તાત્કાલિક ઉગારી શકાય છે. પણ ઘણી વખત દવાની ઝડપી અસર ન થાય ત્યારે દવાનું પ્રમાણ અને કેટલી વાર માવજત કરવી વગેરે જેવી બાબતોને ધ્યાનમાં રાખી બીજી વખત ઉપચાર કરતી વખતે આગળના અનુભવોને ધ્યાનમાં રાખીને સારવાર કરું છું.

હું હજી વધારે ભેંસો ખરીદી પશુપાલન વધારવા માગું છું. હાલમાં મારાં દૂધાળાં પશુઓ ૧૦ થી ૧૨ લીટર દૂધ આપે છે. તે વધારે મળે તે માટે સારો ઘાસચારો, સારી ઓલાદની પસંદગી તેમજ તેમને સારી સારવાર મળે તેવી મારી ઇચ્છા છે. આવનારા દિવસોમાં લોકો ઔષધિઓનો વધારે ઉપયોગ કરે અને આ કોઠાસૂઝની પરંપરા પેઢી દર પેઢી ચાલતી રહે અને જળવાઈ રહે તે માટેના પ્રયત્નો અને સાથ-સહકાર હંમેશાં 'સૃષ્ટિ' પરિવારને આપતી રહીશ. ☐ ('લોકસરવાણી'માંથી)

અનુ.] કલાસ્મૃતિ [પૃ.૧૭૫થી

આગળ આવેલા નવા કલાકારોમાં જૂનાને ઉવેખવાની જાણે કે ફેશન શરૂ થઈ. ત્વરિત આગળ આવવા મથતા વિવેચકો કલાકારના કાર્ય કરતાં તેમના અંગત જીવનની વાતોને વધારે ચગાવવા લાગ્યા. શેરગીલની ચિત્રકાર તરીકે મહત્તા ઘટે, તે માટે ઘણા પ્રયાસો થતા રહ્યા છે. પણ આજ સુધી તેમનું સર્જન કેનવાસ બગાડી શકાયું નથી. તેમના કામની અસરમાં ઘણા ચિત્રકારોએ કામ કર્યું છે. તેમનાં ચિત્રોની ઘણી નકલો થઈ છે અને આજે પણ થાય છે. છતાં શેરગીલની તુલીકા દ્વારા, મીઠું દર્દ જગાવતી, કેનવાસ ઉપર સર્જન થતાં અનુભવાતો એક ખલિશ કાયમ રહી જાય છે.

આજે સીમલામાં તેમનું મકાન, સ્ટૂડિઓ સચવાયેલાં છે, જે સમયાંતરે લોકોને જોવા-જાણવા-માણવા મળી શકે છે.

૧૯૪૧માં શેરગીલ સ્થાઈ રહેણાક માટે લાહોર ગયાં અને તેમના પ્રદર્શનનું આયોજન પણ થયું. પ્રદર્શન શરૂ થાય તે પહેલાં જ ૨૯ વર્ષની નાની ઉંમરે તેમનું અવસાન થયું. આવાં આ ભારતીય સ્ત્રી-ચિત્રકારને સ્મરણ-સલામ! - ગજેન્દ્ર શાહ

આવો, શીખીએ અંગ્રેજી (૩૧)

ધનુભાઈ મહેતા

પ્રત્યક્ષ રચના અને પરોક્ષ રચના :
Direct and Indirect Speech

મુદ્દાની વાત શરૂ કરતાં પહેલાં તેની પ્રાસ્તાવિક ભૂમિકા તરીકે ભાષાના લખાણમાં વિરામચિહ્નોની આવશ્યકતા વિષે સમજીએ.

બોલતી વેળા સાંભળનાર આપણી સમક્ષ હોય છે, એટલે આપણે કોઈ ખાસ શબ્દ પર ભાર મૂકીને કે હાથ-આંખનો ઇંગિત અભિનય કરીને કે અમુક શબ્દો અધ્યાહાર રાખીને પણ આપણી વાત સાંભળનારના ગળે ઉતારીએ છીએ. દા.ત. 'હે નળ, દમયંતીને આ રીતે વનમાં એકલીઅટૂલી મૂકી, તમારાથી ચાલ્યા જવાય?' આ શબ્દો ક્રોધ, કરુણા કે ધિક્કાર-નો ભાવ દર્શાવીને જુદી જુદી રીતે બોલી શકાય. પણ લખતી વેળા આપણી પાસે ઇંગિત ભાવો દર્શાવવાનું વિરામચિહ્નો સિવાય બીજું કોઈ સાધન નથી. તેથી લખાણમાં આપણો મુદ્દો સ્પષ્ટ કરવા માટે વિરામચિહ્નોની આવશ્યકતા છે. વિરામ ચિહ્નોની પદ્ધતિ અંગ્રેજીમાંથી આવી છે. સંસ્કૃતમાં માત્ર બે જ વિરામ ચિહ્નો છે, અલ્પ વિરામ અને પૂર્ણ વિરામ. અલ્પ વિરામ માટે એક ઊભી રેખા અને પૂર્ણ વિરામ માટે બે ઊભી રેખા (। - ।।) આ પ્રમાણે વપરાય છે. તેને દંડ પણ કહેવામાં આવે છે. બીજાં વિરામચિહ્નોના અભાવને લીધે બાણ ભટ્ટની 'કાદંબરી' કે સુબન્ધુની વાસવદત્તા, જેવી કૃતિઓ સમજવી ક્લિષ્ટ બની જાય છે. એ ગ્રન્થોમાં અર્થાનુસાર, અલ્પ વિરામ, અર્ધ વિરામ, પ્રશ્નાર્થ, ઉદ્ગાર કે અવતરણ ચિહ્નો મૂકી દઈએ તો તે ગ્રન્થો સમજવા સરળ બની જાય.

સંસ્કૃતમાં અવતરણ ચિહ્ન નથી એટલે તેમાં પ્રત્યક્ષ રચના નથી, પરોક્ષ રચના જ છે. દા.ત. सः प्रतिदिनम् आक्रोशत् व्याघ्रः आगच्छत् व्याघ्र आगच्छत् ईति । અર્થાત્ તે રોજ બૂમ પાડતો વાઘ આવ્યો, વાઘ આવ્યો. એટલે કે સંસ્કૃતમાં કોઈ આમ કહે છે, કહ્યું કે કહેશે એ માટે ઈતિ વપરાય છે.

ગુજરાતીમાં અવતરણ ચિહ્ન છે, પણ તે માત્ર કોઈના ઉદ્ધૃત શબ્દો ટાંકવા પૂરતા જ વપરાય છે. કોઈના બોલાયેલા શબ્દો અવતરણ ચિહ્ન દ્વારા જેમના તેમ દર્શાવવા માટે વપરાતા નથી. ટૂંકમાં સંસ્કૃત કે ગુજરાતીમાં પરોક્ષ રચના જ છે. દા.ત. ગુજરાતીમાં આમ બોલીએ : તેણે કહ્યું કે હું આવતી કાલે તમને ફરીથી મળીશ.

અંગ્રેજીમાં પ્રત્યક્ષ રચના એટલે કે direct speech અને પરોક્ષ રચના એટલે કે indirect speech એમ બે પ્રકારની રચના છે. કોઈના બોલાયેલા શબ્દોને કહેનાર એટલે કે રજૂ કરનાર અવતરણ ચિહ્નની વચ્ચે મૂકીને જેમના તેમ મૂકે તે direct speech, જેમ કે The teacher says, 'I want to teach you a new lesson to day, અવતરણ ચિહ્નને અંગ્રેજીમાં inverted comma - ઈન્વર્ટેડ કોમા - કહેવામાં આવે છે. કોઈકના બોલાયેલા શબ્દોને બોલનાર પોતાની રીતે અવતરણ ચિહ્ન કાઢી નાખીને રજૂ કરે તે પરોક્ષ રચના - indirect speech. દા.ત. The teacher says that he wants to teach a new lesson to day. કોઈના બોલાયેલા શબ્દો રજૂ કરનાર તે reporter - રિપોર્ટર કહેવાય અને જે ક્રિયાપદ દ્વારા તે અહેવાલ આપે તે ક્રિયાપદને reporting verb - રીપોર્ટિંગ વર્બ કહેવાય. અવતરણ ચિહ્નની વચ્ચે મૂકવામાં આવેલ શબ્દો તે reported speech અને તેમાં જે મુખ્ય ક્રિયાપદ વપરાયું હોય તે - reported verb. નમૂના રૂપ એક વાક્ય દ્વારા આ શબ્દો શીખીએ.

Mala said to Kala, 'I promise to stand by you in your difficulty.' (to stand by - સ્ટેન્ડ બાઈ - પડખે ઊભા રહેવું) આ વાક્યમાં અવતરણ ચિહ્નની બહાર 'said' ક્રિયાપદ છે તે reporting verb. અવતરણ ચિહ્નની વચ્ચે મૂકવામાં આવેલા શબ્દો તે reported speech અને તેમાં વપરાયેલું મુખ્ય ક્રિયાપદ 'promise' તે reported verb.

પ્રત્યક્ષ રચના માટે નીચેના મુદ્દાઓ લક્ષમાં રાખશો.

(૧) મૂળ વાત કહેનારના શબ્દો - inverted commas ("-")ની વચ્ચે કૌંસમાં દર્શાવ્યા પ્રમાણે મૂકવા.

(૨) inverted commasની અંદરના વાક્યનો પ્રથમાક્ષર Capital કરવો, જેમ કે, Rutul said to me, 'Work is worship.'

(૩) વાક્યના અંતે જે તે વિરામચિહ્ન મૂક્યા પછી જ અવતરણ ચિહ્ન પૂરાં કરવાં.

Indirect speech એટલે કે પરોક્ષ રચનામાં અહેવાલ આપનાર અન્ય કોઈ બોલનારના શબ્દો પોતાની રીતે ઘટતા ફેરફાર કરી રજૂ કરે તેવી રચના. ઉદાહરણ દ્વારા સમજીએ.

Direct Speech	Indirect Speech
Lata says, 'I am busy now.'	Lata says that she is busy now.
The teacher said to the girl, 'What is your name?'	The teacher asked the girl what her name was.
The master said to Robert, 'Go at once.'	The master ordered Robert to go at once.
Mala says to Mayuri, 'I wash my clothes myself.'	Mala Says to Mayuri that she washes her clothes herself. અથવા

Mala tells Mayuri that she washes her clothes herself.

ઉપરનાં વાક્યો પરથી સમજી શકશો કે reporting verb પછી કર્મ ન આવ્યું હોય તો reporting verb 'say' જ રહે છે, પણ જો કર્મ આવ્યું હોય તો 'say' ને બદલે 'tell' વાપરી શકાય પણ 'say' પછી 'to' આવે, 'tell' પછી 'to' આવે નહિ.

Direct speechને indirect speechમાં ફેરવતાં નીચેના સામાન્ય નિયમ ખ્યાલમાં રાખજો.

(૧) Reporting verb કે તેની પછી આવેલ કર્મ પછીનું અલ્પવિરામ કાઢી નાખવું. (૨) અવતરણ ચિહ્ન કાઢી નાખવાં. (૩) વાક્યના પ્રકાર પ્રમાણેનું યોગ્ય સંયોજક વાપરવું. (૪) બોલનાર અને સાંભળનારના સંદર્ભ પ્રમાણે સર્વનામમાં ફેરફાર કરવો અને તેને યોગ્ય ક્રિયાપદમાં ફેરફાર કરવો. (૫) Reporting verb ને લક્ષમાં રાખી અવતરણ ચિહ્નની અંદરના reported verbમાં કાળાન્વયના નિયમ પ્રમાણે ઘટતા ફેરફાર કરવા. (૬) અવતરણ ચિહ્નની અંદરનું વાક્ય ગમે તે પ્રકારનું હોય તેમ છતાં તે indirect speechમાં બદલાય ત્યારે વિધાન વાક્ય બને છે તેથી વિરામ ચિહ્ન તરીકે પૂર્ણ વિરામ જ મૂકવું.

હવે વિધાન, પ્રશ્નાર્થ, આજ્ઞાર્થ અને ઉદ્દગાર વાક્યના direct speechના વાક્યને indirect speechમાં ફેરવવા માટેના નિયમો વાક્યના ઉપરોક્ત પ્રકાર અનુસાર અનુક્રમે શીખીએ.

વિધાન વાક્ય - (૧) સંયોજક તરીકે 'that' વાપરવું. (૨) Reporting verb સાદા વર્તમાન કે ભવિષ્યકાળમાં હોય તો અવતરણ ચિહ્નની અંદરના - reported verbના કાળમાં કશો ફેરફાર કરવો નહિ પણ સર્વનામના ફેરફારના સંદર્ભમાં જ યોગ્ય ફેરફાર કરવો. (૩) અન્ય કોઈ ફેરફાર કરવા નહિ. નીચેના વાક્યો નિયમને સ્પષ્ટ કરશે.

Direct Speech	Indirect Speech
Ramilaben says, 'My sons are a great help to me.'	Ramilaben says that her sons are a great help to her.
The doctor will say, 'I have tried my best to save the patient.'	The doctor will say that he has tried his best to save the patient.
My teacher says to me, 'I do not like your dirty habits.'	My teacher says to me that he does not like my dirty habits.

ભૂતકાળના વિધાન વાક્યમાં reporting verb ભૂતકાળમાં હોય - said - તો તેને indirect speechમાં ફેરતી વખતે reported ક્રિયાપદમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા -

(૧) સાદા વર્તમાન કાળનો સાદો ભૂતકાળ, (૨) ચાલુ ભૂતકાળનો ચાલુ ભૂતકાળ, (૩) પૂર્ણ વર્તમાન કાળનો પૂર્ણ ભૂતકાળ, (૪) સામાન્ય રીતે સાદા ભૂતકાળનો પૂર્ણ ભૂતકાળ બને, પરંતુ ક્રિયા સમકાલીન થઈ હોય ત્યારે, સાદો ભૂતકાળ જેમનો તેમ રાખવો, (૫) સહાયકારક ક્રિયાપદના ફેરફાર નીચે પ્રમાણે કરવા -

can - could	may - might	should - should
ought - ought	would - would	must - must
could - could	shall - should	might - might
will - would		

(૬) કાળવાચક તથા સ્થળવાચક શબ્દોનો ફેરફાર નીચે પ્રમાણે :

direct	indirect	direct	indirect
this	that	come	go
these	those	to day	that day
here	there	to night	that night
thus	so	to morrow	the next day
ago	before	hence	thence
now	then	now	then
next week	the following week	yester day	the previous day કે the day before
last night	the previous night કે the night before		

ઉદાહરણરૂપ વાક્યો સમજીએ :

Direct	Indirect
Renu said, 'My mother prepares breakfast for us.'	Renu said that her mother prepaed breakfast for them.
She said to me, 'I went for shopping yesterday.'	She told me that she had gone for shopping the previous day (or the day before).
Rutul said, 'I am doing my home-work now.'	Rutul said that he was doing his home-work then.
The manager said to the clerk, 'I want you to type all these papers to day.'	The manager said to the clerk that he wanted him to type those letters that day.

એક મુદ્દો લક્ષમાં રાખશો કે અવતરણ ચિહ્નની વચ્ચેનું વાક્ય કહેવત કે સનાતન સત્ય હોય ત્યારે reported verbમાં ફેરફાર કરવો નહિ. જેમ કે -

Direct Speech	Indirect Speech
Father said to his son, 'Honesty is the best policy.'	Father said to his son that honesty is the best policy.
Our science teacher said to us,' water finds its own level.'	Our science teacher told us that water finds its own level.

પ્રશ્નાર્થ વાક્યનું directનું indirect કરવાના નિયમો :

(૧) reporting verb 'say' ને સ્થાને 'ask' કરવું (૨) 'ask' પછી 'to' ન મૂકવું (૩) 'who', 'what', 'when' - જેવા પ્રશ્નાર્થ સૂચક શબ્દથી વાક્ય શરૂ થતું હોય તો સંયોજક તરીકે વપરાયેલો પ્રશ્નાર્થ સૂચક શબ્દ જ જેમનો તેમ રહેવા

દેવો. તે 'small' કરવો પણ 'am', 'is', 'was', 'shall', 'can', 'do', 'have' જેવાં સહાયકારક ક્રિયાપદથી વાક્ય શરૂ થતું હોય તો સંયોજક તરીકે 'if' કે 'whether' વાપરવું. ('કે'ના અર્થમાં, 'જો-તો'ના અર્થમાં નહિ.) (૪) પ્રશ્નાર્થ વાક્યને વિધાનમાં ફેરવી નાખવું. એટલે કે 'કર્તા' આગળ અને 'ક્રિયાપદ' પછી. (૫) વાક્યને અંતે પૂર્ણવિરામ મૂકવું (૬) બાકીના નિયમો વિધાન વાક્ય પ્રમાણે સમજવા. જેમકે,

Direct Speech	Indirect Speech
The police man said to the lady, 'Where do you live?'	The police man asked the lady where she lived.
The doctor said to the child, 'How do you feel now my child?	The doctor asked the child lovingly how he felt then.
'What kept you back, Aditi?' asked the mother	The mother asked Aditi what kept her back.

(to keep back - ટુ કીપ બેક - રોકી રાખવું, મોડું કરાવવું)

The passenger said to the guard 'When will this train leave for Bombay?'	The passenger asked the guard when that train would leave for Bombay.

હવે સહાયકારક ક્રિયાપદથી શરૂ થતાં વાક્યો શીખીએ :

The teacher said to the pupils, 'Are you ready now?'	The teacher asked the pupils, if they were ready then.
The stranger said to the lady, 'May I know your name?'	The stranger asked the lady if he might know her name.
He said to me, 'can I help you?'	He asked me if he could help me.

આજ્ઞાર્થ વાક્યનું indirect કરવાના નિયમો : (૧) આજ્ઞા કે હુકમ, વિનંતી, શિખામણ, પ્રાર્થના કે સૂચનાના ભાવ પ્રમાણે અનુક્રમે reporting verb 'say'ને 'order', 'request', 'advise', 'beg, entreat કે pray' અને instruct વાપરવાં. સમાન વયના સગાંસંબંધી કે મિત્ર સાથેના વ્યવહારમાં 'say' ને બદલે 'tell' વાપરવું અને તેની પછી 'to' વાપરવું નહિ. (૨) સંયોજક તરીકે ક્રિયાપદની આગળ વપરાતું 'to' વાપરવું. (૩) reporting verb ગમે તે કાળમાં હોય તો પણ reported speechના ક્રિયાપદના કાળમાં કોઈ ફેરફાર કરવા નહિ. ટૂંકમાં, ક્રિયાપદનું 'to' વાળું મૂળ રૂપ જ વાપરવું. દા.ત.

Direct Speech	Indirect Speech
The master to said the servant, Bring me the ladder at once from the backyard.'	The master ordered the servant to bring him the ladder from the back-yard.
The teacher said to the girl, 'Do as I say.'	The teacher ordered the girl to do as he said.
The stranger said to the passer by, 'Please show me way to the station.'	The stranger politely requested the passer by to show him a way to the station.
Father said, 'Mina, do it now and do it well.'	Father advised Mina to do it then and to do it well.
Mr. Boss said to the mechanic, 'Handle this machine carefully.'	Mr. Boss instructed the mechanic to handle that machine carefully.
Husband said to his wife, 'Darling, have me a strong cup of coffee.'	Husband lovingly told his wife to have him a strong cup of coffee.
He siad, 'God, be merciful.'	He prayed God to be merciful.

'Let'થી શરૂ થતાં direct speechના વાક્યને indirect speechમાં મૂકવાના નિયમ (૧) reporting verb 'say'ને સ્થાને 'propose', 'urge', કે 'suggest' વાપરવું. (૨) સંયોજક તરીકે 'that' મૂકવું. (૩) મૂળ ક્રિયાપદની આગળ 'should' કે 'might' મૂકવું. ઉદાહરણ તરીકે -

Direct Speech	Indirect Speech
Rima said, 'Let me go now.'	Rima proposed that she should go then.
The principal said to the staff, 'Let us work as a team.'	The principal suggested to the the staff that they should work as a team.
He said to his mother, 'Let Mintoo drive the car herself to day.'	He urged his mother that Mintoo should drive the car herself that day.

ઉદ્ગારવાચક વાક્યનું indirect કરવાના નિયમ : (૧) reporting verb 'exclaim' કરવું (૨) 'exclaim' પછી 'to' ન વાપરવું (૩) સંયોજક તરીકે 'that' મૂકવું. (૪) 'Hurrah' કે 'Hurray' - હુરા કે હુરે, અને 'alas - અલાસ' જેવાં હર્ષનાદ, જયજયકાર, આનંદ કે વિજયના શબ્દોચ્ચાર અવતરણ ચિહ્નમાં વપરાયા હોય ત્યારે reporting verb પછી અનુક્રમે exclaimed with joy, કે exclaimed sorrofully જેવા શબ્દો દ્વારા જે તે ભાવ દર્શાવવો. (૫) ઉદ્ગાર વાક્યને વિધાનમાં ફેરવી નાખવું અને કર્તા અને ક્રિયાપદ મૂળ વાક્યમાં અધ્યાહાર હોય તો તે સ્પષ્ટ દર્શાવવાં.

Direct Speech	Indirect Speech
The boy said, 'Hurrah I win the medal.'	The boy exclained with joy that he won the medal.
She said, 'Alas! I am lost.'	She exclaimed sorrofully that she was lost.

અવતરણ ચિહ્નની વચ્ચે અભિવાદન કે શુભેચ્છાદર્શક શબ્દો વપરાયા હોય ત્યારે reporting verb 'wish' કે 'bade' વાપરવું. દા.ત.

(અનુસંધાન પૃ.૧૮૩)

દરેક વ્યક્તિને આહ્વાન

ડૉ.પ્રિયબાળા શાહ

[આ નાટકનું નામ Everyman છે. તે પરદેશમાં તા. ૨૫ ડિસેમ્બરની રાત્રે મોટાં ચર્ચના પાછળના ભાગમાં દર વર્ષે ભજવાય છે. આ નાટકનો વિષય ભારતીય ફિલસૂફીને અનુરૂપ હોઈને તેને ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. નાટકના Everymanને આપણે દરેક વ્યક્તિ અથવા વ્યક્તિના નામે ઓળખીશું.

આ નાટકમાંનો મુખ્ય ઉદ્દેશ પરમાત્મા યમરાજાને પૃથ્વી ઉપર મોકલીને જણાવે છે કે દરેક પ્રાણીઓ પોતાની પાસે આવીને આ જગતમાં તેમણે જે જીવન વીતાવ્યું તેનો હેવાલ આપવાનો છે. ટૂંકમાં આ નાટક 'સદાચાર'નું છે.]

(દૂતનો પ્રવેશ)

દૂત : હું તમને બધાને વિનંતી કરું છું કે તમે આ સંદેશો પૂરા માનથી સાંભળો. આ સમગ્ર કથાવાર્તા સદાચારની છે. આ નાટકને આપણે 'દરેક વ્યક્તિને આહ્વાન'ના શીર્ષકથી જાણીશું. આપણું જીવન અને તેનો અંત બતાવે છે કે દરેક વ્યક્તિ કેવી ક્ષણભંગુર છે તો પણ તેનો ઉદ્દેશ શુદ્ધબુદ્ધિનો છે તેથી તેના આચરણમાં પણ મીઠાશ રહી છે. કથા આ રીતે શરૂ થાય છે.

મનુષ્ય તેના જીવનની શરૂઆતમાં સારો જણાય છે. તેથી તે અંત સુધી સાવધ રહેવાને કારણે ખૂબ પ્રફુલ્લિત રહી શકતો નથી, કારણ તેણે કરેલાં પાપ પ્રારંભમાં મધુર લાગે છે, અને તે જ પાપો તેના આત્માને અંતકાળે રડવાના કારણરૂપ બને છે. આ પ્રસંગ પણ જયારે તેનો દેહ ભસ્મમાં પરિવર્તિત થાય છે ત્યારે જ તેને સમજાય છે. તે વખતે મૈત્રી અને ઉલ્લાસ, શક્તિ, આનંદ, સૌન્દર્ય વગેરે તેના દેહમાંથી ગ્રીષ્મના પુષ્પની જેમ કરમાઈ જશે. અને સ્વર્ગનો રાજા (દેવ) એક પછી એક 'દરેક વ્યક્તિ'ને પોતાની પાસે બોલાવશે અને તે તે વખતે શું કહેશે તે ધ્યાનપૂર્વક સાંભળો. (દૂત જાય છે. ચિત્રગુપ્ત પ્રવેશે છે.)

ચિત્રગુપ્ત : હું જોઉં છું અને જાણું છું કે બધાં પ્રાણીઓ કેવાં ક્રૂર છે. જગતની સમૃદ્ધિમાં આળોટવા માટે તેને કોઈ પણ જાતનો ડર જણાતો નથી. તેમાંથી સમજાય છે કે લોકો બીજા ગુણો તરફ કેવાં અંધ છે તેથી તે દશ્ય ઘણું ભયંકર લાગે છે. પાપમાં તેઓ ઘસડાઈ જાય છે. તેઓ મને ઓળખે છે - જાણે છે, પણ પોતાના ખાસ દેવ તરીકે નહીં; કારણ તેમનું સમગ્ર ચિત્ત દુન્યવી દોલતમાં રચ્યું-પચ્યું રહે છે. તેઓને મારી સરળતા - ઋજુતાનો પણ ડર નથી. પણ તેઓને મારા ધારદાર હથિયારની બીક છે. મેં તેમના ઉપર મારો પ્રેમ વરસાવ્યો, પરંતુ જેમ શરીર ઉપર પડેલો કચરો ખંખેરી નાખે તેમ તેઓએ મારા પ્રેમને પણ ખંખેરી નાખ્યો. મેં તેમનો કાંટાળો માર્ગ સાફ કરીને જીવતદાન આપવાનો પ્રયત્ન કર્યો છતાં પણ તેઓ મને સંપૂર્ણપણે ભૂલી ગયાં છે. તેઓએ ધિક્કારને પાત્ર એવાં ભયંકર પાપ આચર્યાં છે - જેવાં કે અભિમાન, લોલુપતા, ક્રોધ અને કામુકતા વગેરેને તેમણે જગતમાં પોતાની પ્રતિષ્ઠામાં ગણાવ્યા. આ બાબતોમાં તેમને યમરાજા કે કોઈ સ્વર્ગીય દૂતનો પણ ડર રહ્યો નહીં. દરેક વ્યક્તિ પોતાના આનંદમાં મસ્ત રહે છે. તે સિવાય તેમના જીવનમાં કોઈ ચોક્કસ ધ્યેય હોતો નથી. જો હું તેમને આ અવગુણો માટે ક્ષમા આપું તો તેઓ દરેક વર્ષે વધારે ને વધારે ખરાબ થતાં જાય છે. તેઓ જીવે છે છતાં મૃતપ્રાય જેવાં છે. માટે હું તેમને મારી પાસે ઉતાવળથી પ્રત્યક્ષ બોલાવું છું. તેઓ પશુઓ કરતાં પણ વધુ ખરાબ થતાં જશે અને ઈર્ષ્યાથી એકબીજાંને ખાવા ધાય છે. તેથી દાન વગેરે કરવાનું પૂર્ણ રીતે ભૂલી જાય છે. વળી, મારી યાદને માટે મંદિર જેવું કંઈક બનાવે છે. પણ તે તો મને ઠગવાને માટે. મને ઠગવા માટેનો તેમને ખેદ થતો નથી તે હું જોઈ શકું છું. તે મોજથી રહે છે. ખોટા ધનથી આનંદ-કિલ્લોલ કરે છે અને પરમેશ્વરનો તે માટે આભાર પણ માનતા નથી. મને થાય છે કે લોકોમાં દયાનો ધોધ વહે તે દયા-દાનના આનંદને વ્યક્ત કરે. દુન્યવી મોજશોખથી તે તરબોળ રહે છે. બીજાં મનુષ્યોને ભારે અન્યાય કરે છે. મારે તેઓને ન્યાય કરવો જોઈએ. મારે ગભરાયા વગર 'મૃત્યુ'ને મોકલવો જોઈએ. મૃત્યુ જ મારો શક્તિશાળી દૂત છે. મૃત્યુ તું ક્યાં છે?

(સ્મશાન પાસેથી મૃત્યુ દાખલ થાય છે.)

મૃત્યુ : હે સર્વશક્તિશાળી પ્રભુ, આપની ઇચ્છા પ્રમાણે હું અહીં હાજર છું. તમારા હુકમના પરિપાલન માટે આતુર છું.

ઈશ્વર : હે મૃત્યુ, તું 'દરેક વ્યક્તિ' પાસે જા અને મારા નામે તેમને કહેજે કે દરેકે મારી પાસે આવવાનું છે. તેમાંથી તેમણે છટકવાનું નથી, તેમજ પોતાની સાથે જે કાંઈ ગણનાપાત્ર હોય તેને પણ સાથે લેતા આવે.

મૃત્યુ (યમદૂત) : હે પરમાત્મા, આપના આદેશ પ્રમાણે પૃથ્વી ઉપર હું બધે ફરી વળીશ અને મોટાં કે નાનાં જે પશુની જેમ રહેતાં હશે, અને પ્રભુના કાયદાને માન નહીં અપતાં હોય, ભયંકર ગુનાઓ આચરતાં હશે તેમને શોધીને આપની પાસે સત્વરે લઈ આવીશ. જેઓ ધનલોલુપ હશે તેઓને મારું બાણ મારીને અંધ બનાવી દઈશ. પરંતુ ભિક્ષાદાનને જે મહત્ત્વ આપતાં હશે તેમને સ્પર્શ નહીં કરું.

(ઈશ્વર જાય છે. યમદૂત પૃથ્વી ઉપર જવા નીકળે છે.)

યમદૂત : હું દરેક વ્યક્તિને દૂર દૂર જોઉં છું. તેઓને મારા આગમન વિશે વિચારવાની પણ ફુરસદ નથી. તેમનું મન માત્ર સંપત્તિ એકત્ર કરવામાં અને તેના ભપકાથી બીજાને આંજી નાખવામાં સ્થિર થયેલું છે. આવાં લોકોને મૃત્યુની પેલે પાર જતાં ઘણું દુઃખ સહન કરવું પડશે.

(સ્ત્રીઓ અને પુરુષો આનંદમાં મસ્ત હોય છે. તેઓ નૃત્ય કરે છે. મોજમજા અને મસ્તી સિવાય તેમને કાંઈ સૂઝતું નથી. તેઓ યમદૂતને જોઈ રહે છે.)

દરેક જણ સ્થિર ઊભાં રહો. તમે આમ જ આનંદમાં રહેશો? તમને પૃથ્વી ઉપર મોકલનારને પણ તમે ભૂલી ગયાં છો?

દરેક વ્યક્તિ (નૃત્ય કરતાં) : તું અમને શા માટે પૂછે છે? તારે

અમારી પાસેથી શું જોઈએ છે? અને તારે શું જાણવું છે?

યમદૂત : હું ઈશ્વરના દરબારમાંથી તમારી પાસે આવ્યો છું. પ્રભુએ મને ઝડપથી તમારી પાસે મોકલ્યો છે તેનું કારણ પણ હું તમને બતાવીશ.

દરેક વ્યક્તિ (અચકાતાં) : પ્રભુએ શું તને અમારી પાસે મોકલ્યો છે?

યમદૂત : તને પ્રભુએ પૃથ્વી ઉપર મોકલ્યો અને તું તેમને ભૂલી ગયો છે. તે પોતાના સ્વર્ગીય વાતાવરણમાં પણ તને યાદ કરે છે. આપણે અહીંથી તેની પાસે જઈશું ત્યારે તને તેનો ખ્યાલ આવશે.

માનવ : પણ એ તો મને કહે કે પ્રભુ મારી પાસેથી શું ઇચ્છે છે?

યમદૂત : તે તને જણાવવામાં આવશે, પરંતુ તારી પાસે ગણનાપાત્ર જે કાંઈ હોય તે વિનાવિલંબે તારે સાથે લઈને આવવાનું છે.

માનવ : ગણનાપાત્ર આપવા માટે મારે સમય જોઈએ અને તે સમય માટે હું ઝંખું છું. તારી આવી અધ્ધર વાત મારી સમજશક્તિને પીડા કરનારી છે.

મૃત્યુ : તારે લાંબી મુસાફરી કરવી પડશે. ચિત્રગુપ્તના ચોપડા જેવી કિતાબ તારા માટે તૈયાર હશે. તેમાં જે કાંઈ ગણનાપાત્ર હશે તેની નોંધ હશે. તારો સમય થશે ત્યારે તારે ત્યાં આવ્યા વગર છૂટકો નથી. ઈશ્વરની પાસે આવીને તારી પાસે જે કાંઈ હશે તે બતાવવું પડશે. તેના જવાબ પણ આપવા પડશે. તારાં ખરાબ કાર્યો સાથે થોડાંક સારાં કર્મો પણ હશે. તેં કેવી રીતે જિંદગી પસાર કરી, એ કેવા ડહાપણપૂર્વક સ્વર્ગના મુખ્ય નિયંતા પાસે ઊભો રહીશ તે પણ જરૂરી છે. તું કોઈને પણ તારો પ્રતિનિધિ બનાવી શકીશ નહીં.

માનવ : મારું ગણનાપાત્ર મારી પાસે આપવા માટે કાંઈ જ નથી. તેથી હું જરા પણ તૈયાર નથી. હું તને ઓળખતો નથી. તું કોનો દૂત છે?

મૃત્યુ : હું યમદૂત છું. દરેક વ્યક્તિનું ભયસ્થાન છું. હું દરેકને પકડું છું. કોઈને બાકી રાખતો નથી. મને ઈશ્વરનો હુકમ છે અને મારે તેને માન આપવું જોઈએ.

(નૃત્ય અને મનોરંજન અટકે છે. સૌ પોતપોતાને સ્થાનકે જાય છે.)

માનવ : ઓ યમદૂત, જ્યારે મારા મગજમાં તારો જરા પણ ખ્યાલ નથી તેવા સમયે તું આવે છે. તું મારા ઉપર દયા રાખીશ તો હું તને ખૂબ ધન આપીશ. તું બીજા દિવસે આવજે. હું પણ તારી શક્તિનું પારખું કરી લઉં.

યમદૂત : હે માનવ, આ શક્ય જ નથી. કોઈ પણ સંજોગમાં તું અસંભવિત ને સંભવિત કરવા માગે છે. મારે સોનું, રૂપું, સમૃદ્ધિ કાંઈ જ જોઈતું નથી. પંડિત કે પાદશાહ, રાજા, અમીર, ઉમરાવ કે રાજકુમારો હોય એ સૌ પાસેથી હું ધારું તો ઘણી મહાન ભેટ-સોગાદો એકત્ર કરી શકું એમ છું. કદાચ સમગ્ર દુનિયાનો માલિક બની શકું. પરંતુ મારો વ્યવહાર સ્પષ્ટ છે તે તને સમય આવ્યે સમજાશે. તને સમય આપવામાં આવશે નહીં અને તારો વિલંબ પણ ચલાવી લેવામાં આવશે નહીં. સમય થયે તારે ચાલી નીકળવાનું છે તેટલું જ યાદ રાખજે.

માનવ : શું મને સમય નહીં મળે? તારો વિચાર કરતાં મારું હૃદય નિર્બળ થઈ જાય છે. મારે સાથે લાવવાની ગણનાપાત્રની નોંધનો ચોપડો પણ હજુ તૈયાર નથી રાખ્યો. થોડાંક વર્ષો મને વધુ મળી જાય તો મારી નોંધપોથી તૈયાર થઈ જાય માટે, હે યમદૂત, હું તને પ્રાર્થના કરું છું કે ભગવાનને ખાતર મને અહીં લાંબો વખત રહેવા દે અને કાંઈક ઉપાયો વિચારવા દે.

યમદૂત : હવે તું બૂમો મારવાનું અને રોવાનું છોડી દે. અન્ય પ્રાર્થના પણ મને કરવાની મૂકી દે. અને તારે જે મુસાફરી કરવાની છે તેને માટે ઉતાવળ કર. તારા મિત્રોને પણ બતાવ કે ભરતી આવે છે ત્યારે કોઈ પણ બચી શકતું નથી. અને આ જગતમાં દરેક જીવ તેના પાપને કારણે જુદા જુદા મોતને ભેટે છે.

માનવ : હે યમદૂત, મને બતાવ કે જો હું કાંઈક ગણનાપાત્ર મારી સાથે મુસાફરીમાં લઉં તો થોડાક સમય બાદ આ દુનિયામાં પાછો આવી શકીશ કે કેમ?

યમદૂત : ના, પરત નહીં અવાય. એક વખત માનવ ત્યાં આવે છે પછી તે ફરીથી પાછો આવી શકતો નથી. મારામાં વિશ્વાસ રાખ.

માનવ : ઓ સ્વર્ગમાં વિરાજનાર ભગવાન, મારા ઉપર દયા કર, મને તું મદદ કર. આ પાર્થિવ ભૂમિ ઉપરથી મને તારી પાસે લઈ આવે તેવો કોઈ સંગાથ મારે નથી. ઓળખાણ પણ નથી.

યમદૂત : તું એમ માને છે કે તને કોઈ સંગાથ આપશે. ઈશ્વરના ભવ્ય દરબારમાં જઈને તારી જિંદગીનું ગણનાપાત્ર જે કાંઈ હોય તે હાજર કરજે. તું તારી જિંદગી ઈશ્વરને સોંપીશ પછી તારે દુન્યવી સમૃદ્ધિને શું કરવી છે?

માનવ : તારી વાત સાચી છે. હું અત્યંત અભિમાની થયો છું.

યમદૂત : તું જે ભોગવે છે - જીવન અને સમૃદ્ધિ - તે તો તને ઉછીની આપવામાં આવી છે. તું જેવો ઉપર જઈશ કે તરત જ તારું બધું ચાલ્યું જશે. હે માનવી, તું ગાંડો થયો છે. તારી પાસે સમજશક્તિ છે, બુદ્ધિચાતુર્ય છે. આ બુદ્ધિચાતુર્યથી તેં પૃથ્વી ઉપરનું જીવન સુધાર્યું નથી અને હવે સુધારી શકે તેમ નથી. માટે હું આવું કે તરત જ તારે આવવું પડશે. તને સમય આપવામાં આવશે નહીં.

માનવ : હું કેવી રીતે આવાં અસીમ દુઃખોમાંથી નાસી છૂટીશ. તેમાંથી બચવા માટે, હે ભલા યમદૂત, મને થોડો સમય અહીં રહેવા દેજે. જેથી મને હું સુધારી શકું અને સારી શિખામણ પ્રાપ્ત કરી શકું.

યમદૂત : ના, સમય વધારે આપવાની તો તને હું સંમતિ નહીં જ આપું. લખ્યા લેખ પ્રમાણે હું કોઈને વિરામ આપતો નથી. હું તો હૃદય ઉપર જ ઘા કરું છું. પછી દૃષ્ટિ બહાર તરત જ ચાલ્યો જઈશ. કોઈ પણ જાતની સલાહની રાહ જોવાની નથી.

તારે થોડાક સમયમાં તૈયાર થઈ રહેવાનું છે. તને કોઈ ચોક્કસ દિવસ પણ નહીં કહેવામાં આવે. તેમાંથી કોઈ પણ વ્યક્તિ છટકી શકતી નથી. (યમદૂત જાય છે.)

માનવ : મારે હવે નિઃસાસા જ નાખવાના રહ્યા! મને કોઈનો પણ હવે સંગાથ નહીં મળે. મને સાચવવા માટે માર્ગમાં કોઈ સોબતી પણ નહીં મળે. મારું લખાણ (ચોપડો) પણ અધુરું છે. હવે મારી જાતને હું કેવી રીતે માફ કરી શકીશ? મારે પ્રભુધ્યાન કરવું જોઈતું હતું તે મેં કર્યું નહીં. જો ઈશ્વરધ્યાન કર્યું હોત તો મને - મારા આત્માને - ઘણો લાભ થાત. પણ હવે હું ખૂબ દુઃખ અને પીડા અનુભવું છું.

(દૂર દૂર ઘડિયાળના ટકોરા સંભળાય છે.)

સમય પસાર થાય છે. ઓ ભગવાન, મને મદદ કર. હવે હું અફસોસ કરું છું. દિવસ લગભગ પસાર થઈ ગયો છે. હવે હું મારી ફરિયાદ ક્યાં જઈને કરું? હું આ વાત મિત્રને કહું? તેને આપેલી તક બતાવું? તેનામાં મને ઘણો વિશ્વાસ છે. રમતગમતમાં અમે ઘણું સાથે રમ્યા છીએ. મને વિશ્વાસ છે કે તે મને જરૂર સોબત આપશે. મારું દુઃખ હળવું કરવા હું તેને મારી વાત કહીશ. હે મિત્ર, આપણે ઘણા વખતે મળ્યા આપણી મૈત્રી ચાલુ રહેશે. કાલે તું મને મળીશ?

મિત્ર : હે માનવ, દોસ્ત. કાલે શા માટે? આજે નહીં? તું દયા લાવવા જેવો ગરીબડો કેમ દેખાય છે? તને કોઈ પણ જાતનું દુઃખ હોય તો મને કહે. તેનો ઉપાય બતાવવા હું મદદ કરું.

માનવ : સરસ, મિત્ર, સરસ. પણ મને તેમાં સંશય છે.

મિત્ર : હે મારા સાચા મિત્ર, તારા મનની વાત મને નિઃસંકોચ કહે. મારી જિંદગીના જોખમે તારી મૈત્રી હું જતી નહીં કરું.

માનવ : મારા પ્રત્યેના અનુરાગથી તેં મને સારા શબ્દો કહ્યા.

મિત્ર : તારા મનનું દુઃખ હળવું કરવાની હું મારી ફરજ સમજું છું. તને દુઃખી જોઈને મને તારી દયા આવે છે. કોઈએ તારું ખરાબ કર્યું હશે તો તેનો બદલો લઈ શકાશે, તારે ખાતર હું મરવાનું પસંદ કરીશ, પરંતુ તે પહેલાં મારે તારા દુઃખનું કારણ જાણવું જોઈએ.

માનવ : તે સાચું છે. મૈત્રી પણ ઈંદ્રજાળ જેવી છે.

મિત્ર : મહેરબાની કરીને તું કંઈ પણ બોલે તે પહેલાં મને તારા દુઃખનું કારણ કહે.

માનવ : જો હું મારી વેદના તારી પાસે વ્યક્ત કરું અને તે સાંભળીને તને મારા તરફ દિલસોજી ન થાય તો મારું દુઃખ દસગણું વધી જશે.

મિત્ર : હું તને કહું છું કે જે કરવાનું હશે તે હું અવશ્ય કરીશ.

માનવ : જરૂર વખતે તું મારે પડખે રહે તેવો તું સાચો-સારો મિત્ર છે. આ પહેલાં પણ મેં તને સારો માન્યો હતો.

મિત્ર : તું મારા પર વિશ્વાસ મૂક. તું ગમે ત્યાં (નરકમાં) જઈશ તો પણ હું તને ત્યજીશ નહીં.

માનવ : તું સાચા મિત્રની જેમ બોલે છે. હું તારામાં વિશ્વાસ રાખું છું. હું પણ તારી મૈત્રીને લાયક છું.

મિત્ર : આજે હું લાયકાત વિશે કાંઈ બોલતો નથી. કેટલાંક બોલે અને કાંઈ ન કરે. તેઓ સાચા મિત્ર નથી. માટે તું ખુલ્લા મનથી મને તારું દુઃખ કહે. સાચા મિત્ર તરીકે મને તારા માટે ઘણી લાગણી, પ્રેમ અને દયા છે.

માનવ : હવે હું તને મારું દુઃખ સ્પષ્ટપણે જણાવું છું. મને લાંબી યાત્રાએ જવાનો હુકમ થયો છે. આ રસ્તો વિકટ અને ભયંકર છે. મારે જરા પણ વિલંબ કર્યા વગર તરત જ જવાનું છે, ત્યાંના ન્યાયાલયમાં હાજર થવાનું છે. માટે હું તને આજીજી કરું છું કે તેં મને વચન આપ્યું છે તે પ્રમાણે તું મારી આ મુસાફરીમાં સંગાથી થા.

મિત્ર : આ જ વાત છે ને? તને વચન આપવાની મારી ફરજ છે. આ મુસાફરી માટે હું તૈયાર થાઉં પણ મને તેની ઘણી બીક છે, તેનું મને દુઃખ થાય છે. આપણે કોઈકની સલાહ લઈએ પણ મને લાગે છે કે મજબૂત મનના માનવીને પણ તારા શબ્દો ગભરાવી મૂકશે.

માનવ : તો પછી તેં શા માટે કહ્યું કે જરૂર પડશે તો હું તારી સોબત નહીં છોડું? તું મારી સોબત છોડે તે જ હવે નરક બને છે.

મિત્ર : હા, મેં તને તે પ્રમાણે કહ્યું. આપણે આનંદને બાજુ પર મૂકીએ અને તું મને સ્પષ્ટપણે જણાવ કે આપણે મુસાફરી સાથે કરીએ તો પાછા ક્યારે આવીશું?

માનવ : ક્યારેય નહીં.

મિત્ર : તો તો હું તારી સાથે ન આવું. આવી ખબર તને ક્યાંથી મળી?

માનવ : યમદૂતે આપી. તે હમણાં જ તૈયાર થવાનું કહી ગયો. તે આટલામાં જ ક્યાંક હશે.

મિત્ર : (ગભરાટથી પાછળ જોતાં) ઈશ્વરની સાક્ષીએ તને કહું છું કે જો યમદૂતે જ તને આ પ્રમાણે કહ્યું હોય તો કોઈ પણ માણસ તારી સાથે આવશે જ નહીં. તારી સાથે રહી શકશે નહીં. હું પણ તારી સાથે મુસાફરીમાં આવીશ નહીં. હે મારા પ્રિય મિત્ર, મને માફ કર.

માનવ : પણ તેં તો મને વચન આપ્યું હતું ને!

મિત્ર : મેં તો કહ્યું હતું કે તું ખા, પી અને મોજ કર. સ્ત્રીઓના સંગમાં પણ લહેર કર. તારા આનંદપ્રમોદમાં હું તારી સાથે રહીશ. મારામાં શ્રદ્ધા રાખ.

માનવ : તું આનંદ, મોજ, નાચગાન, સાંત્વનમાં હંમેશાં મારી સાથે રહેવા તત્પર રહીશ છતાં પણ મારી આ મુસાફરીમાં સંગાથે રહેવાની તું ના કહે છે.

મિત્ર : લાંબી મુસાફરીમાં તારી સાથે નહીં આવું એ જેટલું સ્પષ્ટ છે તેટલું જ સ્પષ્ટ છે કે તું કોઈનું ખૂન કરીને ભાગી જાય, ચોરી કરીને નાસી જાય, તને કોઈ હેરાન કરે ત્યારે હું

તને પ્રેમથી મદદ કરીશ.

માનવ : પ્રિય મિત્ર, આપણે લાંબા વખતથી એકબીજાની મૈત્રી નિભાવી છે.મારી જરૂરિયાત વખતે તું મને મદદ કર એટલી જ તને વિનંતી કરું છું.

મિત્ર : તેં મને સુખદુઃખમાં ચાહ્યો છે તે વાત ખરી, પણ હું તને સોગંદપૂર્વક કહું છું કે તારી મુસાફરીમાં સાથે નહીં આવું.

માનવ : હજી હું તને પ્રાર્થના કરું છું કે તું પ્રયત્ન કર અને શહેરની બહાર હું નીકળું ત્યાં સુધી તું મારી સાથે ચાલ.

મિત્ર : તું સારાં કપડાં તથા બીજાં કોઈ પણ જાતનાં પ્રલોભનો આપે તો પણ હું તારી સાથે મુસાફરીમાં નહીં રહું. તેવે વખતે હું તારી પાસેથી જલદી ચાલ્યો જઈશ.

માનવ : પ્રિય મિત્ર, આવજે. તારા માટે મારું મન દુઃખી થાય છે. કાયમને માટે આવજે. હવે આપણે ક્યારેય મળીશું નહીં.

મિત્ર : હે માનવ, આવજે ત્યારે. હું તને યાદ કરીને વિચારીશ કે છૂટાં પડવું બહુ દુઃખદાયક છે. (મિત્ર ઉતાવળે ચાલ્યો જાય છે.)

માનવ : આખરે આપણે શું છૂટા પડીશું? મારી જરૂરિયાત સમયે દુનિયામાં હું ક્યાં આશરો લઉં? મને વધારે સગવડની જરૂર નથી. જગતમાં મૈત્રી આનંદદાયક હતી તે પણ હવે દિલગીરી ઉત્પન્ન કરાવે છે. કહ્યું છે કે 'સમૃદ્ધિના સમયયમાં સૌ મિત્રો થાય છે પણ આપત્તિકાળમાં તેઓ સાથે રહી શકતા જ નથી.' હવે હું મદદ માટે ક્યાં જાઉં? મિત્રએ મને છોડી દીધો. હવે હું મારાં સગાંસંબંધીઓ પાસે જાઉં અને તેમને મારી જરૂરિયાત વખતે મદદ કરવા વિનંતી કરું. મને આશા છે કે તેઓ મને ચોક્કસ મદદ કરશે, કારણ કે મેં પણ તેઓને ઘણી વખત સહાય કરી છે.

(જ્ઞાતિબંધુઓ, પિતરાઈઓ, દાસ-દાસીઓ વગેરે જણાય છે.)

જ્ઞાતિજન : અમે તને મદદ કરવા આવ્યા છીએ. તારો જે કોઈ હેતુ હોય તે છુપાવ્યા વગર નિઃસંકોચ કહે.

પિતરાઈ : હા, માનવ, તું અમને જણાવ. તું કોઈ પણ ઠેકાણ જવા માટે અશક્તિમાન હોઈશ તો આપણે સાથે જઈશું અને સાથે મરીશું.

જ્ઞાતિજન : સંપત્તિ અને આપત્તિમાં આપણે સાથે છીએ. આવા જ્ઞાતિજન સાથે હોય ત્યારે 'દરેક વ્યક્તિ' હિંમતવાન થાય છે.

માનવ : આભાર. મારાં જ્ઞાતિબંધુઓ દયાળુ છે. હવે હું તમોને મારા મનનું દુઃખ જણાવું. મને યમદૂતનો આદેશ આવ્યો છે કે મોટામાં મોટા અમલદાર કે મોટા રાજાથી પણ મહાન એવા ઈશ્વરના કહેવાથી મારે લાંબી મુસાફરીએ ચાલી નીકળવાનું છે. મને દુઃખ એટલું જ છે કે ત્યાંથી હું કદી પાછો આવીશ નહીં. મારી પાસે મારું કહેવાય એવું જે કાંઈ ગણનાપાત્ર હોય તે સીધેસીધું આપી દેવાનું છે. મને તો એમ લાગે છે કે ત્યાં કોઈ મારો દુશ્મન છે અને તે મારી પ્રતીક્ષા કરે છે.

જ્ઞાતિજન : (આશ્ચર્ય સહિત) તારી પાસે એવું શું ગણનાપાત્ર છે કે જે તારે સોંપી દેવાનું છે તે તું મને જણાવ.

માનવ : મારે મારાં તમામ કાર્યો બતાવવાં જોઈએ. હું કેવી રીતે જીવ્યો, મેં મારા દિવસો કેવી રીતે પસાર કર્યા, વળી મારે સારાંખોટાં કામો, કેટલાંકને મેં તરછોડી પણ કાઢ્યાં છે. માટે હું તને વિનંતી કરું છું કે તું મારી સાથે ચાલ. ઈશ્વરને મારું ગણનાપાત્ર બતાવવામાં મદદ કર.

પિતરાઈ : ત્યાં જવાની જ મતલબ છે ને? ના, માનવ, મને હજુ પણ આટલાં વર્ષો સુધી સારી રીતે ખાવાપીવાની, મોજમજાની તૃષ્ણા છે.

માનવ : હવે હું કોઈ દિવસ ઉલ્લાસમાં આવીશ નહીં. માટે તું મને હવે છોડીશ નહીં. મારી સાથે રહેજે.

જ્ઞાતિજન : તું આનંદ કર. તારા મનની ઉદારતા યાદ કર. હવે ગ્લાનિ અનુભવીશ નહીં. છતાં મારે તને ચેતવવો જોઈએ કે તારે એકલાએ જ જવું પડશે.

માનવ : હે મારા પિતરાઈ, તું મારી સાથે નહીં આવે?

પિતરાઈ : ના, મને પગમાં દુઃખાવો છે. પ્રભુ તને એટલી ઝડપથી બોલાવશે કે જેથી તારી જરૂરિયાત વખતે હું તારી સાથે આવી શકીશ નહીં. હું તને છેતરતો નથી.

જ્ઞાતિજન : મારે પણ તારી સાથે સોદો કરવો નથી. પરંતુ તું મારી દાસીને લઈ જઈ શકે છે. તેને સારી સારી જગાઓમાં ફરવું, ઉજાણીમાં જવું, નૃત્ય કરવું, ગમે છે. તારી મુસાફરી વખતે હું તેને રજા આપીને તને મદદ કરીશ. પણ તે માટે તારે અને દાસીએ સંમત થવું જોઈએ.

માનવ : તારા મનમાં મારે માટે શું લાગણી થઈ તે મને બતાવ કે તું મારી સાથે આવીશ કે પાછળ રહીશ?

જ્ઞાતિજન : પાછળ રહીશ. જરૂર હું પાછળ રહીશ. હવે તને બીજા દિવસ સુધીના નમસ્કાર. (જ્ઞાતિજન જાય છે.)

માનવ : હું કેવી રીતે આનંદ પામું? બધાં મને સ્પષ્ટ વચનો આપે છે, પણ જ્યારે મારે જરૂર છે ત્યારે તેઓ મારાથી દૂર ભાગે છે અને મને છેતરીને દિલગીર કરી દે છે.

પિતરાઈ : હે પિતરાઈ, આવજે ત્યારે. હું તારી સાથે આવી શકીશ નહીં, એ વાત સ્પષ્ટ છે. મારી પાસે મારી પોતાની જિંદગી માટે કશું ગણનાપાત્ર તૈયાર જ નથી. મારે પણ તેની નોંધ તૈયાર કરવાની છે. ઈશ્વર તને સાચવે. હું જાઉં છું.

(પિતરાઈ તેની કામ કરનારી સાથે જાય છે.) (આવતા અંકે પૂરું)

અનુ.] **આવો, શીખીએ અંગ્રેજી** [પૃ.૧૭૯થી

Direct Speech	Indirect Speech
He said to me, 'Good morning.'	He wished me good morning.
He said, 'Good-bye my friends.'	He bade his friends good-bye
Mala said to shila, 'May you be happy.'	Mala wished shila that she might be happy.

અંગ્રેજી પ્રત્યક્ષ રચનાનાં વાક્યને પરોક્ષ રચનામાં ફેરવવા માટેના સદૃષ્ટાંત નિયમો શીખ્યા તેનો બરાબર અભ્યાસ, પાઠ અને મહાવરો કરશો તો તમને તે બરાબર આવડી જશે ને યાદ રહેશે, કારણ કે, 'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે.' (ક્રમશઃ)

અડકો દડકો

તનીભાઈના ભાઈબંધો

શ્રદ્ધા ત્રિવેદી

એક દિવસની વાત છે. દાદા નીચે દવાખાનામાં હતા. તની પણ ત્યાં હતો. લગભગ રાતના નવ વાગ્યા હતા. છેલ્લા પેશન્ટ ગયા એટલે દાદાએ નયનભાઈને કહ્યું : 'નયનભાઈ! હવે બંધ કરો ને થાવ ઘરભેગા.' ને જ્યાં દાદા ઊભા થઈ બે ડગલાં માંડ ચાલ્યા હશે કે એમની નજર સામેની ખુરશીની નીચે પડી. એક પાકીટ ત્યાં પડ્યું હતું. ધીમે રહી દાદાએ તે લીધું ને ખોલ્યું. અંદર પૈસા તો હતા જ. સાથે થોડા મહત્ત્વના કાગળો હતા. ઓળખપત્ર પણ હતું. તેના આધારે તે બોલ્યા : 'નયનભાઈ! આ પાકીટ તો ચંપકકાકાનું છે. એમાં એમના પેન્શનનો કાગળ છે.' પછી તનીને કહે, 'તની, જા, બાને કહે કે દાદા બહાર જાય છે. અડધા કલાકમાં આવી જશે.' નયનભાઈએ કહ્યું ય ખરું : 'સાહેબ, એ કાલે દવા લેવા આવવાના છે. ત્યારે આપી દેજો. અત્યારે ધક્કો ના ખાશો.' પણ દાદા તો માન્યા જ નહિ. 'ના ભાઈ! ખિસ્સામાં પાકીટ ના જુએ તો એ ઘરડા માણસની આખી રાત બગડે. એમનું ઘર ક્યાં દૂર છે? એક ધક્કો ખાવામાં મારું કશું બગડવાનું નથી. નહીં ખાઉં તો એમની રાત બગડશે.' ને એમણે તો ચાલવા માંડ્યું. તનીએ ઉપર જઈને બાને કહ્યું. બા કહે : 'બહુ સારું. કોઈની વસ્તુ આપણી પાસે રાખવાની શી જરૂર? બિચારા એમને કેટલો ઉચાટ રહે? ઠીક. તું તારે હવે ખાઈ લે.'

'ના બા, હું દાદા સાથે ખાઈશ.' કહી તે વાંચવા બેઠો. પણ તેનો જીવ વાંચવામાં ચોંટે જ નહીં. તેને થાય : પોતે એક વાર કેવું કરેલું? તે વખતે નિશાળમાં શનાભાઈ નામે એક પટાવાળા હતા. એક વાર શનાભાઈ રૂમાલ કાઢવા ગયા ત્યારે સાથે પાકીટ નીકળ્યું ને રસ્તે પડી ગયું. શનાભાઈને આની ખબર નહીં. પોતે આસપાસ જોયું. 'કોઈ જોતું નથી'ની ખાતરી કરી પાકીટ લઈ લીધેલું. એમાં ખાસ્સા ૭૦-૮૦ રૂપિયા હતા. એ પૈસાથી એ આખું અઠવાડિયું પોતે બહાર નાસ્તોય કરેલો. ને ભાઈબંધ સાથે સિનેમા પણ જોઈ નાખેલી. વાંચતાં વાંચતાં આ બધું તેને યાદ આવ્યું. ત્યાં તો દાદા આવી પહોંચ્યા. તનીએ દાદાને જોયા. દાદા કેટલા ખુશખુશાલ હતા! કહે : "તની! તને ખબર છે, ચંપકભાઈને તો ખબર જ નહોતી તેમનું પાકીટ પડી ગયું છે. મને જોઈને તે અને તેમના ઘર- વાળાઓ ખૂબ ખુશ થયા. મને કહે : 'અરે! ડૉક્ટર સાહેબ તમે! અમારે ઘેર!' મેં કહ્યું : 'વિઝિટે નથી આવ્યો. ગભરાશો નહીં. ફી લેવા નહીં, કંઈક આપવા આવ્યો છું.' ને જ્યાં મેં એમનું પાકીટ એમના હાથમાં મૂક્યું કે તેમના આશ્ચર્ય અને આનંદનો પાર ના રહ્યો. કશું બોલી જ ના શક્યા. ને ખબર છે તની! હજી હું કંઈ કહું તે પહેલાં તો તેમણે તેમના દીકરાને મોકલીને



દાદાને મળેલું પાકીટ, સાથે નયનભાઈ

આઇસક્રીમ મંગાવ્યો. બોલ! તું આવ્યો હોત તો તનેય આઇસક્રીમ મળત.'

'હા, દાદા. મને આઇસક્રીમ ખૂબ ભાવે છે.'

'મને ખબર છે. એટલે જ સ્તો આઇસ-ક્રીમ લઈને આવ્યો છું. તારા- બહેન, લો, ત્રણ વાટકીમાં કાઢો.' દાદાએ કહ્યું.


'ત્રણ કેમ? તમે નહીં ખાઓ? આઇસક્રીમ તો તમનેય બહુ ભાવે છે. તારાબહેન, ચાર વાટકી લાવજો.' બા બોલ્યાં. તારાબહેને ચાર વાટકીમાં આઇસક્રીમ કાઢ્યો. સૌએ આનંદથી ખાધો. તનીને થયું : 'મેં જો શનાભાઈનું પાકીટ પાછું આપી દીધું હોત તો તે કેટલાં બધા રાજી રાજી થાત?' પોતે પારકા પૈસા કેવા વાપરી નાખેલા! તેને આઇસક્રીમ ખાતાં ખાતાં જ ડૂમો ભરાયો. ઝટપટ ગળે ઉતારી, તે બાથરૂમમાં જતો રહ્યો. તેનાથી રડી પડાયું. પણ તરત જ બહાર આવી ગયો. થોડી વારે બધાંએ ખાધું.

તારાબહેન મોટે ભાગે અહીં જ રહે. કોઈક જ વાર દીકરાને ઘેર જાય. તારાબહેન ને બા સંપીને કામ કરે. તનીએ જોયું કે આડોશ-પાડોશ બધાં માટે બાનું ઘર ખુલ્લું. કોઈને કંઈક જોઈતું હોય તો તરત દોડતું આવે ને કહે : 'બા, દહીં આપો' તો કોઈ કહે : 'બા, લોટ આપો.' અરે! એક વાર તો બાજુવાળાં રમાબહેનને ત્યાં કસમયે કોઈ મહેમાન આવ્યું. ને તે તરત જ પાછું જવાનું હતું. તે તૈયાર શાક જ લઈ ગયેલાં. પણ તારાબહેન કે બા - સદાય હસતાં જ હોય. ક્યારેય કંટાળે જ નહીં ને! આવા વિચારોમાં ને વિચારોમાં તે ઊંઘી ગયો.

બીજે દિવસે તે થોડો મોડો ઊઠ્યો. ઊઠીને જોયું તો એના ઓરડામાં બારી પાસેની ખુરશી પર એક છોકરો બેઠો હતો. તેના જેટલો જ. તે વાંચતાં

હતો. તની સીધો બા પાસે ગયો. ને પૂછવા લાગ્યો. બા કહે : 'તે સમીર છે. આપણા નયનભાઈનો દીકરો. તારા જેટલો જ છે. બે દિવસ પછી તેની પરીક્ષા છે. તેને ઘેર આજે બે-ત્રણ મહેમાન આવ્યા છે. તેમનું ઘર તો બહુ નાનું છે. એટલે તે અહીં વાંચવા આવ્યો છે. તું કાલે રાતે ઊંઘી ગયો ને થોડી જ વારમાં તે આવ્યો.' ખાસ્સી વાર પછી તે પોતાના ઓરડામાં ગયો. સમીર હજી વાંચતો હતો. તનીને જોઈ સમીર હસ્યો. કહે : 'તનીભાઈ, કેમ છો?' તનીએ કહ્યું, 'મઝામાં છું.' નિશાળનો સમય થયો એટલે બાએ એને બોલાવ્યો. જમીને તે શાળાએ ગયો. જતાં જતાં કહે : 'તનીભાઈ, આજે સાંજે અમારી શાળામાં ક્રિકેટ છે. તમે આવજો. બહુ મઝા આવશે. હું કેપ્ટન છું.'

સાંજ પડી. બાએ તનીને યાદ કરાવ્યું. તેને નયનભાઈ નિશાળે મૂકી આવ્યા. તેને ખૂબ મઝા પડી. એમ કરતાં કરતાં સમીરની પરીક્ષાય પૂરી થઈ. ને પરિણામ પણ આવી ગયું. તે પહેલે નંબરે પાસ થયો હતો. દાદાએ તેને સરસ પેન ભેટ આપી. તનીને થયું, 'મારેય સારું પરિણામ લાવવું જોઈએ. સમીર બીજાને ઘેર રહી વાંચે છે ને મારે તો મારો પોતાનો ઓરડો છે. મારાં મમ્મી-પપ્પા મારું કેટલું બધું ધ્યાન રાખે છે? હું જો સરસ રીતે પાસ થઉં તો દાદા મને ચોક્કસ મોટું ઇનામ આપે. દાદા કેટલા બધા પ્રેમાળ છે?' ધીમે ધીમે તેને સમીર સાથે ગમવા માંડ્યું.



સમીર સાથે તની

હવે તો તેને બહુ જ મઝા પડતી. તે દાદા-બા સાથે આનંદ-



કબાટ ખોલીને પગે લાગતા દાદા

થી રહેવા લાગ્યો. તે જોતો કે રોજ સવારે દાદા એક કબાટ ઉઘાડે છે. તેની સામે ઊભા રહે છે. અંદરની મૂર્તિઓને પગે લાગે છે. પછી કબાટ વાસી દે છે. તેની ચાવી પોતાની પાસે જ રાખે છે. તનીને થયું, 'આ કબાટમાં કંઈક હોવું જોઈએ. તો જ દાદા આટલું બધું કામ કરી શકે છે. આનંદથી રહે છે. બધાં જ તેમને માન આપે છે. એમાં શું છે તે જાણવું પડશે.' તેને કબાટમાં શું છે તે જાણવાની ચટપટી થવા લાગી.

એક રાત્રે દાદા જ્યારે બધું પરવારીને તેની સાથે કેરમ રમવા બેઠા ત્યારે તે પૂછ્યા વગર ના રહી શક્યો : 'દાદા, પેલા કબાટમાં તમે રોજ કોનાં દર્શન કરો છો?'

દાદા : 'લે, તું જાણી ગયો કે રોજ હું કબાટમાં દર્શન કરું છું? મને તો એમ કે તું ઊંઘે જ છે. તને કશી ખબર નહીં પડતી હોય. પણ તું તો ભાઈ ભારે ચાલાક! તો સાંભળ. એ કબાટમાં મારા જાદુગર ભાઈબંધો છે. એ ભાઈબંધોને લીધે જ હું બધું કરી શકું છું. મારા ભાઈબંધોની તો વાત જ ન્યારી છે. એ જેની જોડે દોસ્તી બાંધે તેનો બેડો પાર જ થાય. જો તું મારા ભાઈબંધો જોડે દોસ્તી કરે તો તું ય મારા જેવો જ થઈ શકે. કાયમ આનંદમાં રહે.'

તની : 'તો દાદા, મને એ ભાઈબંધો સાથે દોસ્તી કરાવો ને!'

દાદા : 'દોસ્તી તો કરાવું, પણ એક શરતે. તારે પછી કાયમ એ દોસ્તી ટકાવવાની હોય તો? તું તારે ઘેર જાય ત્યારે એમને ભૂલી જાય તે ના ચાલે.'

તની : 'નહીં દાદા, નહીં ભૂલું. તમે... તમે... એ ભાઈબંધો મને ભેટમાં આપી દેજો ને! હવે તમે તો બહુ મોટા છો. તમારે હવે જરૂર નહીં પડે.'

દાદા : 'વાહ મારા દીકરા! ભારે જબરો તું તો. ઠીક. તું અહીંથી જાય ત્યારે મારે તને કંઈક આપવું તો પડશે. તો એ મારા ભાઈબંધો લેતો જજે, બસ.'

તની : 'અત્યારે એમને ના મળાય?'

દાદા : 'અરે! એમને તો જ્યારે મળવું હોય ત્યારે મળાય. ચાલ, તને બહુ મન થયું હોય તો તેમની સાથે અત્યારે જ દોસ્તી કરાવી લઉં.'

બા : 'હવે અત્યારે રાતના બાર વાગ્યા છે. જે કાંઈ કરવું હોય તે સવારે કરજો. અત્યારે ઊંઘી જાવ છાનામાના.'


તની : 'પણ બા... મને ઊંઘ જ નહીં આવે. મને એમ થાય કે દાદાના એ દોસ્તો કેવા હશે? એ મારી જોડે દોસ્તી કરશે કે નહીં? મને ચેન જ નહીં પડે.'

દાદા : 'એકદમ સાચી વાત કરી. તને ઊંઘ નહીં આવે. તને અત્યારે જ તેમનાં દર્શન કરાવી દઉં. પણ તેં એમ કહ્યું ને કે એ તારી જોડે દોસ્તી કરશે કે નહીં? તો ભાઈ, એ તો એવું છે ને કે આપણે તેમની સાથે જેટલી દોસ્તી રાખીએ તેટલી રાખે. તું હાથ લંબાવીશ તો તેય લંબાવશે.'

તની : 'ચાલો ને દાદા, મને બતાડોને!'

દાદા : 'ચાલ.'

પછી તનીભાઈને લઈ દાદા પેલા કબાટ પાસે ગયા. ધીમે રહી તેનું તાળું



કબાટમાં રમકડાં - ભાઈબંધો

ખોલ્યું. બારણું ઊઘાડ્યું. તનીએ જોયું તો છેક ઉપલા ખાનામાં ચાર રમકડાં હતાં. સરસ મઝાનાં નાનકડાં છોકરાઓ. દરેકની આંખ અંધારામાંય ચમકતી હતી. દરેકનો ચહેરો પ્રસન્ન હતો. દાદાએ એ રમકડાં બહાર કાઢ્યાં. ટેબલ પર મૂક્યાં. પછી દાદા કહે : 'જો, આ રમકડાંને ચાવી આપવાની એટલે વારાફરતી એ છોકરાઓ માથું નમાવે ને બે હાથ ભેગા કરી નમસ્તે કરે. પછી માથું ઊંચું કરે. એક હાથ ઊંચો કરી માથા પાસે લઈ જાય. એમ સલામ કરે. એમ વારાફરતી ચારે છોકરા કરે.'

તની : 'દાદા... દાદા... જુઓ. આ છોકરો મને માથું નમાવે છે! મને સલામ કરે છે.' તે ખૂબ ખુશ થયો. ત્યાં તો તેની નજર તેમની હથેળી પર પડી. હથેળી પર લાલ અક્ષરે કંઈક લખેલું હતું. તેણે તે ધ્યાનથી વાંચ્યું. તેમાં લખ્યું હતું : 'નીડરતા', બીજા છોકરાની હથેળીમાં લખ્યું હતું : 'કરુણા', ત્રીજા છોકરાની હથેળીમાં લખ્યું હતું : 'પ્રામાણિકતા' ને ચોથા છોકરાની હથેળીમાં લખ્યું હતું : 'પુરુષાર્થ.'

તની ઘડીમાં દાદા સામે જુએ ને ઘડીમાં આ રમકડાં સામે. થોડી વારે કહે : 'દાદા, આ તમારા દોસ્તો નહીં! દાદા, હવે હું કાલે મારે ઘેર જઈશ. આ મારા ભાઈબંધોને લઈને, હોં' દાદાએ વહાલથી તેને ગાલે-માથે-મોંએ હાથ ફેરવ્યો ને કહ્યું : 'જરૂર લઈ જજે બેટા, હોં.'

તની : 'દાદા, આજે હું તમારી સાથે જ ઊંઘીશ. ચાલો, આપણે સૂઈ જઈએ. કાલે પાછું મને મૂકવા આવવું પડશે ને!' ને તે રાત્રે તની દાદાને વળગીને શાંતિથી ઊંઘી ગયો. બીજે દિવસે દાદા તેને તેના ઘરે મૂકી આવ્યા.

થોડા દિવસ પછી સુશીલનો પત્ર આવ્યો :

"પૂ. બાપુજી અને મુ.બા,

તમે મઝામાં હશો. ત્યાંથી આવ્યા બાદ તની તો ખૂબ જ બદલાઈ ગયો છે. કોઈ મોટો ચમત્કાર થયો છે. તે રોજ સવારે તેના કબાટમાંના ભાઈબંધોને 'ગુડ મોર્નિંગ' કહે છે. હવે એને કશું જ કહેવું પડતું નથી. એ કહે છે : 'આ મારા ભાઈબંધો ખરા. પણ સાચમસાચ ભાઈબંધ તો મારા દાદા. હું ય દાદા જેવો ડૉક્ટર થઈશ.' અમે ખૂબ ખુશ છીએ. બાપુજી, હું તો ડૉક્ટર ન બની શક્યો. પણ લાગે છે કે તની બનશે. સમય મળે જરૂરથી આવશો.

લિ. સુશીલ."

પત્ર વાંચી બા-દાદા રાજી રાજી થઈ ગયાં. દાદા કહે : 'જોયો ને મારા કીમિયાનો પ્રભાવ!'

બા : 'તે તમે કયો કીમિયો કર્યો હતો?'

દાદા : 'લે, તને ખબર ના પડી ને? સાંભળ. મેં જોયું કે તની આળસુ છે ને બીકણ છે. કપિલાની વાતો સાંભળી મેં બધું વિચારી લીધું. આપણે અહીં આવ્યા કે બીજે જ દિવસે ચાર છોકરાઓવાળું આ રમકડું લઈ આવ્યો. ને તેમની હથેળી પર મેં જ આ બધું લખી દીધું. ને તની જાણે એ રીતે કબાટ ખોલું ને બંધ કરું. મને ખબર હતી કે તની ક્યારેક મને જરૂર પૂછશે



બા-દાદાને પેંડા ધરતો તની

જ. ને તેમાં વળી ચંપકભાઈના પાકીટવાળી વાત બની. આ બધાની ધારી અસર થઈ.'

'બહુ સરસ! હવે તનીને મળવા તમારે એક વાર ત્યાં જવું જ જોઈએ.' બાએ કહ્યું.

'ના, ના. તું જોજોને! થોડા દિવસ પછી એ જ આવશે.'

ને ખરેખર ત્રણ મહિના પછી તની આવ્યો. તે સાથે પેંડા પણ લાવેલો. આવીને બા-દાદાને પગે લાગીને કહે : 'દાદા, હું પાંચમે નંબરે પાસ થયો છું. હવે પહેલો નંબર લાવીશ. ને બા, તને ખબર છે? નિશાળમાં બધાં મને હવે સારો છોકરો કહે છે. હું ખૂબ ખુશ છું.'

તે દિવસે સાંજે જ તે પાછો ગયો. બાએ કહ્યું : 'બેટા! આવ્યો છું તો બે દહાડા રહેને! અમને ગમે.'

તની : 'બા, રજાઓમાં જરૂર આવીશ, હોં.'

દાદા : 'હા, જા બેટા, ભણ. પણ જોજે હોં, મારા ભાઈબંધોને સૂના ના મૂકીશ. નહીં તો...'

તની : 'દાદા, એની તમે ચિંતા ના કરો. હવે એ તમારા જ નહીં, મારાય ખાસ દોસ્ત છે. એ આપણા ભાઈબંધો છે, બરોબર ને!'

ને તની હસતો-કૂદતો ગયો. બા-દાદા તેને પ્રસન્ન નજરે જોઈ રહ્યાં.

[ચિત્રાંકન : દિવ્યકાંત વિશ્વકર્મા] □

સાહિત્યસંપર્ક

મધુ રાયને રણજિતરામ સુવર્ણચંદ્રક



નવલિકા, નવલકથા, એકાંકી અને દીર્ઘનાટક જેવાં સર્જનાત્મક સાહિત્ય સ્વરૂપો માં પરંપરાને ત્યાગીને પ્રયોગશીલ વલણ દાખવનાર આધુનિક સર્જક મધુ રાયને રણજિતરામ સુવર્ણચંદ્રક મળે તે ઘટના ક્રમશઃ ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાની સ્વીકૃતિનું એક વધુ પ્રમાણ છે.

મધુ રાયનું મૂળ નામ મધુસૂદન વલ્લભદાસ ઠાકર. પિતા શિક્ષક હતા. જ્ઞાતિએ ગુગળી બ્રાહ્મણ. જન્મ જુલાઈ ૧૯૪૨, જામખંભાળિયામાં. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ દ્વારિકામાં લીધું. કલકત્તાના નિવાસે બંગાળની અસર તળે એમણે પોતાના નામના પ્રથમ બે શબ્દોની પાછળ રાય લગાડીને મધુ રાય નામથી લખવાનું શરૂ કર્યું. પછી એ જ નામ-ઉપનામ રૂઢ થઈ ગયું. એમણે કલકત્તાથી બી.એ.ની ઉપાધિ મેળવી. શરૂઆતમાં આજીવિકા માટે ટ્યૂશન કર્યા. કલકત્તાની એક એન્જિનીઅરિંગ કંપનીમાં જોડાયા. સાથે સાથે શિવકુમાર જોશી અને ચંદ્રકાન્ત બક્ષીના સંપર્કે સાહિત્યનો રંગ લાગ્યો. પરિણામે નવલિકા, એકાંકી, નવલકથા જેવાં સાહિત્યસ્વરૂપમાં ખેડાણ કર્યું - પણ તદન નૂતન ઢબે. આર્થિક અસલામતીના લીધે અનુભવેલો, ગૂંગળાવી નાખે તેવો વિષાદ એમની કૃતિમાં દેખા દે છે. અનેક પ્રશ્નો વચ્ચે 'ધબકતો સજીવ પિંડ એટલે જ મધુ રાય - અને તે જ મધુ રાયનાં લેખન.' ૧૯૬૭માં મધુ રાયે કલકત્તા છોડ્યું. અને અમદાવાદ થઈને મુંબઈ થઈને છેક પહોંચી ગયા લૉસ એન્જેલસ. આ દરમિયાન એમણે નાટ્યલેખન એ જ પ્રવૃત્તિ સેવી અને નાટ્યક્ષેત્રે વિખ્યાત થઈ ગયા. ચંદ્રકાન્ત બક્ષીના શબ્દોમાં કહીએ તો અમારો મધુ ગુજરાતી નાટકમાં અશ્વમેધ યજ્ઞ કરીને નીકળી ગયો હતો.

૧૯૬૪માં 'બાંશી નામની એક છોકરી' નામના ટૂંકીવાર્તાના પ્રયોગશીલ સંગ્રહથી વાર્તાક્ષેત્રે પ્રવેશતા મધુ રાય આધુનિક વાર્તાકારોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આમ તો માત્ર બાવીસ વર્ષની વયે એમણે ૧૯૬૪માં પહેલી વાર્તા 'હૂગલીનાં મેલાં નીર' લખી હતી, જેને 'ચિત્રલેખા'ની વાર્તાસ્પર્ધામાં પહેલું પારિતોષિક મળ્યું હતું. વાર્તામાં ઘટનાની ઘનતા ઉપસાવીને વેદના-સંવેદનાનું કથન વિવિધ રીતિથી કરવામાં મધુ રાય કુશળ સિદ્ધ થયા છે. અસ્તિત્વમાં નકાર એમનો સર્જકમિજાજ છે. એમના સર્જન પર ફ્રોઈડનો પ્રભાવ જોવા મળે છે. તો વિજાતીય આકર્ષણ એમની વાર્તાઓનું વાસ્તવ છે. પ્રારંભે રઘુવીર ચૌધરીને એમની પ્રયોગશીલતામાં કશી ઉપલબ્ધિ લાગી નથી. પછી 'રૂપકથા'ની વાર્તાઓમાં એક ડગ આગળ ભરાયું છે; જ્યાં ઘટનાનું વધુ ને વધુ વિગલન થતું જોવા મળે છે. 'હાર્મોનિકા'માં સૌંદર્યનિર્મિતિની નવી તરાહનો પ્રયોગ કર્યો છે. કૌતુકથી વાંચવાનું કરો તો ફરી વાંચવાનું મન થાય તેવી એની શૈલી છે. જાણે પોતાના જ મનનું ચિત્રણ થયું હોય એવો ભાવ ભાવક અનુભવે. એમની વાર્તાઓમાં મધ્યમ વર્ગનાં બૌદ્ધિક પાત્રોનું વિશ્વ રજૂ થયું છે. પલટાતી યુગચેતનાને આધુનિક ટૂંકી વાર્તામાં અભિવ્યક્ત કરવા મથતા સમર્થ પ્રયોગશીલ સર્જક તરીકે મધુ રાયનું પ્રદાન-સ્થાન વિસરાશે નહીં. 'બાંશી નામની એક છોકરી', 'હુગલીનાં મેલાં નીર', 'એક સોમવાર', 'રત્નુમ્બન', 'પાનકોર નાકે જઈ' ઇત્યાદિ એમની નોંધપાત્ર ટૂંકી વાર્તાઓ છે, જેમાંથી એમની પ્રયોગશીલ સર્જકદૃષ્ટિ ઊપસી આવી છે.

'ચહેરા' અને 'કામિની' એ બે એમની નવલકથાઓ છે. 'કલ્પતરુ' વિદેશમાં લખાયેલી કમ્પ્યૂટર નવલકથા છે. 'ચહેરા'માં ટુકડામાં વહેંચાયેલી ઘટનાઓનું સંમિશ્રણ કરીને કથાનું રૂપ બાંધવાનો પ્રયાસ થયો છે. તેનો નાયક નિષાદ ચહેરા પહેરીને ફરતો અવસાદમાં ધકેલાઈ જાય છે. અલબત્ત, મધુ રાય હળવી શૈલીએ બધું જ વહેતું મૂકે છે, એટલે કથનમાં વિષાદનો ભાર વર્તાતો નથી. પ્રત્યેક ચહેરા ભગ્ન, દગ્ધ, વિકૃત અને છિન્નભિન્ન છે.

'કોઈ એક ફૂલનું નામ બોલો તો' નાટક પરથી 'કામિની' નવલકથા રચી છે, જેમાં ઘટનાને પ્રાધાન્ય આપ્યું છે. પાત્રના આંતરજગતનાં દ્વન્દ્વ અને ગુનાહિત વૃત્તિમાંથી જાગતી અકળામણોનું નિરૂપણ થયું છે. આ નવલકથામાં મધુ રાયે નૂતન ટેકૂનિકનો વિનિયોગ કરીને આગવી સર્જકમુદ્રાને છતી કરી છે. મનોવૈજ્ઞાનિક વાસ્તવની ભોં પર નવલકથાને મૂકવામાં મધુ રાય સફળ રહ્યા છે. વળી, દશ્યાત્મક વર્ણન-રીતિ મધુ રાયના ગદ્યની ખાસિયત છે.

મધુ રાય સહુથી વિશેષ સક્રિય અને સફળ રહ્યા છે નાટ્યક્ષેત્રે. 'ઝેરવું' એકાંકીથી એમણે નાટ્યસ્વરૂપમાં કલમ ચલાવી અને ક્રમશઃ અદ્યતન-આધુનિક ઢબની નાટ્યકૃતિઓ રચી છે, જેમાં નાટ્યવસ્તુ ને તખ્તાપ્રયોગ પરત્વેની નૂતન નાટ્યરીતિનો વિનિયોગ એમની નાટ્યસૂઝના દ્યોતક છે. 'કાગડા? કાગડા? માણસો?', 'આપણું તો એવું' અને 'અશ્વત્થામા' એમનાં સફળ એકાંકીઓ છે. વિનોદ અધ્વર્યુએ એમનાં એકાંકીઓને અનુલક્ષીને લખ્યું છે કે, 'પરંપરા બદલતાંની પલાંઠીથી જકડાઈ ગયેલી, વાસી થઈ ગયેલી, રુચિથી પ્રેરિત અપેક્ષાને આંચકો આપીને, ઝાટકા સાથે આપણી ડોકને લાપરવાહી સાથે ઘુમાવવી એ જાણે

તેમની રીતિનું એક લક્ષણ છે. પ્રજાને એ ઝાટકા ગમ્યા છે.'

'કોઈ એક ફૂલનું નામ બોલો તો' અને 'કુમારની અગાશી' જેવી દીર્ઘ નાટ્યકૃતિઓમાં પણ મધુ રાયની પ્રયોગશીલ સર્જકદ્યુતિ પ્રકટ થતી રહી છે. માર્મિક સંવાદો અને ઘટનાની ધારદાર અભિવ્યક્તિ વચ્ચે પાત્રોનાં આંતરજગતમાં ચાલતા દ્વન્દ્વને વ્યક્ત કરવામાં મધુ રાયની અપૂર્વ સર્જકતા છતી થઈ છે. ઉક્ત બે નાટ્યકૃતિઓએ એમને આધુનિક નાટ્યસર્જકોમાં નોખું સ્થાન અપાવ્યું છે. બર્નાર્ડ શૉની કૃતિ 'પિગ્મેલિયન'ના આધારે રચેલું 'સંતુ રંગીલી' નાટક તખ્તા પર સફળ થયું તે મધુ રાયની નાટ્યકાર તરીકેની સિદ્ધિનું વધુ એક પ્રમાણ છે.

આધુનિકોમાં મધુ રાય તેજસ્વી સર્જક છે. એમના સર્જનમાંની આધુનિકતાના ઉપહાર જેવી ઍબ્સર્ડિટી કાળક્રમે ભાવક-વાચક-પ્રેક્ષકમાં સંક્રમિત થતાં એમના પ્રયોગશીલ માનસને પ્રયોગદાસ્યનું છોગું લગાડવાનું વ્યર્થ બન્યું છે. મધુ રાયની સર્જનશક્તિની આ પુરસ્કૃતિ એમની પ્રતિભાની સિદ્ધિ છે. ગુજરાતી નાટ્યક્ષેત્રે મધુ રાય દીર્ઘકાળ લગી ભુલાશે નહીં. આવા આધુનિક સર્જકને રણજિતરામ સુવર્ણચંદ્રક મળે તે આનંદઘટના બની રહે છે. - પ્રફુલ્લ રાવલ

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬)નાં પ્રકાશનો : **ટિંગાટોળી** (બાળકાવ્યો) લે.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૩૬, કિં.રૂ.૨૫. **પિપરમીટના પ્હાડ પર** (બાળકાવ્યો) લે.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૬, રૂ.૧૦. **થૂઈથપ્પા** (બાળકાવ્યો) લે.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૩૨, રૂ.૨૦. **છાકમછલ્લો** (બાળકાવ્યો) લે.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૩૬, રૂ.૮૦. **ખલિલ જિબ્રાન** (અભ્યાસલેખ) લે.સુરેશ દલાલ, ક્રાઉન સાઇઝ, પૃ.૨૪, રૂ.૧૦. **હરમાન હેસ** (અભ્યાસલેખ) લે.સુરેશ દલાલ, ક્રાઉન સાઇઝ, પૃ.૩૬, રૂ.૧૫. **વૉલ્ટ વ્હીટમન** (અભ્યાસલેખ) લે.સુરેશ દલાલ, ક્રાઉન સાઇઝ, પૃ.૩૬, રૂ.૧૫. **આયુષ્યની અયોધ્યા-મારી બારીએથી-૧૮** (નિબંધો) લે.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૧૨, રૂ.૫૦. **મુક્તક મકરન્દ** (સંસ્કૃત-પ્રાકૃત અનુવાદ કાવ્યો) અનુ. હરિવલ્લભ ભાયાણી, ડિમાઇ સાઇઝ, પૃ.૪૮, રૂ.૩૦. **એક મુઠ્ઠી અક્ષર** (કાવ્ય-સંગ્રહ) લે.અમૃતા પ્રીતમ, ડિમાઇ સાઇઝ, પૃ.૯૬, રૂ.૭૫. **રૂપેરી સ્મૃતિ** (લેખ-સંગ્રહ) મૂળ લે.શિરીષ કાણેકર, અનુ. જયા મહેતા, ડિમાઇ સાઇઝ, પૃ.૧૭૬, રૂ.૯૦. **અરુણાચલના સંત શ્રી રમણ મહર્ષિ** (જીવનચરિત્ર) લે.પ્રા.તરલા દેસાઈ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૪૪, રૂ.૭૫, **બ્લૂ જીન્સ** (કાવ્યસંગ્રહ) લે.ચંદ્રકાન્ત શાહ, ડિમાઇ સાઇઝ, પૃ.૯૬, રૂ.૧૨૫. **અમિતા મોદીનાં કાવ્યો (અંગ્રેજી)** ડિમાઇ સાઇઝ, પૃ.૧૧૨, રૂ.૧૨૫. (પાકું પૂઠું) **સરસ્વતીચંદ્ર** (કથાસાર) જયન્ત કોઠારી અને ભૂપેન્દ્ર પારેખ, ડિમાઇ સાઇઝ, પૃ.૪૮, રૂ.૨૦.

જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર (૧૭, વસંત નગર, ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ-૮)નાં પ્રકાશનો : **મારું ઘડતર** લે.વિષ્ણુપ્રસાદ રવિશંકર વ્યાસ, ડિમાઇ સાઇઝ, પૃ.૫૬, રૂ.૧૦. **સાને ગુરુજી** (જીવનગાથા) મૂળ લે.'શીલભદ્ર', અનુ. પુરુષોત્તમ ગણેશ માવળંકર, ક્રાઉન સાઇઝ, પૃ.૪૮, રૂ.૧૦. **તારે ચરણે ધરું ધૂપ દેહનાં** (જીવનસ્મૃતિ સુવાસ) સંપાદક મનુ પંડિત, ડિમાઇ સાઇઝ, પૃ.૭૨, **વાડી પરનાં વહાલાં** લે. ઈસ્માઈલભાઈ નાગોરી, ડિમાઇ સાઇઝ, પૃ.૩૨, રૂ.૭. **કબર** લે.શ્રીકાન્ત આવરેજી, ડિમાઇ સાઇઝ પૃ.૬૪, રૂ.૧૫.

અરુણોદય પ્રકાશન (૨૦૨, હર્ષ કૉમ્પલેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ)નાં પ્રકાશનો : **પટારો** (વાર્તાસંગ્રહ) લે.ઊજમશી પરમાર, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૯૬, રૂ.૧૦૦. **અનોખો ફેંસલો** (બાળવાર્તા) લે.વસંતલાલ પરમાર, ક્રાઉન સાઇઝ, પૃ.૧૨૪, રૂ.૬૫. **સામર્થ્ય** (નવલકથા) લે.જિતેન્દ્ર દવે) ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૨૭૨, રૂ.૧૧૦. **પગદંડી** (લઘુનિબંધો) લે.બહાદુરશાહ પંડિત, ક્રાઉન સાઇઝ, પૃ.૮૦, રૂ.૩૦.

આદર્શ પ્રકાશન (૧૭૬૦/૧, ગાંધી માર્ગ, અમદાવાદ)નાં પ્રકાશનો : **લાગણીનાં મૃગજળ** (કાવ્યસંગ્રહ) લે.દેવેન્દ્ર પાલેજા 'ઉશના', ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૦૦, રૂ.૫૦. **જત લખવાનું કે...** (પત્રસંચય) લે.તરુલતા દવે, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૨૨૦, રૂ.૮૪. **અનોખાં જીવનચિત્રો** (જીવનચિત્રોનો સંચય) લે.રજનીકુમાર પંડ્યા, ડિમાઇ સાઇઝ, પૃ.૨૩૬, રૂ.૧૦૦.

ગુજરાત સાહિત્ય આકાદમી (જૂનું વિધાનસભા ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૧૭)નાં પ્રકાશનો : શ્રી આનંદશંકર ધ્રુવ શ્રેણીમાં આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવની ધર્મવિચારણા વિષયક બે પ્રકાશનો : **ધર્મવિચાર-૧** પૃ.૭૨૮, કિં.રૂ.૨૩૫ અને **ધર્મવિચાર-૨** પૃ.૪૫૬, રૂ.૧૮૦. બંનેના સંપાદકો : યશવંત શુક્લ, ધીરુ પરીખ, વિનોદ અધ્વર્યુ. બંને ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પ્રથમ આવૃત્તિ. **વિદ્યાપ્રસાદ** (શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના સાહિત્યવિષયક લેખોનો સંચય. સંપાદક : જયન્ત પાઠક, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૨૬૨, રૂ.૧૧૫. સ્વાતંત્ર્યપર્વ સુવર્ણજયંતી પ્રકાશન શ્રેણીમાં **સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલિકા ભાગ-૧** પૃ.૫૮૪, કિં.રૂ.૨૦૦ અને ભાગ-૨ પૃ.૫૯૨, કિં.રૂ.૨૦૦ બંનેના સંપાદક : રઘુવીર ચૌધરી, બંને ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પ્રથમ આવૃત્તિ. **રેવતી** (ઓડિયા વાર્તાઓ) અનુવાદક : ડૉ.રેણુકા શ્રીરામ સોની, ડિમાઇ સાઇઝ, પૃ.૧૦૮, રૂ.૫૦. **લોકગુર્જરી** (અંક ચૌદ) સંપાદક : બળવન્ત

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



જેની વહીમાં છે લખી મારા જીવનની મેં કથા,
તેના વડે ખુશ્બૂ રહી છે સ્થાન સંદિલમાં લઈ. - **'પતીલ'**



કંકોતરીથી એટલું પુરવાર થાય છે,
નિષ્ફળ બને છે પ્રેમ તો વે'વાર થાય છે. - **'આસીમ' રાંદેરી**

જાની, ડિમાઇ સાઇઝ, પૃ.૧૪૪, રૂ.૬૫.

કુસુમ પ્રકાશન - નવચેતન કાર્યાલય (૬૧-એ, નારાયણનગર, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭)નાં પ્રકાશનો : **ઝાકળભીનાં મોતી** (જીવનની મૌલિક દૃષ્ટિ, નૂતન અભિગમ તથા સ્વસ્થ ચિંતન જાગે તેવા પ્રેરણાદાયી પ્રસંગોનો સંચય), લેખક : કુમારપાળ દેસાઈ, સંવર્ધિત આવૃત્તિ, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૭૬, કિં.રૂ.૭૫. **અમૃતકુંભ** (ચિંતનકણિકાઓનો સંગ્રહ) લે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પ્રથમ આવૃત્તિ, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૦૪, રૂ.૫૦. **સૂફી કાવ્યપ્રસાદી** (મુસ્લિમ સંતોનાં ભજનો) સં.: ગંગાદાસ પ્રાગજી મહેતા, પ્રથમ આવૃત્તિ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૨૦, રૂ.૫૦. **આપણી દુનિયા** (વિશિષ્ટ માહિતી સંચય) લે.પ્રીતિ શાહ, પ્રથમ આવૃત્તિ, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૯૨, રૂ.૧૦૦. **પ્રશ્નસંહિતા** (સામાન્ય જ્ઞાનના પ્રશ્નો અને ઉત્તરો) લે.બંસીધર શુક્લ, પ્રથમ આવૃત્તિ ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૯૨, રૂ.૧૦૦. **અખાના છપ્પા** (અખાની કાવ્યકૃતિઓ ખંડ-૧) સાહિત્ય-સંશોધન પ્રકાશન-૪, સંશોધક-સંપાદક : ડૉ.શિવલાલ જેસલપુરા, અભ્યાસલેખ છપ્પાવિમર્શ : ડૉ.ધીરુભાઈ પરીખ, પ્રકાશક : સાહિત્ય-સંશોધન પ્રકાશન, ૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭ ક્રાઉન સાઇઝ, ત્રીજી આવૃત્તિ, પૃ.૪૪૦, રૂ.૯૦. **અખાનાં પદ અને બીજી લઘુ કૃતિઓ** (અખાની કાવ્યકૃતિઓ ખંડ-૨) સાહિત્ય-સંશોધન પ્રકાશન-૫, સંશોધક-સંપાદક : ડૉ.શિવલાલ જેસલપુરા, પ્રકાશક ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, બીજી આવૃત્તિ, પૃ.૨૫૬, રૂ.૬૦.

દક્ષિણ ગુજરાતના નવલિકાસ્પર્ધકોને આમંત્રણ : ૧૧૮ વર્ષ જૂની જે.પી. પીટીટ લાયબ્રેરી બીલીમોરાના ઉપક્રમે મૌલિક નવલિકાસ્પર્ધા યોજવામાં આવી છે. પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦, દ્વિતીયને રૂ.૫૦૦, તૃતીયને રૂ.૩૦૦ ઈનામ આપવામાં આવશે. દક્ષિણ ગુજરાતના વતની (બહારગામ જઈ વસેલા સહિત) હોય એવા નવલિકાકારોએ માર્ચ ૨૦૦૦ સુધીમાં રૂ.૧૦ મોકલી પ્રવેશપત્ર મેળવવાનું રહેશે. લખો : ગ્રંથપાલ, જે.પી. પીટીટ લાયબ્રેરી, બંદર રોડ, બીલીમોરા - ૩૯૬૩૨૧ (જિ. નવસારી)

શ્રીરંગપટ્ટણમ્ (દેશાટન-૧૪)




યુદ્ધકળામા નિપુણ પ્રસિદ્ધ શાસક હૈદરઅલી અને તેનો પુત્ર મૈસુરનો વાઘ - ટીપુ સુલ્તાન-ના રાજયની રાજધાની શ્રીરંગપટ્ટણમ્‌નો દ્વીપ-દુર્ગ મૈસુરથી ૧૬ કિ.મી. અને બૅંગલોરથી ૧૨૫ કિ.મી. દૂર આવેલો છે. અહીંના જગપ્રસિદ્ધ શ્રીરંગનાથ મંદિરના નામ પરથી આ સ્થળનું નામ શ્રીરંગપટ્ટણમ્ પડ્યું છે. ધાર્મિક અને ઐતિહાસિક દૃષ્ટિએ આ સ્થળ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

શ્રીરંગપટ્ટણમ્, શિવનાસમુદ્રમ્ અને શ્રીરંગમ્ દ્વીપો પર આવેલાં શ્રીરંગનાથ-સ્વામીનાં ત્રણે મંદિરો અનુક્રમે આદિ રંગ, મધ્ય રંગ અને અન્ત્ય રંગના નામથી જાણીતાં છે. એવું મનાય છે કે ગૌતમ ઋષિ શ્રીરંગસ્વામીની આરાધના કરતા હતા. હોયસળના રાજા વિષ્ણુવર્ધનના ભાઈ ઉદયાદિત્યે ઈ.સ.૧૧૨૦માં શ્રીરંગપટ્ટણમ્‌નું નિર્માણ કર્યું હતું.

દેશભક્ત, સ્વાભિમાની વીર ટીપુ સુલ્તાન બ્રિટિશ રાજયની સામે વીરતાપૂર્વક ઝઝૂમીને વીરગતિને પામ્યા હતા.

દરિયાદૌલત ગુમ્બજ, જુમ્મા મસ્જિદ, શ્રીરંગપટ્ટણમ્‌નું મંદિર અહીંના મુખ્ય દર્શનીય સ્થળ છે. અહીંથી ૫ કિ.મી.ની દૂર આવેલાં કાવેરી નદીના કિનારા પરનાં રંગનાથિત્તુ વન્યસ્થળોનાં દૂરદૂરનાં ક્ષેત્રો અને સાઇબિરિયાથી આવતાં પક્ષીઓ માટે પ્રખ્યાત છે. શ્રીરંગપટ્ટણમ્‌ના પર્યટન માટે ફેબ્રુઆરીથી જૂન સુધીનો સમય સર્વોત્તમ છે. ('યોગક્ષેમ'ને આધારે)



રોગીને તો કડવું ઘટે, લીમડો પીધે રોગ માંહીથી મટે.
નિર્ગુણ લીમડો જો રોગ નીગમે, તો સગુણ ભોજન સુખે જમે.
નિર્ગુણ થઈને સગુણમાં મળે, તો અખા જેમ દૂધમાં સાકર ભળે.

('અખાની કાવ્યકૃતિઓ ખંડ-૧'માંથી) - અખો


અલવિદા, ઉસ્તાદ અલ્લારખા

સામાન્ય રીતે સંગીતમાં તબલાવાદકનું સ્થાન સંગત આપનારનું ગણાયું છે. પરન્તુ પોતાની ઉચ્ચ કક્ષાની તબલાવાદનની સાધના અને સિદ્ધિથી ઉસ્તાદ અલ્લારખાએ સંગીતની મહેફિલમાં તબલચીનું આગવું એક કલાકાર તરીકેનું સ્થાન અંકિત કરી આપ્યું છે. ફેબ્રુઆરી ૨૦૦૦ની ત્રીજી તારીખે મુંબઈમાંના તેમના નેપિયનસી રોડ પરના નિવાસસ્થાન 'સિમલા હાઉસ' ખાતે, ૫૧ વર્ષની વિધવા પુત્રી રઝિયાબાનુના અવસાનના અસહ્ય આઘાતથી, ૮૧ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાને કારણે વહેલી સવારે સાડા ત્રણ વાગ્યે અલ્લારખા ખાંસાહેબનું દુઃખદ નિધન થયું છે.

તેમનો જન્મ ઈ.૧૯૧૯ના એપ્રિલની ૨૯મી તારીખે જમ્મુના ફાગવાલ ગામમાં થયો હતો. ત્યાંથી તેઓ પંજાબના ગુરુદાસપુરમાં મામાને ત્યાં અભ્યાસાર્થે ગયા, પરન્તુ બારેક વર્ષની નાની વયે સંગીતની સાધના કરવાના ઉમદા ઉદ્દેશથી ગુરુદાસપુર છોડી લાહોર જવા નીકળી પડ્યા. ત્યાં પંજાબ ઘરાનાના ગુરુ મિયાં કાદર બઈશ પાસે સંગીતના પ્રથમ પાઠ લીધા. ત્યાર બાદ પતિયાલા ઘરાનાના ઉસ્તાદ આશિક અલીખાન પાસે પલાંઠી લગાવી અને સંગીતના હાર્દને પામ્યા.

પોતાની કારકિર્દીનો આરંભ એમણે ઑલ ઇન્ડિયા રેડિયો પર કર્યો. લાહોરના આકાશવાણી કેન્દ્ર પરથી એમનું અદ્ભુત તબલાવાદન પંચોલી સ્ટૂડિયોના માલિક સ્વ. દલસુખભાઈ પંચોલીએ સાંભળ્યું અને તેઓ તેમને ચલચિત્રની દુનિયામાં ખેંચી લાવ્યા. સ્વ. પંચોલીના 'ખાનદાન' બોલપટમાં એમણે સંગીત નિર્દેશક ગુલામહૈદરની સહાયતા કરી ખ્યાતિ પ્રાપ્ત કરી.

હવે તેઓ મુંબઈ આવીને વસ્યા. સંગીત નિર્દેશનના ક્ષેત્રે એમણે હવે સ્વતંત્રપણે કામ કરવા માંડ્યું. ઈ.૧૯૪૩થી ૧૯૪૮ના ગાળા દરમિયાન એમણે આશરે ત્રીસેક હિંદી



ફિલ્મોમાં સંગીત આપ્યું. આ ચલચિત્રોમાં 'માબાપ', 'સબક', 'બેવફા' વગેરે ખાસ ઉલ્લેખનીય છે. તેમણે આ કારકિર્દીમાં એ.આર. કુરેશીના નામે સંગીતનિર્દેશન કર્યું કારણ કે સંગીતપ્રેમીઓના એ 'ખાંસાહેબ' અસલમાં 'કુરેશી' હતા.

ફિલ્મક્ષેત્ર એમને બહુ જચ્યું નહિ. એ ક્ષેત્રને કાયમ માટે છોડીને એમણે કેવળ તબલાની આરાધનામાં જ શેષ જીવન સમર્પિત કર્યું. એમણે વિદેશમાં પોતાનો પ્રથમ કાર્યક્રમ જપાનમાં આપેલો અને શ્રોતાઓને

પોતાના જાદૂઈ તબલાવાદનથી મંત્રમુગ્ધ કરેલા. ત્યાર પછીથી તો એમની ખ્યાતિ એવી પ્રસરી કે એમણે દુનિયાના અનેક દેશોમાં પોતાના કાર્યક્રમો આપી તબલાવાદનની કમાલ કરી બતાવી. છેલ્લાં કેટલાંય વર્ષોથી એઓ માર્ચથી ઓક્ટોબર સુધીમાં વિદેશ ખાતે જ કાર્યક્રમો આપતા હતા. ઉર્દૂ ગઝલોના પણ તેઓ ભારે ચાહક હતા. ગાલિબ, મોમિન અને મીર એમના મનગમતા શાયરો.

તેમના જ્યેષ્ઠ પુત્ર ઝાકિર હુસેને આજ તો તબલાવાદનમાં પોતાની આગવી ઓળખ બનાવી દીધી છે. તેમના અન્ય બે પુત્રો ફઝલ અને તવફીફ પણ તબલાવાદનમાં સિદ્ધિને વર્યા છે. આવા ઉમદા ઉસ્તાદનું ભારત સરકારે ૧૯૭૦માં 'પદ્મશ્રી'ના ઇલકાબથી સન્માન કરેલું. (સંકલિત)

શોભના સમર્થ, સ્વ.


હિન્દી ચલચિત્રની જાણીતી અભિનેત્રી શોભના સમર્થનું ૮૪ વર્ષની વયે ફેબ્રુઆરી ૨૦૦૦ની ૯મી તારીખે કેન્સરની માંદગીથી મુંબઈમાં અવસાન થયું છે. એમનું મૂળ નામ તો સરોજ. પિતા પી.એચ. શિલોત્રી મુંબઈમાં બૅંકર. મહારાષ્ટ્રિયન પરિવારમાં કુમારસેન સમર્થ સાથે તેમનું લગ્ન થયેલું. 'ભરતમિલાપ' અને 'રામરાજ્ય'ની એમની સીતાની ભૂમિકાથી એમણે સિનેસૃષ્ટિમાં આગવી ચિરકાલીન છાપ આંકી હતી.

એમનો જન્મ ૧૭ ડિસેમ્બર ૧૯૧૬ના રોજ થયેલો. ૧૯૩૫માં ૧૯ની વયે એમણે સિનેસૃષ્ટિમાં પદાર્પણ કરેલું. એમની પ્રથમ ફિલ્મ 'વિલાસી ઈશ્વર' હતી. આ પ્રથમ ફિલ્મ મરાઠી અને ઉર્દૂ એમ બન્ને ભાષામાં બની હતી. મુનશીની કૃતિ ઉપરથી ગુજરાતીમાં બનેલી 'બે ખરાબ જણ' શોભના સમર્થની ભૂમિકાવાળી પ્રથમ ગુજરાતી ફિલ્મ હતી. તેના પરથી હિન્દીમાં તૈયાર થયેલી ફિલ્મ 'દો દીવાને'માં એમણે મોતીલાલ સાથે કામ કર્યું અને બન્ને ખૂબ નિકટનાં મિત્રો બન્યાં. ૧૯૪૮માં એમણે કુમારસેન સાથે છૂટાછેડા લીધા હતા. એમનાં ચાર સંતાનો : ત્રણ પુત્રીઓ - નૂતન, તનુજા અને ચતુરા તથા એક પુત્ર જયદીપ. એમની ફિલ્મજગતની કારકિર્દી ૧૯૩૫થી આરમ્ભાઈ ૧૯૭૨ સુધી વિસ્તરેલી. એમણે કુલ ૫૧ ચલચિત્રોમાં કામ કર્યું હતું. કુદરતી દેહસૌંદર્ય અને પ્રયત્ન-સાધ્ય અભિનયસૌંદર્યથી એમણે પ્રેક્ષકોને મોહવશ કર્યાં હતાં. એમની સમર્થ અટકને એમણે કલાજગતમાં પૂરા સામર્થ્યથી સિદ્ધ કરી બતાવી હતી. (સંકલિત)



માછલી પણ માળો બાંધે?

કદાચ માછલી માળો બાંધે એ સમાચાર જ વિચિત્ર લાગે, પરંતુ આ સાચી વાત છે. અમેરિકા અને બ્રાઝિલની માછલી ઈંડાં મૂકવા માટે માળો બાંધે છે. પંખી ઈંડાંની સલામતી માટે માળામાં બેસે એમ જ 'સ્ટીકલબૅક' નામની માછલી પણ ઈંડાંની સલામતી માટે માળો બાંધે છે. અચરજ પમાડે તેવી વાત તો એ છે કે સ્ટીકલબૅક માછલી માત્ર ૧૨ બચ્ચાંનાં ઈંડાં માટે જ માળો બાંધે અને નર ઈંડાંમાંથી બચ્ચાં નીકળે ત્યાં સુધી માળાની દેખરેખ પણ સરસ રીતે રાખે છે.



સ્ટીકલબૅક માછલી બહુ મહેનતુ હોય છે. પાણીમાં કોઈ વનસ્પતિની નાની-મોટી સળીઓ પાંદડાં વગેરે ભેગાં કરવાનું કામ નર માછલી કરે છે. સળીઓ, પાંદડાં વગેરેનો ગુચ્છો બનાવે છે. આ ગુચ્છા પર માછલી તરતાં-તરતાં એક ચીકણા પદાર્થનો સ્રાવ ગુર્દા મારફતે કરે છે. ચીંકણા સ્રાવને લીધે સળીઓ-પાંદડાં એકબીજાં પર ચોંટી જાય છે. આ રીતે ગોળા જેવો આકાર બનાવે છે. નર માછલી ગોળાકાર આકારના માળામાં એક પાઈપ જેવી સુરંગ બનાવે છે. માદા માછલી આ સુરંગની મધ્યમાં આવી જાય છે. નર માછલી તરતાં-તરતાં માદાના પાછળના ભાગને સ્પર્શ કરે છે. સ્પર્શ વારંવાર થતાં માદા ઉત્તેજિત થઈ જાય છે. માદા ઉત્તેજિત થતાં જ ઈંડાંઓ બહાર નીકળે છે. આ ઈંડાં મૂકીને માદા બહાર ચાલી જાય છે. હવે ઈંડાં સાચવવાનું કામ નર માછલી કરે છે. આ રીતે માછલી ઈંડાં મૂકવા માળાનો ઉપયોગ કરે છે.

આવી રીતે અન્ય સસ્તન માછલીઓ નદીમાં જોવા મળે છે. આ સન-ફિશ પણ નદીમાં માળો બાંધે એ પણ હેરત પમાડે તેવી વાત છે. પરંતુ આ માછલીનો માળો ઊંધા કટોરા સમાન હોય છે. માછલી માળાના ખાડામાં ઈંડાં મૂકે છે. ઉત્તર અમેરિકામાં અમિયા માછલી ગોળાકાર ખાડા જેવો માળો બનાવે છે. આ માછલી કિનારા પરનાં ઝાડનાં મૂળિયાં નદીમાં તરતાં હોય તેમાં માળો બાંધે છે. માછલીનાં ઈંડાં ઝાડનાં મૂળિયાં સાથે ચોંટી રહે છે. આ રીતે માછલીઓ ઘણા પ્રકારના માળા બાંધે છે. પ્રોટોસ્ટેરલ જેને લંગ-ફિશ પણ કહે છે તે ખડવાળા કિનારા પર માળો બનાવે છે.

માળો તો માત્ર પ્રજનન કાળ પૂરતો જ હોય છે. ઈંડાંમાંથી બચ્ચાં નીકળ્યાં પછી નર અને માદા બંને માછલી માળો છોડી દે છે. માળો માત્ર એવી પ્રજાતિ દ્વારા બનાવવામાં આવે છે. જેમનામાં આંતરિક નિષેચન હોય છે. માછલી પોતાનાં ઈંડાંની દેખભાળ માટે ઘણા બધા રસપ્રદ ઉપાય કરે છે. - ડૉ. પરેશ પંડ્યા ('વિજ્ઞાનદર્શન'માંથી)

નાનાં બાળકો માટે ચૂસણીઓ સલામત છે ખરી ?

બાળકો માટે કેટલાંક રમકડાં પ્લાસ્ટિકમાંથી બને છે. આમાં કેટલાંકમાં હાનિકારક દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે, જેથી યુરોપિયન કમિશન એના ઉપર પ્રતિબંધ મૂકવા માટે સક્રિયપણે વિચારણા કરી રહ્યું છે. બાળકને દાંત આવતા હોય ત્યારે તેનાં અવાળાંમાં ચળ આવે છે અને ઘણી વાર દુઃખાવો થાય છે. આથી બાળક જે તે વસ્તુ હાથમાં લઈને એને અવાળાં ઉપર ઘસ્યા કરે છે. આના માટે રમકડાં બનાવનારી કંપનીઓ દાંતની રિંગ અને રબરની ચૂસણીઓ બનાવે છે. રબરનાં નાનાં રમકડાં પણ બનાવવામાં આવે છે. આ રમકડાં પી.વી.સી. મટીરિયલમાંથી બને છે, જેને નરમ બનાવવા માટે થેલેટ (phthalates) નામનાં રસાયણો ઉમેરવામાં આવે છે. પ્રાણીઓ ઉપર કરવામાં આવેલા અભ્યાસોથી એવું જાણવા મળ્યું છે કે આ થેલેટ રસાયણોથી કેન્સર, મૂત્રપિંડને નુકસાન અને પ્રજનનકાર્યમાં રુકાવટ ઊભી થઈ શકે છે.

યુરોપિયન કમિશનના વિજ્ઞાનીઓનું એવું મંતવ્ય છે કે પી.વી.સી. રમકડાંમાં રહેલા થેલેટની ઊંચી માત્રા શરીરમાં જવાથી બાળકોને હાનિ થઈ શકે છે. કેટલાંક યુરોપીય રાષ્ટ્રોમાં તો રમકડાં-ઉત્પાદકોને નરમ પી.વી.સી.નાં રમકડાંનું ઉત્પાદન બંધ કરવાનો આદેશ ક્યારનોય અપાઈ ચૂક્યો છે. પણ ઈંગ્લંડના વ્યાપાર અને ઉદ્યોગ વિભાગને આ રમકડાં ઉપર પ્રતિબંધ મૂકવા માટે થેલેટ રસાયણો વિરુદ્ધ પૂરતા પુરાવાઓ હજુ જણાયા નથી. એમના મતે ઈંગ્લંડમાં પી.વી.સી. અને થેલેટ્સના ઉપયોગથી આરોગ્યને ખતરો પેદા થયો હોય એવા કિસ્સા કે પુરાવાઓ હજુ સુધી નોંધાયા નથી.

પણ રમકડાં-ઉત્પાદક કંપનીઓને છાવરાવાનાં આ બહાનાં જ છે. વાસ્તવમાં થેલેટ રસાયણોની હાનિકારક અસરો વિશે પૂરતાં વૈજ્ઞાનિક સંશોધનો થયેલાં છે. આથી સરકારે આવી માહિતી ખુલ્લી મૂકવી જોઈએ અને બાળકોને માટે દાંતની રિંગ ખરીદનારાં અસંખ્ય માબાપોને પ્લાસ્ટિકનાં રમકડાં અને તેમાં વપરાતાં થેલેટ રસાયણોનાં જોખમો વિશે જાગૃત કરવાં જોઈએ. રમકડાં ઉત્પાદકોએ પણ થેલેટ્સની જગ્યાએ અન્ય સલામત રસાયણોની શોધમાં લાગી જવું જોઈએ. ('આપણું સ્વાસ્થ્ય'માંથી)

ચયનગ્રંથ સંપુટ-૨

'કુમાર' ત્રીજા દશકના પૂર્વાર્ધની ફાઈલોમાંથી ચૂંટેલાં ઉત્તમ કાવ્યો, , જીવનચરિત્રો, વાર્તાઓનો સંપુટ-૨ પ્રકાશિત થઈ ગયો છે. સંપુટની કિં. રૂ. ૧૬૦/- સાદા પોસ્ટેજના રૂ. ૧૦/-રજિસ્ટરથી મંગવાનારે રૂ. ૨૦/- મોકલવા.

ફેબ્રુઆરી ૨૦૦૦ના મુખપૃષ્ઠની તસવીર



ફેબ્રુઆરી ૨૦૦૦ના મુખપૃષ્ઠ ઉપર જે તસવીર છપાયેલી છે તે ઉપર પ્રમાણે જોવા-માણવા વિનંતી છે. - તંત્રી

અનુ.] સંમુખ સાગરમઠ [પૃ.૧૬૬થી

શહેરની નજીક જતાં ફૂટપાથ પર બજાર ભરાયેલું હતું. વાસણકૂસણ વેચાતાં હતાં, અને ઘરવખરી. સાઈકલો માટે જરૂરી નાની નાની કેટલી બધી ચીજો. બધી જમીન પર કપડું પાથરીને એના પર સરસ, વ્યવસ્થિત રીતે ગોઠવેલી. ત્યાં જ, બહાર ને બહાર મોટરસાઈકલો રીપેર પણ કરી આપવામાં આવતી હતી. હજી આવા ખુલ્લા બજાર માટે ઋતુ સારી હતી. આ જ કારણે કદાચ, ક્યાંક ફળનો ફાલ સારો ઊતરેલો હતો. લ્હાસાની ફૂટપાથ પર ઢગલેઢગલાં તરબૂચ અને મોસંબી જેવાં ફળ હતાં. એ તો સ્થાનિક પાક હશે, પણ બહાર ક્યાંકથી આવેલાં ને અલબત્ત, ખૂબ મોંઘાં - કેળાં, સફરજન, નાસપતી, જરદાલુ, લીલી તથા કાળી દ્રાક્ષ વગેરે ફળ પણ પ્રચુર પ્રમાણમાં મળતાં હતાં. સાવ અનપેક્ષિત પણ એટલા મોંઘા ભાવે લ્હાસામાં એમને કોણ ને કેટલાં જણ ખરીદતાં હશે?

લ્હાસા શહેરના રસ્તા સરસ પહોળા, સ્વચ્છ અને વૃક્ષાચ્છાદિત છે. ગમે છે એમના પર થઈને જવું. (ક્રમશઃ)

નથી આશા વિના આયુ, નથી ડાળી વિના ફૂલ,
નથી પૃથ્વી વિના પાયો, નથી માતા વિના કુલ.

— ન્હાનાલાલ

નેહરુના શાસનકાળ દરમિયાન એક વાર વિએતનામના નેતા હો-ચી મિન્હ ભારતયાત્રાએ આવ્યા હતા. સાદો પોષાક, સાદી ચંપલ. રાષ્ટ્રપતિ ભવનમાં એમનો ઉતારો. બીજે દિવસે સવારે પંડિત નેહરુને સવારે મળવા જવાનું ગોઠવાયું. સરકારી ગાડી એમને તેડવા આવી ત્યારે તો નેહરુના નિવાસસ્થાને જવા તેઓ ચાલતા નીકળી પડ્યા હતા. તેઓ સરકારી મહેમાન હતા એટલે અધિકારીએ તેમને કહ્યું કે તેમને માટે ગાડીની વ્યવસ્થા કરી હતી. હો-ચી-મિન્હ કહે કે હું સામાન્ય નાગરિક પણ ખરો ને? અમારે ત્યાં તો નેતાઓ આથી પણ વધારે અન્તર ચાલીને જાય છે. રાષ્ટ્રપતિ ભવનથી નેહરુનું નિવાસસ્થાન તો સાવ નજીક કહેવાય. ત્યાં સુધી ચાલતા જવામાં શરમ શાની?

*

ઈ.૧૯૯૫માં દક્ષિણ ધ્રુવની સફરે ગએલા જર્મનીના વિજ્ઞાની પ્રો.હેન્સ જોઆકીમ વેગ્નરે ગાઢ અંધકારમાં ય પોતાનો રસ્તો શોધી શકતી આગિયા જેવી ચમકતી માછલીઓને તરતી જોઈ હતી.

*

અમેરિકાની કોન્ગ્રેસ લાયબ્રેરીમાં ૧ કરોડ ૬૫ લાખથી વધુ પુસ્તકો છે.

*

સમાંતર કહેવત : 'દૂરથી ડુંગર રળિયામણા', 'दूर का ढोल सोहामना', 'Grass is green at the other side of the fence.'



હંસ આકારમાં 'હંસ' શબ્દ (મહેબૂબ એ. સૈયદ)

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यमसमो बन्धुं यं कृत्वा नावसीदति ॥

માણસના શરીરમાં (છુપાઈને) રહેતો મહાન શત્રુ છે આળસ; અને શરીરમાં જ રહેતો ઉત્તમ સ્વજન છે ઉદ્યમ, જે ઉદ્યમને કર્યા કરવાથી માનવ દુઃખી થતો નથી.

ગણિતગમ્મત

૧૨૩૪૫૬૭૯ ની ખૂબીઓ - ૬

આ સંખ્યાના બધા અંકોનો સરવાળો ૩૭ છે અને ખૂબીની વાત એ છે કે આખી સંખ્યા ૩૭ વડે વિભાજ્ય છે!

૧૨૩૪૫૬૭૯ ÷ ૩૭ = ૩૩૩ ૬૬૭

ભાગાકારમાં મળતી સંખ્યા અ-વિભાજ્ય છે. તે સિવાય તેનો કોઈ વિશેષ નથી.

— નૌતમભાઈ વખારિયા

*

પેન્સિલ : લૅટિન ભાષાના 'પેનસિલમ' શબ્દ પરથી આ શબ્દ આવ્યો છે. એનો મૂળ અર્થ થાય છે નાની પૂંછડી. પ્રાચીન યૂરોપમાં પાંખની કલમથી લખવાની સાથે સાથે રંગવાના બ્રશની માફક નાના બ્રશથી પણ લખવામાં આવતું હતું. એ દેખાવમાં નાની પૂંછડી જેવું લાગતું હતું. એટલે એને 'પેનસિલમ' અર્થાત્ નાની પૂંછડી નામ અપાતું. પાછળથી 'પેન્સિલ' શબ્દ એને માટે વપરાતો થયો.

*

ગરમ પાણીની કોથળીમાં ચપટી મીઠું નાખી ગરમ પાણી ભરવાથી તે વધુ સમય સુધી ગરમ રહેશે.

*

શરીરના કોઈ અંગે મચકોડ આવ્યો હોય તો અશેળિયાને પાણીમાં પલાળી મચકોડ પર તેનો લેપ કરવાથી કળતર અને સોજો મટે છે.



અમારા પક્ષની મીટિંગમાં અમે ફક્ત રૂના ગાદી-તકિયાથી જ લડવાની છૂટ આપી છે. અમારો પક્ષ મૂળે અહિંસાને વરેલો છે... એટલે જ!!!

*

કારકુન : 'સાહેબ! હમણાં જ મારાં લગ્ન થયાં છે. હવે અમે ખાવાવાળાં બે થયાં.'

શેઠ : 'તેથી શું?'

કારકુન : 'મારી આપને વિનંતી છે કે આ સંજોગો ધ્યાનમાં લઈને મારો પગાર વધારી આપો.'

શેઠ : 'માફ કરજો; પણ ઓફિસની બહાર બનેલી કોઈ પણ દુર્ઘટના માટે ઑફિસ જવાબદાર નહિ રહે એ મેં તમને પહેલાં જ કહ્યું હતું.'

*

કલાકણિકા: ચીનમાં ઈ.સ.પૂ.૪૭૫-૨૨૧ના ગાળા દરમિયાન કાંસાના પીપ પર ડ્રેગનના ઝુંડની કંડારાયેલી આ આકૃતિ ચીની કલાકારની ઝીણી કસબ-કારીગરી દર્શાવે છે.

